गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૧૧૩૪૮ वर्गीक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

# ખબરદાર ખૂની.

એક રસીક ડીટેકટીવ નવલ કથા.

લેખકઃ—

રા૦ સાકી.

( સર્વાધિકાર પ્રકાશકને સ્વાધીન )

સંવત ૧૯૮૦. ] [ સને ૧૯૨૪.

આવૃતી ૧લી. ] મૂલ્ય રૂા. ૧ા. [ પ્રત ૧૦૦૦.

છાપનારઃ—મગનલાલ જગજીવનદાસ, ( ૨૨૯×૮૦. )
શ્રી 'સરસ્વતી' છાપખાનું, ૩૫૬, નાગદેવી રસ્તો, મુંબઈ, ૩.

પ્રકાશકઃ—વીઠ્ઠલદાસ હરજીવનદાસ બુકસેલર,
જકરીયા મસીદ, મુંબઈ, ૩.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
કૉપીરાઈટ-સંગ્રહ
૧૧૩૧૮

# પ્રકાશકના બે બોલ.

અમારા માનવંતા ગ્રાહકોની સેવામાં અમે અનેકવાર ડીટેક્ટીવ નવલ કથાઓ આપતા રહ્યા છીએ. અત્યાર આગમચ જાણીતા લેખકોની કલમથી લખાએલી અનેક ડીટેકટીવ નવલકથાઓ વાંચકો વાંચી પણ ચુકયા હશે. અને આજે ફરી અમે તેવીજ એક ડીટેકટીવ વાર્તા અમારા વાંચકો સમક્ષ રજુ કરીએ છીએ. વાંચકોને ડીટેકટીવ નોવેલો વધુ પ્રિય હોવાથી આ વેળાએ **રા. સાકીની** કલમથી લખાએલી આ **ખબરદાર ખુની** નામની વાર્તા વાંચકોની સેવામાં હાજર કરીએ છીએ. અમારી આ વાર્તા પ્રત્યે પસંદગી ઉતરી છે, અને આશા રાખીએ છીએ કે વાંચકોને પણ અમારી પસંદગી રૂચશે.

લી૦

**વીઠ્ઠલદાસ હરજીવનદાસ,**

ચોપડી વેચનાર તથા પ્રગટ કરનાર,

જકરીઆ મસીદ, મુંબઈ, ૩.

———:o:———

# પ્રસ્તાવના.

સૌથી પહેલાં મારે તે પરમ કૃપાળુ પરમાત્માનો આભાર માનવો જોઇએ, કે જેણે મને મારા દેશી ભાઇઓની સેવા બજાવવાની શક્તિ આપી અને તે જગતના પાલનહારની આપેલી શક્તિ થકી હું બહાર આવવા પામ્યો.

આ વાર્તા જે હું આજે વાંચકોની સેવામાં રજુ કરૂં છું, તે સૌથી પહેલાં 'આલમ અફ્રોઝ' પ્રેસમાં આપવામાં આવી. અને પચાસ પૃષ્ઠ છપાયા પછી મારે તે ન છુટકે 'સરસ્વતી' પ્રેસમાં આપવી પડી. અને તેનું મુળ કારણ વાંચકો એકથી પચાસ પૃષ્ઠ વાંચ્યા પછી સમજી શકશે. વળી મારી અનેક રોકાણોને લીધે અને 'આલમ અફ્રોઝ' પ્રેસમાં પ્રુફ્રીડીંગનો બરાબર બંદોબસ્ત ન હોવાને કારણે આ વાર્તામાં અનેક ભુલો રહી જવા પામી છે, જે માટે વાંચક બંધુઓ ક્ષમા કરશે એવી આશા રાખું છું.

"સાકી."

# અર્પણ પત્રિકા.

મી૦ અબ્દુલરહેમાન હાજી મહમદ અબ્બા.

વ્હાલા મિત્ર,

આપ સાથેની મારી ટુંક ઓળખાણ છતાં,
આપનો સાહિત્ય પ્રત્યે પ્રેમ, માયાળુ
સ્વભાવ અને ઉદાર વૃત્તી જોઇ
હું આ પુસ્તક આપને
ખરા અંતઃકરણ-
પૂર્વક અર્પણ
કરૂંછું.

આપનો,
સાકી.

—:૦:—

# ખબરદાર બનો.

## એક રસીક ડીટેકટીવ નવલકથા.

### પ્રકરણ પહેલું

### આશ્ચર્ય.

રાત્રીના ત્રણ વાગ્યાનો સમય હતો. ચોમેર અંધકાર વ્યાપી રહયું હતું. ચંદ્રમા પોતાના તેજસ્વી કીરણો થકી જગતને ઠંડક આપવા પધાર્યા ન્હોતા, છતાંએ નભ ઉપર ચળકતા સુશોભીત તારાઓ પૃથ્વી પર થોડો ઘણો પ્રકાશ પાથરી રહયા હતા. સડક ઉપર બળતાં મ્યુનીસીપાલ ફાનસોનો પ્રકાશ પણ રાહદારીઓને ચાલવામાં મદદ પહોંચાડી રહયું હતું. લખનવ શહેરની ધમચકરી અને ઘોંઘાટ રાત્રી અને દિવસ ચાલુ રહયા કરતો, ત્યારે અત્યારે પણ સડક ઉપરથી થોડી ઘણી વારે એકાદ માણસ પસાર થતું નજરે પડતું. છતાં પણ ગલીગુચીમાં તો અત્યારે જોઇએ તેટલી શાંતીજ જણાતી હતી પોલીસના માણસો, તપાસાર્થે જાગતા, અને "હુશીયાર રહો ખબરદાર રહો"

ના ઝુમ ખરાડા મારતા દૃષ્ટિગોચર થતા હતા. શીતળ વાયુની લેહરમાં સીપાહીઓના નેત્રો વારે ઘડીએ બંધ થઇ જતા, છતાંએ પેટનું ભુખ રૂપી દોજખ ભરવા કાજે ગરીબ સીપાહીઓને બાળાત્કારે જાગવું પડતું હતું. પણ અત્યારે તો સીપાહીઓ કોઇ ટુકડીવાળાની આવવાની બીકે આવતી નીંદ્રાની પરવા ન કરતાં હુશીઆર ઊભેલા નજરે પડતા હતા.

થોડીજ વારમાં એક ઘોડેસ્વાર પોતાના ચપળ પશુને ચારે પગે દોડાવતો આગળ અને આગળ આવતો દેખાયો. એક જગ્યાએ પોતાના ઘોડાને ઉભો રાખી તેણે સીપટી ફોડી, જેના જવાબમાં પહેરા પર ઉભેલા સીપાહીએ પણ સીપટી ફોડી ઉત્તર વાળ્યો. સ્વારને ખાત્રી થતાં તે પાછો આગળ વધવા લાગ્યો.

તે થોડેજ દુર ગયો હશે કે તેનો ઘોડો એકાએક ઝબકી ઉભો રહી ગયો. ઘણાએ પ્રયત્નો કર્યાં છતાંએ જ્યારે ઘોડો આગળ ન વધ્યો, ત્યારે તેણે કંટાળી ચોમેર દૃષ્ટિ ફેંકી. જે જગ્યાએ તે ઉભો હતો. તે જગ્યાથી થોડેજ દુર એક બાગીચો આવેલો હતો, જે કયસર બાગના નામે ઓળખાતો હતો. ઉપરોકત બગીચામાં આવેલા એક વૃક્ષ તળે સ્વારની નજર પડતાં; તેને ત્યાં એકાદ વસ્તુ પડેલી જણાઈ.

ઘોડે સવારની તે પર નજર પડતાં તે જરા ગભરાયો, પણ તેણે હિમત એકઠી કરી જોરમાં પુંછ્યું, "કોણ છે ત્યાં?" જ્યારે તેના પુછાયલા સવાલનો જવાબ ન મળ્યો, ત્યારે તો તે ઘણોજ

ગભરાયો, અને તરતજ સીપટી ફોડી પોતાની મદદે માણસો બોલાવ્યા,

સીપાહીઓ આવી પહોંચતા તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો, અને જ્યાં પેલી કાળી વસ્તુ દેખાતી હતી ત્યાં હાથથી ઇશારો કરતાં તેણે પાસે ઉભેલા સીપાહીઓને કહ્યું! "જુઓ, જુઓ, સા સા સા.........મે કોણ છે ?"

પોતાના અફસરને ગભરાટમાં ધ્રુજતો જોઇ એક સીપાહીએ કહ્યું. "કયાં આગળ નામદાર? તમે મને શું દેખાડો છો?

એક વખત ફરી તે પ્રત્યે ઇશારો કરતાં પેલા અફસરે કહ્યું, ત્યાં ત્યાં, જુઓ પેલું શું દેખાય છે?"

હવે સીપાહીઓની દૃષ્ટી પણ પેલી સામે દેખાતી વસ્તુ પર પડી અને તેઓએ સામે વૃક્ષ નીચે એક માણસને હાથમાં બંદુક લઈ ઉભેલો જોયો.

પેલા ભેદી માણસને જોતાં બીચારા સીપાહીઓ પણ ધ્રુજવા લાગ્યા, અને પોતાની જાન પેલો સામે હાથમાં બંદુક લઇ ઉભેલો માણસ લેશે, એમ ધારી જ્યાં ફાવ્યું ત્યાં દોડવા લાગ્યા.

દોડતાં દોડતાં એક સીપાહીને વિચાર થયો કે, "અમે સીપાહી છીએ, અને હીચકારા બાયલાઓ માફક પીઠ દેખાડી નાસવું એ અમને ન છાજે. એમ ધારી સીપાહી પાછો ફર્યો અને પેલા હાથમાં બંદુક લઇ ઉભેલા માણસ આગળ આવ્યો. ત્યાં આવતાંજ તેણે પોતાના હાથમાં પકડેલી લાકડી પેલા માણસની બંદુક ઊપર જોરથી મારી. બંદુક ઊપર લાકડી

નો પ્રહાર થતાંજ તે જમીન પર પડી, અને બંદુક હાથમાં લઈ ઊભેલો માણસ પણ ભુમીને ભેટવા ગબડતો નીચે પડયો.

નાસેલા સીપાહીઓને તરતજ બોલાવવામાં આવ્યા. તેઓ આવી લાગતાંજ પાછો ભાગનાર બહાદુર અફસર પોતાની છાતીને એક ફુટ બાહાર કાઢી આગળ ચાલવા લાગ્યો.

જમીન ઊપર પડેલો માણુસ, અને તેની પાસે ઊભેલા સીપાહીને પેલા આવનાર સીપાહીઓએ ચારે તરફથી ઘેરી લીધો.

પાસે આવતાં એકે, કહયું, એ, લુચ્ચા તું છે કોણ?

એકને બોલતો જોઈ બીજા એકે પણ ટાપસી પુરી કહયું, મારૂં જો ચાલતું હોત તો હું આ હરામખોરને જીવતોજ જમીનમાં દટાવી ઊપરથી માટી પુરત. લુચ્ચો અમારી જાન લેવા બેઠેલો હતો?!

સીપાહીઓને બડબડતાં જોઇ પેલા અફસરે જોરથી બુમ મારી કહયું. હવે દુરથીજ ડંફાસ મારશો કે આ હરામખોરને કેદ કરશો? ચાલો આગળ વધો, પકડીને બેડી હાથે ઠોકો, અને ચોકી ઊપર લઈ ચાલો.

અફસરની આજ્ઞા મળતાંજ પેલા સીપાહીઓ આગળ વધ્યા. કોઇએ તો તેના પગે ધર્યાં, તો કોઇએ હાથ, અને કોઇએ ગરદન. પણ તરતજ તેઓ પેલા માણુસને જેને તેઓ હમણાજ પકડવા આગળ વધ્યા હતા, તેને ત્યાંજ છોડી ગભરાંતાં અકળાતાં અફસર પાસે પાછા આવી ઊભાં.

સીપાહીઓને પોતાના કેદીને પકડયાં છતાં છોડી દઇ પાછા આવતાં જોઈ અફસરે ગુસ્સામાં કહ્યું, કેમ, તમને શું થયું છે? એક માણસને પણ કેદ કરવાની તાકાત નથી રાખતા.?

સરકાર એક માણસ નહી પણ દશ હોય તો પણ અમે કેદ કરીએ પણ આ તો મડદું છે. કોઇની લાશ છે, પેલા સીપાહીઓએ ધભરાતા કહ્યું.

સીપાહીઓના ઉચ્ચારેલાં વાકયો સાંભળી અફસરે પુછયું, શું તે મડદું છે?

નામદાર મડદું નથી તો બીજું શું છે? આપ મહાશય પોતેજ આગળ વધીને જોઇ શકશો. સીપાહીઓએ ઉત્તર વાળ્યો.

અફસર આગળ વધી પેલી લાશ પાસે ગયો, જ્યારે તેને ખાત્રી થઇ કે ખરેખર તે મડદુંજ છે, ત્યારે તે મનમાં લજાયો. અને વિચારવા લાગ્યો. કે "અરે, હું એવો હીચકારો થયો કે એક મડદાંથી ડરી ગયો? હેફ હોજો મારી મર્દાઇ ઉપર એક લાશ આગળ હું ધ્રુજવા લાગ્યો?"

એટલું વિચારી તે થોડીવાર સુધી ગુપચુપ ઉભો રહયો. પછી તેણે પાસે ઉભેલા એક સીપાહીને ચોકી ઉપર જઈ સુપ્રીન્ટંડંટ પોલીસને બોલાવી લાવવાનો હુકમ કર્યો.

થોડીજ વારમાં પેલો ચોકી ઉપર ગએલો સીપાહી બે ચાર ઇન્સપેકટરો અને સુપ્રીન્ટંડંટ સાહેબ સાથે હાજર થયો.

ત્યાં આવતાં સુપ્રીન્ટંડંટ પેલી લાશને તપાસવા લાગ્યો. બંદુકની

ત્રણ ગોળીઓના ઘા પેલી લાશને કરવામાં આવ્યા હતા. એક ગોળી ગળામાં લાગી હતી, બીજી ગોળી પેટમાં, અને ત્રીજી ગોળી ઝાંઘમા મારવામાં આવી હતી. આટલા ઝખમો થયા છતાં પણ જમીન ઉપર એક લોહીનું ટીપું પડેલું દેખાતું ન હતું. વધુ તપાસ કરતાં વૃક્ષના થડમાંથી એક ગોળી પણ મળી આવી.

તપાસ કરી લીધા પછી સુપ્રીન્ટેંડંટ પેલા અફસર આગળ આવ્યો અને પુછવા લાગ્યો, આ લાશને તમે કેવી હાલતમાં અને કેટલે વાગે જોઇ હતી.?

મહાશય, હું બરાબર ત્રણ વાગે તપાસાર્થે નીકળેલો અહીંઆ આવી પહોંચ્યો હતો. અહીંથી આગળ વધતાં મને આ વૃક્ષ આગળ કોઇ કાળી ચીજ દેખાઇ પાસે જતાં મને જણાયું કે કોઇ માણસ હાથમાં બંદુક લઇ ઉભો છે. તરતજ હું થોડાક સીપાહીઓને મદદ માટે બોલાવી આ લાશ પાસે આવ્યો. હું અને સઘળા સીપાહી ઓ આ લાશ ને જીવતો માણસ સમજતા હતા, તેથી તેને કેદ કરવા તેના અંગ ઉપર તુટીપડયા તેના હાથ ઉપર એક લાકડી મારતાં તેણે બંદુક છોડી દીધી અને પોતે પણ જમીન ઉપર ઉંધો પડયો. સઘળા સીપાહીઓ તેને કેદ કરવા આગળ વધ્યા. જ્યારે અમે તેને પકડી ઉભો કરવા ગયા ત્યારે અમને જણાયું કે તે જીવતો માણસ નહી પણ મડદું છે. તરતજ આપને માણસ મોકલી અહીં બોલાવ્યો, ત્યાર બાદ તો આપ સરકાર પોતેજ હાજર છો.

બધી હકીકત સાંભળી લીધા પછી સુપ્રીન્ટંડટે કહયું આ વૃક્ષના

થડમાંથી ગોળી મળી આવી છે, તેથી એમ સાબીત થાય છે, કે, આ માણસ આ જગ્યા એજ મારી નાખવામાં આવ્યો છે.

સાહેબ, હું તો એમ ધારૂં છું કે આ લાશને અહીં ઉભો કરવાનું કારણ ફકત પોલીસને આડે માર્ગે દોરવાનું છે. અફસરે પોતાના વિચારો દર્શાવતાં કહયું, અફસર નાં વિચારો સાંભળી લીધા પછી સુપ્રીન્ટંડંટે કહ્યું, સાચું કહો છો. નહીં તો આ જગ્યા આગળ લોહી જરૂરજ નજરે પડત. ઠીક, હવે આ લાશને એક વખત પાછી તપાસીએ કદાચ કોઇ નવીનતા મળી આવે કે જેથી ખુનીને આપણે પકડી શકીએ.

તરતજ લાશને તપાસવામાં આવી અને તેના કોટના ખીસામાં થી સો સોની ત્રણનોટો, અને દસ દસની સાત નોટો મળી આવી હતી. બીજા ખીસામાં થોડાક વીઝીટીંગ કાર્ડો હતા. જાકીટના ખીસામાંથી સોનાનો ઘડીયાલ છેડો અને થોડાક છુટા પૈસા મળી આવ્યા હતા. ખમીસના બટનો પણ સોનાના હતા. ડાબા હાથ ની આંગળીમાં એક હીરા જડીત મુદ્રીકા પણ ચળકાટ મારતી હતી કોટ તપાસતાં તેના કાલર ઉપરથી મેસર્સ ટેલર એન્ડ કું૦ ના નામની પટ્ટી સીવેલી હતી. જેથી સાબીત થતું હતું કે મરનારે આ કોટ ઉપરની કંપનીમાંથી સીવડાવ્યું હતું.

લાશની પુરતી તપાસ કર્યા પછી સુપ્રીન્ટંડંટે મત આપતાં કહયું, આ મણસનું ખુન કોઇ ખાસ મતલબથી કરવામાં આવ્યું છે. જો ખુનીની મતલબ ચોરી કરવાની હોતતો નજરે પડતી આ ચીજો અત્યારે આપણે મેળવી ન શકત.

સાહેબનું કહેવું ખરૂં છે. જો ખુનીની મતલબ રૂપીઆ મેળવવાનીજ હોત તો તે જરૂર આ વસ્તુઓ ઉપાડી જાત. અફસરે સુપ્રીન્ટંડંટના મતને ટેકો આપતાં કહ્યું.

બનવાજોગ છે કે કદાચ ખુનીને માલ લઇ જવાનો સમય ન મળ્યો હોય. સુપ્રીન્ટંડટે શંકા દર્શાવી.

એટલી બાબદતો સાબીત થઇ ચુકીછે, કે આ પુરૂષને આ જગ્યાએ ન મારતાં કોઇ બીજી જગ્યા એજ મારી નાખવામાં આવ્યો છે. અને તે જગ્યા પરથી આ લાશ અહીંયા લાવવામાં આવી છે. ત્યારે ત્યાંથી અહીયાં લાવવા માટે ખુનીને વખત મળ્યો, અને આ લાશના અંગ ઉપર થી દાગીના અને રૂપીયા લઇ લેવાનો વખત નમળ્યો હોય? સુપ્રીન્ટંડટ ની શંકાને દુર કરતાં અફસરે કહ્યું.

તમારૂં કહેવું વ્યાજબી છે. ચાલો હવે સવાર પણ થઇ ચુકી છે માટે થોડાક આ મોહોલ્લામાં રહેનારા ઓને બોલાવો એટલે થોડીક વધુ તપાસ કરી લઇએ.

મોહલ્લા વાળાઓને પુછતાં તેઓ જણાવ્યું કે રાત્રે આઠ વાગે ત્રણ ગોળીઓ છુટવાના અવાજો સાંભળ્યા હતા, પણ અમે તેને સાધારણ અવાજો સમજી કાંઇ ધ્યાન ન આપ્યું. એથી વધુ અમે કાંઇ પણ જાણતા નથી.

મોહોલ્લા વાળા ઓના વિચારો સાંભળી લીધા પછી સુપ્રીન્ટંડટે કહ્યું, ત્યારે ખુન રાત્રે આઠ વાગે આ ઠેકાણેજ કરવામાં આવ્યું છે.

સાહેબ ખુન કયાં કરવામાં આવ્યું, તે અમો કેમ જાણી શકીએ? એક માણસે કહયું.

ત્રણ અવાજો સાંભળ્યા પછી બીજા કોઇ પણ જાતના અવાજો તમે સાંભળ્યા છે? સુપ્રીન્ટંડંટે સવાલ પૂછ્યો.

નહીં સાહેબ ત્યાર બાદ અમે કાંઇપણ જાણતા નથી. મોહોલા વાળાઓ એ ખાત્રી આપતાં કહયું.

ઠીક, હવે તમે તમારે રહેઠાણે જાઓ. જ્યારે જરૂર પડશે ત્યારે તમને બોલાવીશ.

સુપ્રીન્ટંડંટની આજ્ઞા મળતાં મોહોલા વાળાઓ તેમજ અન્ય માણસો વીખેરાઇ ગયાં. જે બાદ લાશને જુરી હાઉસમાં મોકલી દેવામાં આવી અને સુપ્રીન્ટડંટ પણ જુરી હાઉસ ભણી ચાલતો થયો.


# ફુલાતુન.

આ ચમત્કારીક તેલ કાનમાં બબ્બે ટીપાં સવાર સાંજ રેડવાથી કાનનાં દરદો જેવાં કે કાનની છારી, કાનમાંથી નીકળતું પરૂ, કાનમાં થઈ આવતા ચરકા, ઝણઝણાટ વીગેરે દરદો એકજ દીવસમાં દુર કરે છે

**તેલનો ચાલુ ઉપયોગ કરતા રહેવાથી**

**કાનનું બહેરપણુ દુર થાય છે**

કીં તોલા ૦ાા ના આના આઠ. તોલા ૧ નો રૂ. ૧.

**સુલેમાન અહમદ સોદાગર,**

ચુનાભઠ્ઠી, બીમડીવાળાનો માળો. મુંબઇ ૩

# પ્રકરણ બીજું

—:0:—

## ખુન અને તેની તપાસ.

ભારત વર્ષમાં શું પણ ઇંગ્લાંડ અને અમેરીકા જેવા સુધરેલા દેશોમા એવા રહસ્યમય ખુનો અને રહસ્યમય દરેક ઘટનાની એકજ શખ્સને જો જાણ થાય તો ક્ષણ વારમાં આખા શહેરમાં તે રહસ્યમય ઘટનાની ચર્ચા થવા લાગે છે. ખાસ કરીને વર્તમાન પત્રના ખબરપત્રીઓ એ વીષયમાં આગળ પડતો ભાગ લઇ એકજ દીવસમાં કરોડોના મુખે તે ચર્ચા કરાવી આપે છે. વીદેશના ખુનો જો કે ક્રરપીણ અને અસહ્ય કષ્ટમય વધારે સંખ્યામાં હોય છે, પણ તે ખુન ભલે એક ઉમરાવનું હોય કે ગરીબનું, તોએ તે પ્રત્યે હજારો મનુષ્યો લક્ષ આપે છે, તેના કારણો શોધે છે. રહસ્ય શોધવામાં અસંખ્ય રૂપીઆ વાપરી નાખે છે, અને તેને પોતા માટે જ્ઞાનની ખીલવણીનો માર્ગ સમજે છે. ખરેખર આવા ખુનોમાંથી અતિશ્ય જાણુવાજોગ બિનાઓ મળી આવે છે. અને તેમાં કેટલીક તો બોધદાયક અને સાવચેત કરનારી હોય છે. તેથીજ તેઓ તે પ્રત્યે લક્ષ આપતા રહે છે. પણ ભારત વર્ષ એ પ્રત્યે જ્ઞાનની કે બોધની દ્રષ્ટીએ ન જોતાં તેવી વાતોમાં મીઠું મરચું ભેળી પ્રજા સમક્ષ મુકે છે. પોતાના કલ્પીત પાયા વગરના અનુમાનો અને અભિપ્રાયો મેળવીને વાત કરે છે. તેથી ખરી બીના અંધકારમાં રહેતાં ભલતી

૧૧૩૧૮



વાતો થવા લાગે છે. મુંબઇની કોર્ટમાં ચાલતા કેસો સમયે પણ એવા પ્રદર્શનો થતાજ રહે છે. તેજ પ્રમાણે આજે લખનવ શહેરમાં દરેક મોઢે ખુનની વાતો થતી જોવામાં આવે છે. અને તેમાં ગપગોળાનો તો પારજ નથી રહેતો. વર્તમાન પત્રના ભમતા ભુતો પણ આ કેસનો લંબાણ અહેવાલ રસમય શબ્દોમાં ગોઠવી પોતાના ઘરાકો સામે દોડડાહયા થતા હતા. તે વર્તમાનત્રોમાંના એકમાંથી નિચેનો ઉતારો અમે અક્ષરશઃ લઇએ છીએ:—

## લખનવમાં ભયંકર ખુન.

———:O:———

### કયસર બાગમાં મળેલી લાશ.

### ત્રણ ગોળીબાર.

ગઇ કાલે રાતના કયસર બાગ પાસેથી એક લાશ ભીંતથી ટેકો લગાડેલી મળી આવી હતી. તેની વિગત એવી છે કે ટુકડીવાળો ફરતો ફરતો ત્રણ વાગે મજકુર સ્થળે જઇ પહોંચ્યો, ત્યારે એક માણસ ભીંતથી ટેકો લગાડી હાથમાં બંદુક લઇ બેઠો હતો. સિપાહીએ તરતજ તેના ઉપર હુમ્લો કર્યો, ત્યારે તેને જણાયું કે તે જીવતો માણસ નથી, પણ મરણ પામેલી લાશ છે. તરતજ તે બિનાની ખબર પોલીસ ચોકી ઉપર મોકલવામાં આવી. સવારના વખતસર સુપ્રીન્ટેંડંટ

અને સબ ઇન્સપેકટર આવી પહોંચ્યા. મરનારના શરીર પરથી કેટલીક વસ્તુઓ અને રૂપીઆની નોટો મળી આવી હતી, જેથી એમ માનવામાં આવ્યું કે ખુનીને રૂપિઆની લાલચ ન્હોતી. મહોલ્લાના રહેવાસીઓ જણાવે છે કે રાતના આઠ અને નવની વચ્ચમા ત્રણ અવાજે ગોળીબારના સંભળાયા હતા. ત્યારે લાશને ઝખ્મ પણ ત્રણજ લાગ્યા છે, એથી સ્પષ્ટ એમ જણાય છે કે ખુન એજ સ્થળે કરવામાં આવ્યું હતું. પણ આશ્ચર્યની વાત તો એ છે કે ત્યાં એકે ટીપું લોહીનું પડેલુ જણાતું નથી. ગઇ કાલેજ બધી ચોકીઓ ઉપરના સીપાહીઓને સુપરીન્ટેંડંટ સાહેબે બોલાવી મજકુર લાશ દેખાડી. પણ કોઇ તેને ઓળખી શકયો નહિં. કેસ અતિષ્ય ગુંચવાડા ભર્યો છે. છતાંએ અમો આશા રાખીએ છીએ કે પોલીસ જલદી આ કેસનો અંત લાવશે. તેમ ખુનીને શોધી તેને તેના ભયકની સજાએ પહોચાડશે. કારણ કે એવા એક બદમાશ તેમ ચપળ અને ચાલાક ખુનીએ ખુન કરી ન્હાસી છુટવું, તે પ્રજા માટે ખરેખર ભયભરેલું ગણાય.

પ્રજાને જે આશા હતી તેમજ સીપાહીઓએ અતિશય ખંત અને ઉત્સાહપુર્વક હીંમ્મતથી ખુનીની તપાસ કરવી શરૂ કરી. ઇન્સપેકટર અબ્દુલ હમીદખાન અને છુપી પોલીસના સબ ઇન્સપેકર શેખ કરામત હુસેનને આ કેસનો "ગુંચવાડો ઉકેલવા" ખાસ રોકવામાં આવ્યા. ઓફીસરોએ તપાસ શરૂ કરી દીધી, અને જ્યાંથી લાશ મળી આવી

હતી તે જગ્યા તપાસી કેટલીક નોંધો કરી, મેસર્સ ટેલર એંડ કંપનીમાં જઇ પહોંચ્યા. અને મરનારનો કોટ કુંપનીના માલીકને દેખાડી તેઓ સવાલો કરવા લાગ્યા.

શું આપ એ બતાવી શકો છે કે આ કોટ તમારી કંપનીમાં તૈયાર થયો છે કે નહીં? અબ્દુલ હમીદખાને સવાલ કર્યો.

જે કંઇ આપ પુછશો તેનો જવાબ આપવા હું ખુશી છું આ કોટ મરીજ કંપનીમાં તૈયાર થયો છે. હું આ કોટને સારી રીતે ઓળખી શકું છું. એના કાલર ઉપર અમારી કંપનીનું નામ પણ હશે. કંપનીના માલીકે ઉત્તર વાળ્યો.

આ કોટ કયા માણસે તૈયાર કરાવ્યો હતો?

મારી દુકાનમાં જે કામ થાય છે તેની નોંધ નીયમસર મારા ચોપડામાં રહે છે. હું હમણાજ ચોપડી જોઇ આપને કહીશ.

અલ્પ સમયમાં દુકાનનો માલીક ચોપડી લઇ આવ્યો અને નામનો ખાતો ઉઘાડી જણાયું કે આ કોટ સીવડાવનારનું નામ ઇકબાલ હુસેન છે."

"કોટ કયારે તઇયાર થયો.?

"આજે છટ્ટો દિવસ છે કે ઇકબાલ હુસેન મારી દુકાને આવ્યો હતો. અને મને એક કોટ સિવી આપવા તેણે કહયું હતું. પણ કોટ જલ્દી તૈયાર કરી આપવા કહયું હતું. ત્યારે મેં તેને કહયું કે જયારે તમને તૈયાર જોઇશે ત્યારે હું તમને તૈયાર કરી આપીશ. તેણે

કાપડ પસંદ કર્યું, અને બે દિવસ પછી કોટ લઇ જવા કહ્યું. તે મુજબ તે બે દિવસ પછી આવ્યો અને કોટ લઇ ગયો. પણ જતી વખતે તે પોતાના હાથની નેતર અહિં ભુલી ગયો."

"એથી એમ જણાય છે કે જ્યારે તમારે ત્યાંથી તે કોટ લઇ ગયો તેજ દિવસે તેનું ખુન થયું છે. પણ આપને યાદ છે કે તે અહિં કયા વખતે આવ્યો હતો?

"સાંજના પાંચ વાગે?

અને અહિંથી કયારે ગયો?

"પાંચ ને પંદર મીનીટે."

આપ શું એમ બતાવી શકો છો કે તે અહિંથી કઇ બાજુએ ગયો?"

"આ સવાલનો જવાબ આપને ઇકબાલ હુસેનને જે ટાંગાવાળો અહિં લાવ્યો હતો તે બરાબર આપી શકશે."

"પણ ટાંગાવાળાનો પત્તો કયાં?"

"હું તેને સારી રીતે ઓળખું છું અને તે અહિંથી નજીકમાંજ રહે છે? જો આપ કહો તો હું તેને તેડવું."

"ત્યારે તો બહુ મહેરબાની."

કંપનીના માલીકે તરતજ એક માણસને ટાંગાવાળાના ઘર પર મોકલ્યો પણ તે નહિ મળ્યો. માણસે આવીને ખબર આપી કે હમણાં ટાંગાવાળો ઘરમાં નથી.

ઠીક, કંઇ પરવાહ નહિ. અમે તેને ચોકી ઉપર બોલાવી પુછીશું.

આપે અમને જે જે બાતમીઓ આપી અમારા કાર્યમાં મદદ કરી તે માટે તમારો ખરા અંતકરણે આભાર માનીએ છીએ, અને હવે પછી જો અમને આપથી કંઇ કામ પડશે તો પુનઃ અમે આપને તસ્દી દેવા આવીશું." અબ્દુલહમીદખાને કહયું.

"હું આપને દરેક પ્રકારે સર્વદા મદદ કરવાને તૈયાર છું. હું જે કંઇ જાણું છું તે મેં આપને કહયું હવે પછી પણ તેવીજ રીતે તૈયાર રહીશ. આ સેવા હું પોલીસ કરતાં વધારે પ્રજાની કરૂં છું એમ હું માનું છું. પ્રજાની સેવા કરવાને હું કદી પાછો હઠીશ નહિ. ઇશ્વર કરે ને ખુની જલ્દી પકડાય અને પોતાના કરતુકોની સજાએ પહોંચે."

ઇશ્વર કરશે તો જરૂર એમજ થશે. ઠીક, હવે અમો આપની રજા લઇએ છીએ. આપ જરા ટાંગાવાળાને કહી મોકલશો કે આવતી કાલે બરાબર સાત વાગે ચોકી ઉપર હાજર થાય. અમને આશા છે કે તે અમને વધુ ઉપયોગી નીવડશે."

એટલું કહી તે બંન્ને અમલદારો તે નેતર જે ઇકબાલ હુસેન ભુલી ગયો હતો તેને પોતાના સ્વાધિનમાં લઇ ચાલતા થઇ ગયા.

ચોકી ઉપર પહોંચતાં બેઉ અમલદારોમાં નીચે પ્રમાણે વાતચીત થવા લાગી.

"હવે પરમાત્મા કરશે તો બહુજ જલદી આપણે આપણા પ્રયત્નમાં ફાવીશું. જે માણસનું ખુન થયું તેનું નામ તો આપણે મેળવી લીધું છે. અને ટાંગાવાળાથી આવતી કાલે મુખ્ય બાતમીઓ આપણને મળી જશે. ત્યાર પછી ખુનીને શોધવી કાઢવો એ કંઇ મુશ્કેલી નથી." અબ્દુલ હમીદખાને રસતામાં ચાલતાં ચાલતાં શેખ કરામત હુસેનને કહયું.

"મારા ધારવા પ્રમાણે આ રીતે ખુનીનો પત્તો તુરત મળી શકશે નહિં. જેનું ખુન થયું તેનું નામ આપણે જાણીએ છીએ, તેમ ટાંગાવાળાથી પણ માર્યા ગએલા માણસ વિષે વધુ જાણી શકીશું. પણ ખુનીના ભોગ થએલા માણસને લીધે આપણે ખુનીનો પત્તો મેળવી શકીશું નહિ." શેખ કરામત હુસેને કહ્યું.

"દુકાનના માલીકનું કહેવું છે કે ખુનીનો ભોગ થએલ માણસ સવા પાંચ વાગે કોટ લઇને દુકાનેથી ગયો. તે પછી જરૂર તે પોતાના ઘરે ગયો હશે. અને ત્યાં ન્હાઇ ધોઇ નવા વસ્ત્રો અંગીકાર કર્યા હશે." અબ્દુલ હમીદખાને મધ્યમ સ્વરે હાથ હલાવતાં કહ્યું.

"તો; એ પણ બનવા જોગ છે કે તે પોતાના ઘરે ગયો ન હોય, અને રસ્તામાંજ તેણે કોટ પ્હેરી લીધો હોય. તેમ ઘર પ્હોંચવા અગાઉ તેનુ ખુન થયું હોય." શેખ કરામત હુસેને શંકાશીલ થઇ કહ્યું.

"નહિ! એમ કદી બની શકેજ નહિ. જો એમજ હોત તો તે જે કોટ પહેરી મેસર્સ ટેલરની કંપનીમાં ગયો હતો, તે કોટ આપણને કયસર બાગમાંથી મળી આવતે અબ્દુલ હમીદખાને વાંધો ઉઠાવ્યો.

આપણે જાણી શકયા છીએ કે ખુન કયસર બાગમાં થયું નથી. ત્યારે તે કોટ આપણને કયસર બાગમાંથી કેવી રીતે મળી શકે? તે કોટ તો ત્યાંજ હશે જ્યાં ખુન કરવામા આવ્યું છે."

"હું તમારા મતથી મળતો થતો નથી. આપને યાદ હશે કે માર્યા ગએલા માણસના અંગપરથી જે વસ્ત્રો મળી આવ્યા તે સ્વચ્છ અને નવા હતા. જો કે તેમા કયાંક કયાંક ધુળ લાગેલી હતી. તોએ

સ્પષ્ટ જણાય છે કે તે વસ્ત્રો તદ્દન નવા પહેર્યાં હતા.”

“બનવા જોગ છે કે આપનો વિચાર ખરો હોય કાલે સાત વાગે ટાંગાવાળાથી આપણને વધારે બાતમીઓ મળી જશે. પણ જો કદાચ ખુનીનો ભોગ થએલા મનુષ્યે ઘરે જઇ અને ત્યાં નવા વસ્ત્રો પહેર્યાં હશે તો પછી ખુનીનો પત્તો કેવી રીતે મળી શકશે?”

“જો મરનાર ઘરે ગયો હશે તો આપણે તેનું ઘર ટાંગાવાળા મારફતે મેળવી શકીશું જ્યારે ઘર મળી આવશે ત્યારે આપણે તેના આડોસી પાડોસીથી જાણી શકીશું કે ખુનીનો ભોગ થએલ માણસ કોણ હતો. અને તે કયા પ્રકારનો હતો. તેના સગાવ્હાલાં કોણ છે, અને ત્યાં કોણ આવતું જતું. એવીજ રીતે આપણે ધીમે ધીમે ખુનીનો પત્તો મેળવી શકીશું”

“ઠીક ત્યારે આ બધી વાતો ટાંગાવાળા ઉપર અવલંબી રહે છે. માટે આપણને આવતી કાલે સાત વાગ્યા સુધી તેની વાટ જોવી પડશે.” શેખ કરામત હુસેને કહ્યું.

આ વાત ચીત પછી બેઉ ઓફીસરો એક બીજાથી જુદા પડયા. હવે રાત થવા આવી હતી. તે કારણે કરામત હુસેન પોતાને ઘેર ગયો. ખાઇ પીને નિંદ્રાની આશામાં પલંગપર સુતો. આખા દિવસનો થાકયો પાકયો હતો. છતાંએ નિંદ્રા દેવી કોઇ પ્રકારે પ્રસન્ન થતી નહોતી. ઘડી ઘડી મરનાર મનુષ્યના વિચારો આવતા. તેનો ચહેરો નજરો સામે ફરતો. તે ચાર વર્ષથી પોલીસની નોકરીમાં જોડાયો હતો. અને વિશેષ ખુનના બનાવો તો તેની સામેજ થવા પામ્યા હતા. પણ

આ કેસમાં તો સમજ પડતી નથી. કે શા માટે તેને ખુનીના ભોગ થએલ મનુષ્યનો વિચાર આવ્યા કરતો? મરનાર કોણ છે? શા કારણે માર્યો ગયો? એવા હજારો પ્રકારના વિચારો આવતા અને તેને પજવતા. પણ તે બધા અલ્પકાળી હતા. ત્રણ ચાર કલાક સુધી તે એવીજ રીતે વિચાર કરતો રહયો. છતાંએ કોઇ ચોકકસ નિર્ણય કરી ન શકયો. છેવટે પ્રભુ પ્રભુ કરી તેની આંખ લાગી ગઈ અને નિંદ્રાવશ થઇ ગયો. લગભગ છ વાગે ઉઠયો. અને જરૂરી ઇચ્છા તેમજ પ્રવૃત્તિને અટોપી અબ્દુલ હમીદખાન પાસે જઇ પહોંચ્યો. અલ્પ સમય પછી ટાંગાવાળો પણ આવી લાગ્યો. ટાંગાવાળાએ આવતાની સાથ ત્રણ વેંત જેટલું જુકીને સલામ ભરી. અને અદબ વાળીને એક બાજુએ માન ભરી રીતે ઊભો રહયો. અને ધીમેથી બોલ્યો, "સાહેબ! મને શા માટે આપે યાદ કર્યો?"

"તું ટાંગાવાળો છે ને? અબ્દુલ હમીદખાને પુછ્યું.

"જી, હાં, સાહેબ." તેણે જવાબ આપ્યો.

"મને તારાથી કેટલીક બાતમીઓ મેળવવી છે. તેનો ખરેખરો જવાબ આપજે. અને જો જરાએ જુઠ્ઠું બોલ્યો તો યાદ રાખજે કે જેલખાને મોકલી આપીશ."

બિચારો ટાંગાવાળો તો પ્રથમથીજ ગભરાઇ ગયો હતો કે શું આફત આવી જે ચોકી ઉપર તેડાવ્યો. આવા સંજોગમાં ઇન્સપેકટર સાહેબે જેલખાને મોકલી આપવાની વાત કરી તેથી તેનાં ટાંટયા ઢીલાજ થઈ ગયા. ગભરાટનો પાર રહયો નહિં. બીકના માર્યે

ગભરાતાં દફજતે વદને બોલ્યો, "સાહેબ! આપ આ દાસના માલીક છો ને હું તમારો દાસ છું."

"અને હું પણ એમ કહેતો નથી કે તમે ગુનેહગાર છો. હાં. એટલું તો જરૂર કહીશ કે જો જરાએ જુઠું બોલ્યા તો જેલખાને હવા ખાવા મોકલી દઈશ."

"સેવક તો બધું ખરેખરૂંજ કહેશે. પણ માબાપ, જેલખાને મોકલતા નહિં. મારા બાલબચ્ચાં છે. મારા બાપ."

"ત્યારે ઠીક, બતાવ તે માણસને જેને તું મેસર્સ ટેલરની કંપની ઉપર લઇ ગયો હતો, તેને કયાંથી લાવ્યો હતો?

"સાહેબ, હું ત્રણ વાગે સ્ટેશન ઉપર ગયો. પંજાબમેલ તે દીવસે લેટ આવ્યો હતો અને ચાર વાગી ગયા હતા. ત્યારે તે માણસ સ્ટેશનથી બહાર આવ્યો. અને મારો ટાંગો ભાડેથી લીધો. તે પછી તેણે મને અમીનાબાદ ચાલવા કહ્યું."

"તેની પાસે શું શું હતું.?"

"એક સ્ટીલની પેટી, એક લાકડાની પેટી, તે સિવાય નાની નાની કેટલીક ચીજો હતી."

"ઠીક, તમો અમીનાબાદ આવ્યા તે પછી–"

"અમીનાબાદ આવી કેટલીક ચીજો ખરીદ કરી; ત્યાંથી મેસર્સ ટેલરની કંપનીમાં ગયા. અને ત્યાંથી કોટ લઇ ઘરે ગયા."

"અમીનાબાદમાં જઇ કઇ ચીજો ખરીદ કરી?"

"સાહેબ! એક રૂમાલ, એક વીંટી, અને એક નેતર–

"શું તમે હવે તે વસ્તુઓને ઓળખી શકશો ?"

"મહાશય ! જરૂર ઓળખી લઇશ."

અબ્દુલ હમીદખાનને જે વીંટી તે માર્યા ગએલા માણસની આંગળીમાંથી મળી આવી હતી, અને તેની નેતર જે તે મેસર્સ ટેલર કંપનીમાં ભુલી ગયો હતો, તે ટાંગાવાળાને દેખાડી. ટાંગાવાળાએ તે નેતર અને વીંટી જોઇને કહયું "સાહેબ ! આજ નેતર અને વીંટી ત્યાં ખરીદવામાં આવી હતી."

"ઠીક, તે પછી શું થયું ?" ઇન્સપેકટરે ટાંગાવાળાને સવાલ કર્યો.

"કયસર બાગના ઘર પાસે એક માણસ તેના આવવાની વાટ જોતો ઉભો હતો. તેને જોતાંજ તે ટાંગામાંથી ઉતરી પડયો. અને અર્ધા કલાક સુધી અંગ્રેજી ભાષામાં વાતચીત કરતો રહયો જે હું સમજી શકયો નહી તે પછી ફરી ટાંગા ઉપર આવી બેઠો અને મને ચાલવા કહ્યું. પણ થોડે દુર ટાંગો ગયો હશે કે તેણે મને પાછો ત્યાં લઇ જવા કહયું. તે મુજબ હું પુઃન કયસર બાગ પાસે ટાંગો લઇ ગયો જ્યાં તેણે તે માણસને ટાંગામાં બેસાડી લીધો. આ વખતે તેણે મને લાલબાગ લઈ જવાને કહયું. ત્યાં પહોચતાં બન્ને ઉતરી પડયા. અને મને ભાડું આપી એક ઘરમાં ચાલ્યા ગયા."

"શું તમને તે ઘર યાદ છે.?"

"બરાબર યાદ નથી, પણ મારા ધારવા પ્રમાણે હું ત્યાં જઈ ઘર ઓળખી શકીશ"

ઠીક, તો તમે મારી સાથે ત્યાં ચાલો અને ત્યાં ઘર જોઇ

અમને બતાવો."

તરતજ બેઉ પોલીસ અમલદારો તૈયાર થયા. ટાંગાવાળાને સાથે લઇ લાલબાગ જઇ પહોંચ્યા. ત્યાં ટાંગાવાળાએ લાઇનબંધ ઘરોને તીવ્ર દ્રષ્ટિએ નિહાળવા માંડયું. અંતે એક ઘર ઉપર તેને શક ગયો. ત્યાં તે ઉભો રહ્યો અને બારીક વિચાર કરવા લાગ્યો. અંતે એ નિર્ણય તે કરી શક્યો કે આ તેજ ઘર છે. જયાં પંજાબ મેલમાંથી આવેલા ઉતારૂ ઓનેલાવી ઉતાર્યા હતા. પોલીસ ઇન્સ્પેક્ટર તરફ વળીને ટાંગાવાળાએ કહ્યું "સાહેબ આ તેજ ઘર છે,"

"ખાત્રીથી કહો છો કે આ તેજ ઘર છે,?"

"જી હાં સાહેબ! આ તેજ ઘર છે," ટાંગાવાળાએ દ્રઢતા પુર્વક કહ્યું.

ઘર ઉપર તાળું લાગેલું હતું તેથી અબ્દુલ હમીદખાને મહોલ્લાના એક માણસથી પુછ્યું કે આ ઘરમાં કોણ રહે છે? તેણે જવાબ આપ્યો, "તેમાં બનારસનો એક માણસ રહેતો હતો. પણ તે કેટલાક દિવસ થયા પોતાના દેશમાં ગયો છે."

"આ ઘરનો માલીક કોણ છે?" અબ્દુલ હમીદખાને સવાલ કર્યો.

"આ ઘરનો માલીક હું પોતેજ છું."

"આપનો ભાડુત બનારસ ગયો તેને કેટલા દિવસ થયા?"

"બારમી તારીખે તેણે મને કહ્યું કે આજે મારો મિત્ર આવશે તે સાથે બનારસ જઇશ. મારો વિચાર જલ્દી જઇ આવવાનો છે. એથી સામાન મુકી જાઉં છું, તેની જરા સંભાળ રાખજો"

"ઠીક તે અહિંથી કયારે ગયો ?" પોલીસ ઇન્સપેકટરે બીજો સવાલ ઘરના માલીકને કર્યો.

"આ સવાલને જવાબ હું બરાબર આપી શકતો નથી, પણ તેણે મને આ બધી વાતો સાંજના ૨ · ૧ કરી હતી. તે પછી ફરી મને મળ્યો નહિં. સવારના જયારે હું અહિં આવ્યો, ત્યારે દ્વાર ઉપર તાળું મારેલ હતું. તેથી હુ માનુ છુ કે તે રાત્રે અહિં‌થી ગયો હશે." ઘર માલીકે ખુલાસો કર્યો.

"ઠીક, આપે તેના મિત્રને જોયો હતો?" પોલીસ ઇન્સપેકટરે નવો સવાલ પુછયો.

"મેં તેને દીઠો નથી."

"મહેરબાની કરી અમને એનું ઘર જોવા આપો"

"એ કેમ બને. ?"

"તાળું ખોલી નાખો. ?"

"હું !"

"હા, તાળું ખોલી આપો અને અમને તેનું ઘર જોવા આપો."

'હું મારી ચાહું છું. હું આ ઘર ખોલી શકતો નથી. કારણ એમાં મારા ભાડુતનો સામાન પડયો છે. અને જો હું ખોલવા માંગુ તોએ ખોલી શકતો નથી, કારણ કે તાળાની કુંચી મારી પાસે નથી." ઘર માલીકે કહયું.

"તમે મને ઓળખતા હો એમ હુ માનતો નથી. જો ઓળખતા હોત તો જરૂર અમને તાળું ખોલી આપતે. માટે જરા સાંભળો ! હું

છુપી પોલીસનો ઇન્સપેકટર અબ્દુલ હમીદખાન છું અને એવણ શેખ કરામત હુસેન સબ ઇન્સપેકટર છે. સમજયા કે અમે પોલીસના ઉપરી છીએ. કયસર બાગમાં જે ખુન બારમી તારીખે થયું હતું તેની તપાસ કરવા અત્રે અમેઆવ્યા છીએ. અને તેથીજ અમો તેનું ઘર ખોલી સરસામાન જોવા માંગીએ છીંએ." અબ્દુલ હમીદખાન ઇન્સ-પેકટરે જરા કરકશક ભાષામાં ઘરમાલીકને કહયું.

"પણ ખુનથી અને આ ઘરથી શો સંબંધ? આ ઘરને અને ખુનીને શું લાગેવળગે છે ?" ઘરમાલીકે દોઢ ચતુરા થઇ કહયું.

એ તો વખત આવ્યે જણાશે. તેમ હાલ હું એ સંબંધી કશોએ જવાબ આપવા માંગતો નથી. અને હું તમને ચોખ્ખી ચેતવણી આપૂં છું કે વધારે ટકટક કરવાથી તમને આપદા વેઠવી પડશે. મને હમણાજ ઘર તપાસવાનું છે. અને એ કામ સરકારી છે માટે તમારે વચમાં માથું મારવું નહિં. અબ્દુલ હમીદખાન પોલીસ ઈન્સપેકટરે દાટી આપી.

"નહિ ! નહિ ! હું માંથું મારવા ચાહતોજ નથી. પણ મુશ્કેલી તો એ છે કે મારી પાસે ઘરની કુંચી નથી. હવે આપજ કહો હું કેવી રીતે ઘર ઉઘાડી શકું?' નરમ પડતાં ઘરમાલીકે કહયું

"એમ છે તો એક ચાવીનો જુમખો મંગાવી લ્યો. ઇન્સપેકટરે કહયું. તેમાંથી કોઇન કોઇ ચાવી જરૂર લાગી જશે."

"બહુ સારૂં સાહેબ ! હું પોતેજ જઇ ચાવીઓનો જુમખો લઇ આવું છું." એમ કહેતો ઘર માલીક ઝપાટાબંધ ચાલ્યો ગયો

અલ્પ સમયમાં તે એક ચાવીનો જુમખો લઇ અવ્યો. ઇન્સપેકટરે તુરતજ જુમ્ખા હાથ માંથી લઇ એક પછી એક એમ દરેક ચાવીઓ તાળામાં લગાડી જોઇ. પણ એક ચાવી તે તાળામાં લાગુ પડી નહિ. અંતે લાચારીએ તાળો તોડવા લુહાર બોલાવવો પડયો મજકુર તાળો એવો મજબુત પાણીદાર અને સખત હતો કે જે નાના સુના તેમજ જેવા તેવા હથીયારથી તુટી શકેજ નહિ અને તે તાળો મુંબઇના સુપ્રીસીદ્ધ જાણીતા આગેવાન તીજોરીવાળા પારસી ગ્રહસ્થ શ્રીયુત અરદેશર ગોદરેજનો બનાવેલ હતો, જેમણે શ્રી રાષ્ટ્રીય તિલક સ્વરાજય ફંડમાં કરોડો હિંદીઓના પુજ્યા કર્મવીર મહાત્મા ગાંધીજીને રૂપીઆ ત્રણ લાખની બાદશાહી રકમ આપી હતી. લુહાર આવી પહોંચતા પોતાના હથીયરો વડે તાળું તોડવાનું કામ શરૂ કર્યું જે લગભગ એક કલાક પછી બેઉ પોલીસ ઓફીસરો ! મદદથી તૂટવા પામ્યું. તાળું તુટતાંજ પરસેવાથી તરબોળ થએલા બેઉ પોલીસ ઓફીસરો તુરતજ ઘરમાં દાખલ થયા. અંદર ઘુસતાંજ તેઓને આશ્ચર્ય યુક્ત બીહામણો દેખાવ દ્રષ્ટીગેચર થયો. એક ગમ કેટલીક કુરસીઓ ઉંધી પડેલી હતી. બીજી બાજુ બે નાના ટેબલો તુટેલા પડયા હતા બિડકીઓના કાંચના બારણા ભાંગી તૂટી પડયા હતા, ત્યારે કોઈ કોઇ જગ્યાએ લોહીના છાંટા પણ પડયા હતા. અને એક ટેબલ ઉપર પિસ્તોલ પણ રાખેલીહતી, એક ખુણામાં એક પોલાદની પેટી પણ પડી હતી. જેમાં કપડાં ઊંચા ચત્તાં અવ્યવસ્થિત પડયાં હતાં, આ ગંભીર અને આશ્ચર્યયુકત ઘટના પોલીસ ઓફીસરો પોતાની તપાસમાં

જુએ, તેથી એમ માની લેવું કે ખુન તો આહંજ થયું છે; એ કાંઇ વધારે મુશ્કેલ ન ગણાય, તેમ ખુન થયા અગાઉ ખુની અને ખુનીના ભાગ થએલામાં અહિં ધીંગા મસ્તી થઈ હોય એમ પણ માની શકાય. પોલીસ ઈન્સપેક્ટર અબ્દુલ હમીદખાને કેટલીક નોંધો પોતાની નોંધ પોથીમાં કરી લીધી. ત્યાર પછી પોલીસ ચોકી ઉપરથી કેટલાક સિપાઇઓ બોલાવીને પહેરો મુકાવી દીધો. અને ઘર માલિકથી કેટલીક વાતો કર્યા પછી સબ ઇન્સપેક્ટર શેખ કરામત હુસેન સાથે પોલીસ ચોકીઉપર ગયો. અલ્પ સમય પછી ઘરનો માલીક આપ ચોકી ઉપર આવ્યો. ચોકી ઉપર અબ્દુલ હમીદખાન તો પ્રથમથીજ આવી બેઠો હતો. તેને ઘર માલિકે સલામ કરી અને હાથમાં એક પત્ર આપતા બોલ્યો. "આ પત્ર હમણાંજ એક પોસ્ટ માસ્તર આપી ગયો છે"

"પત્ર કયાંથી આવ્યો છે?"

"મારા ભાડુતે મોકલ્યો છે."

અબ્દુલ હમીદખાને તુરતજ પત્ર ઉઘાડી વાંચવા માંડયું જે નીચે મુજબ હતું.—

**મહેરબાન સાહેબ સલામ.**

"હું અહિં આવીને કેટલાક જરૂરી અને ખાનગી કામમાં રોકાયો છું. તેથી હું લાંબા મુદત સુધી આવી શકું તેમ નથી. અને જે મારો સામાન આપના ઘરમાં છે. તેમાંથી કટલીક ચીજોની મને સખ્ત જરૂર છે. તેથી હું મારા ભાઇને પરમ દિને આપની તરફ મોકલીશ. તે જે ચીજો લેવા ચાહે તે લઇ લેવા દેશો. બાકીનો સરસામાન નિયમસર તાબામાં

રાખશો. જ્યારે હું પોતે આવીશ ત્યારે આપનું ભાડું ચુકાવી દઈશ.

આપનો આભારી,

**મુન્ને સાહેબ.**

અબ્દુલ હમીદખાને પત્ર વાંચી રહયા પછી ઘરના મલિકને પુછ્યું, "આપના ભાડુતનું નામ મુન્ને સાહેબ છે?"

"એમનું ખરું નામ શું છે તે હું જાણતો નથી બાકી મુન્ને સાહેબ તેઓનું ઉપનામ છે. ઘર માલીકે ખુલાસો કર્યો."

## પ્રકરણ ત્રીજું.

:o:

## છુપી પોલીસમાં મતભેદ.

ઘરમાલિકના જવા પછી બન્ને પોલીસ ઓફીસરો થાક ઊતારવા ત્યાં બેઠા અને થોડી વાર વિશ્રાંતિ લઈ પાછા પોલીસ ચોકી ઉપર આવી ચડયા. અબ્દુલ હમીદખાન હમણા અત્યંત પ્રસન્ન થએલ જણાતો હતો. પણ શેખ કરામત હુસેન તો વિચારસાગરમાં ડુબેલો દેખાય છે અને તેમાં એવો તો લીન થએલ છે જાણે તેની દ્રષ્ટીના ખીલ્લા જમીનમાં ઠોકાઈને દટાઈ ગએલા હોય. અબ્દુલ હમીદખાને કેટલાક

સવાલો કર્યા. પણ તેણે તો જરાએ માથું હલાવ્યું નહિ. માથુ હલાવે પણ કેમ? કારણ કે તેણે કંઇ સાંભળ્યું પણ ન હતું. ત્યારે અબ્દુલ હમીદખાને તેનો ખભો પકડી જરા ગુસ્સામાં હલાવ્યો.

"હે! શું ભુત ભુત આવ્યો છે કે? જે હાથ પકડી ગાંડા પેઠે ઝંઝોળી નાખો છો એ શું? આપને આ શું સજયું?" નિદ્રમાંથી જાગ્રત મનુષ્ય પેઠે શેખ કરામત હુસેન ધ્રબરાતો ધ્રબરાતે બોલ્યો.

"મને સુજ્યું તે સુજયું? પણ તમને શું સુજયું? કે જમીનમાં નજર મેળવી ભુત જેવા થઇ બેઠા છો? બોલો તો ખરા કયા વિચારમાં બેઠા છો? મેં કેટલી વખત હાંક મારી પણ તમે તો જાણે ચીન અને જાપાનમાં હો. જેથી સાંભળી શકાય નહિ."

"હું વિચારમાં છું ત્યારે તમે મારી ચેષ્ટા કરો છ?"

"શાનો વિચાર? શું દુશ્મન બુદ્ધી ચોરી ગયા, કે મરણના ખબર આવી? કહો તો ખરા હું પણ જાણવા માંગુછ."

"લ્યો ત્યારે સાંભળો હું આ ખુન વિષે વીચાર કરી રહયો હતો"

"અરે! તેનો વિચારજ શો કરવો હોય? તમને તો બધું સમજાઈ ગયું છે ને?"

"હું સમજી શકતો નથી કે કેવી રીતે સમજાઇ ગયું? હજી તો આપણે ચોકસ નિર્ણય ઉપર આવ્યા નથી તેમજ પત્તોએ મેળવ્યો નથી."

"તમે પણ અતરંગ માણસ જણાઓ છો? દરેક વખતે તમે મારી સાથે રહયા. મેસર્સ ટેલર કંપની ઉપર પણ તમે મારા સાથેજ

હતા. ટાંગાવાળાની જબાની પણ તમે સાંભળી. જે ઘરમાં ખુન થયું તે પણ તમે જોયું. ઘરમાલીક સાથે પણ તમારી સામેજ બધી વાતચીત થઇ. છતાંએ હજી સુધી તમે ખુન વિષે કશું એ ન સમજ્યા? એ અશ્ચર્યની વાત છે.?"

"ત્યારે તમે શું સમજયા.?"

"અરે ભાઇ! હવે છેવટના નિર્ણય પર આવવું શું મુશ્કેલીની વાત છે? એટલું તો સ્પષ્ટ થઈ ગયું કે ખુનીનો ભોગ થનાર ઇલકાબ હુસેન છે. અને ખુન કરનાર મુન્ને સાહેબ તેમ મુન્ને સાહેબનાજ ઘરમાં ખુન થયું. જે આપણે જોઇ આવ્યા છીએ." અબ્દુલ હમીદ-ખાને પોતાના અંતરની ભાવનાને સ્પષ્ટ કરતા કહ્યું.

"આપે આ પરિણામ મેળવવામાં તેમજ એવા નિશ્ચય ઉપર આવવામાં ઉતાવળ કરી છે." શેખ કરામત હુસેને કહ્યું.

"તો તમે વળી એથી મોટો કયો પુરાવો માંગો છો. મેસર્સ ટેલરની કંપનીના માલીકના કહેવાથી સ્પષ્ટ થયું કે ખુનીનો ભોગ થએલાના શરીર ઉપરથી મલેલ કોટ તે ઇલકાબ હુસેનનો છે. ટાંગાવાળાની જુબાનીથી એ વાતને વધુ ટેકો મળે છે. વળી મુન્ને સાહેબના ઘરમાં સામાન અવ્યવસ્થિત પડેલો હતો તેમજ લોહીના ડાઘા પણ હતા, તેજ બતાવી આપે છે કે મુન્ને સાહેબના ઘરમાંજ ખુન થયું છે ખાસ કરીને પિસ્તોલ તેમજ ખુનના ડાઘા આ મુકદમામાં પુરાવા માટે મુખ્ય વસ્તુઓ છે. આવા સંજોગ જોઇ એ પરિણામ કાઢી લેવું શું મુશ્કેલ છે કે કોઇ કારણ લીધે ઇલકાબ હુસેન અને

મુન્ને સાહેબમાં ધીંગાં મસ્તી થઇ હોય અને તે પ્રસંગે મુન્ને સાહેબે ઇલકાબ હુસેનને પિસ્તોલ મારી ન્હાસી ગયો હોય એ સંભવીત છે."

"જે કંઈ બાતમીઓ આપણને મળી છે; તેમજ જે વસ્તુઓ સ્થિતિ આપણી સમક્ષ છે તેથી એવું પરિણામ કાઢી લેવું મુશ્કેલ તો નથી. પણ યાદ રાખો હમણાંજ આપણને એક બહાદુર ચતુર અને ચાલાક ખુની સામે થવું છે તેને પકડવાની બાથ ભીડવી છે. તે ખુની પોતાની ચતુરાઈ અને બહાદુરીના બળથી એવા સેંકડો બનાવો બનાવી આપણી સમક્ષ મુકશે, જેથી આપણે ખોટે માર્ગે દોરવાઈ જઈ ભલતા ઉપર શક લઇ જઇએ, અને ખરો ખુની છુટી જવા પામે. ખોટે માર્ગે દોરવાઇ જતાં આપણે આપણું કાર્યમાં વિજય મેળવા શકીશું નહિં. ખુની બડો હુશીયાર અને ચાલાક છે. તે પોલીસને થાપ આપી અંગુઠો દેખાડવા માંગે છે. નહિં તો તેને શું પડી હતી કે તે લાશને કપડા પહેરાવી કયસર બાગ પાસે ઓટલા ઉપર હાથમાં પીસ્તોલ આપીને બેસાડી જાય ? એવા બહાદુર ખુની સામે થવા માટેની આપણે માથે ગંભીર જોખમદારી લીધી છે. તેવા સંજોગમાં બનતા બનાવો ઉપર નજર રાખીને કામ કરવું અને તેથી તુરતમાં ઉતાવળું પરિણામ કાઢવું તે પોતાની નરી આંખે પોતાને અંધારી ખાઈમાં હોમવા બરોબર છે. મારી તો આપને વિનંતિ છે કે આપે ઉતાવળું કામ ન કરવું પણ બહુજ સંભાળથી વિચારીને તેમજ બરાબર તપાસી કરીને પછી પરિણામ કઢવું. નહિ તો "ખબરદાર ખુની" આપણને આંગળીઓ ઉપર નચાવશે ત્યારે નાસીપાસી અને

લજ્જતસિવાય આપણા હાથમા કશુએ આવશે નહિ" શેખ કરામત હુસેને ચેતવણી આપતા ભલામણ કરી.

અબ્દુલ હમીદખાન એક જુનો અને અનુભવી પોલીસ ઇન્સપેક્ટર હતો. તેને શેખ કરામત હુસેન જેવા નવયુવાન ઓફીસરની આવી વાતો પસંદ ન પડતી તેથી એ જરા ગુસ્સા સાથે બોલ્યો " મારાવ્હાલ્લા ભાઇ ! કયારે આવ્યા જે ઘરડાએ થઇ ગયા ! તમને ત્રણ ચાર વર્ષથી વધારે નથી થયા કે તમે પોલીસની નોકરીમાં જોડાયા છો. તે છતાં એ તમે પોતાને એટલા લાયક અનુભવી સમજવા લાગ્યા છો કે મારાજ કાર્યક્રમ ઉપર નુકતેચીની કરવા તૈયાર થયા ? આશ્ચર્ય ! હું આજ સત્તર વર્ષથી પોલીસ ખાતામા નોકરી કરૂં છું. અને એટલી મુદતમાં મોટા મોટા ભ.રે મુકરદમાઓ મારીસામે થવાપામ્યા છે. સેંકડો ચોર, ડાકુ ખુનીઓને મેં હાર આપીને કેદ કર્યાં, ત્યારે આ ખુનીની શી મજાલ છે કે તે મને થાપ આપી જાય ? તેને પકડી પાડવું શી મોટી વાત છે ? અને હવે બાકીએ શું રહયું છે? આપણે તેનું નામ પણ જાણીએ છીએ. હવે બેચાર દિવસમાંજ જોઇ લેશો કે તેને ફાંસીના માચડે ચઢાવવામાં આવેછે કે નહિં ?"

"હું પોતે પણ એજ ઇચ્છું છું કે તે ખુની ફાંસીના માચ લટકે, પણ તે ઘણોજ ખબરદાર અને ચતુર છે તે માટે આપણે બહુ સંભાળથી તેમજ હુશીયારીથી કામ કરવું જોઇએ. જો આપણે જરાએ ઉતાવળ કરીશું તો સફળતા દુર થતી જશે. મેં

આ વાત અભિપ્રાય તરીકેજ જણાવી હતી, અને હજીએ કહું છું. પણ આપ તેને નુકતેચીની સમજો છે એ આપની ભુલ છે. તેથીજ હું મારા વાક્યોને પરત મેળવવા દરખાસ્ત રજુ કરૂં છું. ભલા આપ તો મારાથી ઓધ્ધામાં, મોભામાં અને વયમાં પણ છો. ત્યારે આપ જેવા પ્રખર અનુભવી અમલદાર સામે મારી શી મજાલ કે હું નુકતેચીની કરી શકું ?"

"હું આપની વાતો વિષે બીલકુલ ખોટું માનતો નથી. રહયું માત્ર મારૂં સફળ થવું ન થવું. તે હવે થોડા વખતમાંજ જણાઈ આવશે. આજ કાલમાંજ મુન્ને સાહેબનો ભાઇ આવી જશે. અને તેનાથી મુન્ને સાહેબના રહેઠાણની ખબર મળી આવશે. પછી તેને કેદ પકડવું કંઇ કઠીન કામ નવા. અને જયારે તેને ન્યાય મંદીરથી ફાંસીની સજા થશે ત્યારેજ આપને મારી સફળતા જણાઇ રહેશે."

એ વાત થઈ રહી હતી એત્રામાં એક સિપાઇએ આવી સલામ ભરી અને અબ્દુલ હમીદખાનના હાથમાં એક વર્તમાન પત્ર આપીને ચાલ્યો ગયો. બીજે પાને નજર નાખ્યા પછી ત્રીજે પાને ખુદા જાણે તેણે શું જોયું જેથી તેની આંખો ચમકારા મારવા લાગી અને તે આનંદથી પ્રફુલ્લ થઇ ગયો. અબ્દુલ હમીદખાન આનંદવેશમાં અકડતો શેખ કરામત હુસેનને કહેવા લાગ્યો, "કહો હવે આપ શું કહો છો ? હવે તો ફતેહ ઊપર ભરોસો કરશો કે હજીએ સંદેહ છે ?

"પણ આપે શું જોયું જે આનંદમાં ઉછળી રહયા છો પણ હું ?

તો કંઇ સાંભળું !" શેખ કરામત હુસેને જીજ્ઞાસાપુર્વક કહયું.

"આનંદનીજ વાત છે. ઠીક, ખબર તો સાંભળો." અબ્દુલ હમીદખાને કહયું.

અબ્દુલ હમીદખાન પોલીસ ઈન્સપેકટર કુરસી જરા આગળ લઈ તે વર્તમાનપત્રના દરેક શબ્દને ચીપી ચીપી ઉત્સાહ ભેર વાંચવા લાગ્યો. જે નીચે મુજબ હતું.

———:0:———

## પ્રકરણ ચોથું.

### એક હજાર રૂપીઆ ઇનામ!

———:0:———

એક હજાર રૂપીઆ તે માણસને આપવામાં આવશે જે મારા ભાઈ ઇકબાલ હુસેનનો પત્તો મેળવી આપશે. પહેલી તારીખે તે પોતાની માતુશ્રી સાથે ઝઘડો કરી ઘર છોડી ગયા છે. બારમી તારીખે મારા એક મિત્રે તેને પંજાબ મેલ પર ચઢતાં બનારસમાં દીઠા હતો. અને તે પછી તેની કશીએ ખબર નથી. જે સાહેબ તેને મારી પાસે લઈ આવશે. વા તેનું ખરૂં નામું (ઠેકાણું)

આપશે તેને એક હજાર રૂપીઆ ઇનામ તરીકે આપવામાં આવશે. અને તે ઉપરાંત અમારાથી જે કંઇ બની શકસે તે વધારામાં આપીશું.

લી૦ સેવક,

સહારનપુર.] લીયાકત હુસેન.

"પણ આશ્ચર્યની વાત તો એ છે કે જાહેર ખબર છપાવનારે પોતાના ખોવાઈ ગએલા ભાઇ ઈકબાલ હુસેનનો નતો પુરો રૂપરંગ લખ્યો છે, નતો પૂરૂં સરનામું લખ્યું છે. પછી કેવી રીતે કોઇ માણસ ઇકબાલ હુસેનની તપાસ કરી શકે ? સેખ કરામત હુસેને કહ્યું.

"હાં ભુલ તો જરૂર કરી છે. પણ તેથી આપણને કોઇ જાતનો વાંધો આવે તેમ નથી.

"આપના મત મુજબ ખરો ખુની મુન્ને સાહેબ છે. પણ તેને કેદ પકડવાનો કયો માર્ગ લેવો છે ?"

આજ કાલમાં તેનો ભાઇ સામાન લેવા આવશે. અને જ્યારે તે આવશે ત્યારે હું છુપી રીતે ઘણીજ સ્હેલાઇ સાથે મુન્ને સાહેબનું રહેઠાણ પુછી લઇશ. અને તે પછી ખુનીને કેદ પકડવું મુશ્કેલીની વાત નથી"

"અને જો તેનો ભાઇ સામાન લેવા ન આવે તો તમે શું કરશો?"

"જો તેનો ભાઈ અહિં ન પણ આવે તો એ પરવાહ નથી. તેનું ઘર બનારસમાં છે અને તેણે પત્ર પણ બનારસથી લખ્યો હતો એથી એમ જણાય છે કે તે આજકાલ બનારસમાંજ છે તો આપણે

તેને ત્યાં બનારસના પોલીસની મદદથી પકડી શકાશું. ફક્ત તેનુ ઘર આપણને પુછવાનું છે અને તે કાંઈ ભારે કામ નથી."

"ઇશ્વર કરે અને જલ્દી ફતેહ મેળવો. તે છતાં હું કહીશ કે જરા જાણી વિચારી કામ કરવું જોઇએ."

"આપ પણ અજબ પ્રકારના માણસ છો? ચોખ્ખી સાબીતીઓ હાજર છે. પણ આપે તો રટ લગાવી છે જાણી વિચારીને કામ કરવું અરે! સાહેબ શું મેં આજ સુધી ઘાસજ કાપ્યું છે? સત્તર વર્ષથી તો એજ કાર્ય કરી રહયો છું. પછી મુન્ને સાહેબની શી મજાલ છે કે તે મારા હાથમાંથી છટકી ન્હાસી જવા પામે! આપ થોડાજ દિવસમાં તેને પોલીસ ચોકીમાં કેદ પડેલા જોશો.

હજી બેઉ ઓફીસરો વાત કરી રહયા હતા કે અબ્દુલ હમીદ ખાનના નામે એક પત્ર આવ્યો. અબ્દુલ હમીદખાન પત્ર વાંચી રહેતા શેખ કરામત હુસેનને કહયું. "મારા એક સગાના દીકરાના લગન થવાના છે. તેઓએ મને બહુજ તાકીદે આવવાનું લખ્યું છે. કારણ કે મારી અને તેઓ વચ્ચે ઘણીજ ગાઢ મિત્રતા છે. તેથી મારે ત્યાં હાજરી આપવી જોઇએ."

"તો કયારે જશો?"

"આવતી કાલે સગાઇ છે. હું આજ રાત્રેજ ચાલ્યો જઇશ. લગન કયાં થસે?"

"તેઓનું ઘરતો લાહોરમાં છે પણ લગન તો દિલ્હીમાં થશે માટે હું અહિંથી પરબારે દિલ્હી જઇશ.

"તો શું આ ખુનના કેસને પડતો મુકી જશો ?"

"હવે એમાં બાકી શું રહ્યું? ફક્ત ખુનીને કેદ પકડવાનું છે અને તે વાત તેના ભાઇના આવવા ઉપર અવલંબી રહી છે. તેનો ભાઇ પરમદીને આવશે. અને તે દીવસે હું પ છો આવી પહોંચીશ.

"ઠીક આપ જે વાજબી ધારો."

"ઉપરાંત મારો વિચાર છે કે સહારનપુરમાં થોડા કલાક માટે ઉતરી ઇકબાલ હુસેનના ભાઇ લીયાકત હુસેનને મળું મને ખાત્રી છે કે હુ તેની પાસેથી આ કેસ માટે વધુ ખબર મેળવી શકિશ".

"પણ લીયાકત હુસેનનો તો બરોબર પત્તો આપ પાસે નથી તે?"

"અરે ! શહેરતો જાણું છું. પછી પત્તો મેળવવો કઇ મોટી વાત છે ? અને તે માટે મને ફક્ત થોડી મુશ્કેલી ખમવી પડશે એટલુંજને ? કંઇ પરવાહ નહિં."

## પ્રકરણ પાંચમું.

### રેલ્વેમાં.

---

શેખ કરામત હુસેને એનો કંઇ ઉત્તર ન વાળ્યો. પણ ફક્ત મુખમાં હસીને રહી ગયો. થોડા વખત પછી અબ્દુલ હમીદખાને

કહયું કે હવે હું મુસાફરી માટે બંદોબસ્ત કરવા જાઉં છું એમ કહીને ઉભો થતાં ચલ્યો ગયો. મુસાફરીને લગતો સામાન અને બંદોબસ્ત કરી રાતના સ્ટેશન ઉપર પહોંચ્યો. સહારનપુર જતી ગાડી માટે ટીકટ લઈ એક ખાલી ડબ્બાંમાં જઇ બેઠક લીધી. નિયમ છે કે રેલવેના મુસાફરો લાંબી મુસાફરીના કષ્ટને દુર કરવા અર્થે સાથે બેઠેલા અન્ય મુસાફરો સાથે વાતચીત યા ગપસપ મારતા મનને શાંત કરે છે. તે મુજબ અબ્દુલ હમીદખાન પછી એક બીજો ગ્રહસ્થ ગાડીમાં આવ્યો અને અબ્દુલ હમીદખાન પાસે જઇ બેઠક લીધી. થોડા વખત પછી આવનાર મુસાફરે પાનનો ડબ્બો કાઢયો અને અબ્દુલ હમીદખાન સામે ધર્યો

"જો શોખ હોય તો પાન હાજર છે." મુસાફરે શરૂઆત કરી.

અબ્દુલ હમીદખાને વિવેક સાથે સલામ ભરીને પાનનો એક બીડો લીધો.

"કયાં જવાનો વિચાર છે?" મુસાફરે નમીને પુછયું.

"દિલ્હી સુધી જઇશ," અબ્દુલ હમીદખાને સવિવેક જવાબ આપ્યો.

"શું આપનું રહેઠાણ ત્યાં છે?"

"જી નહિં. મારા એક મિત્રના પુત્રના લગ્ન થવાના છે. તેમાં મારે હાજરી આપવી છે."

"એમ કે?"

"જીહાં સાહેબ?"

"ઠીક, મુરબ્બી એ તો બતાવ, કે લખનવમાં ખુન કેવું થયું છે ? તેની ચકચાર તો ભારે ચાલી રહી છે. આપને કદાચ તેની માહિતી તો હશે ?"

"હા, મુકરદમો તો ઘણોજ સંગીન અને મુશ્કેલી ભર્યો છે. પણ મને તેને લગતી વધારે માહિતી નથી." અબ્દુલ હમીદખાને ફોર મરડી.

"નહિં. જ્યારે એટલો સંગીન મુકરદમો છે, ત્યારે જરૂર તેને લગતી ઘણી અફ્વાઓ ઉડતી હશે ! અને આપે પણ તેમાંની કંઇક તો જરૂર સાંભળી હશે ?"

"હા, અફ્વાઓ તો ઘણીજ ચાલે છે, કોઇ કંઇ કહે છે, તો કોઇ કંઇ. પણ ખરી બાતમી તો ફક્ત પોલીસજ જાણતી હશે."

"મેં તો સાંભળ્યું છે કે ઇન્સપેકટર અબ્દુલ હમીદખાન અને સબ ઇન્સપેકટર શેખ કરામત હુસેન આ મુકરદમા સંબંધી તપાસ ચલાવે છે. અને તેઓએ બેજ દિવસમાં ખુનીનો પત્તો મેળવી લીધો છે." મુસાફરે વકીલાતની ઢપે સવાલ કર્યો.

"બનવા જોગ છે. પણ મેં તો કંઇ સાંભળ્યુંજ નથી."

"કેટલીક અફ્વાઓથી જાણ્યું કે અબ્દુલ હમીદખાન ઘણોજ ચાલાક અને અનુભવી ડીટેકટીવ ઓફીસર છે. તો પછી તેની આગળ ખુનીનો પત્તો મેળવી લેવું કાંઇ મોટી વાત તો નજ હોય"

"હાં, અનુભવી તો છેજ શું આશ્ચર્યની વાત કે તેઓએ એટલી ટુંક મુદતમાં ખુનીનો પત્તો મેળવી લીધો હોય ." અબ્દુલ

હમીદખાન અલૌકીક હાવભાવથી બોલ્યો.

"અને આ ખુન તો ચોકમાં થયું હતું ને ?"

"જી, નહિં; લાશ તો કયસર બાગમાં મળી હતી, પણ ખુન તો લાલબાગમાં થયું હતું." અબદુલ હમીદખાને થોડીક બાતમીયો ખુલ્લી કરી.

"ઓહો ! ! એ તો ખુનીએ બહુજ મોટી ચાલાકી કરી, કે ખુન લાલબાગમાં કર્યું અને લાશ કયસર બાગમાં રાખી મુકી. ખુની બડો ચાલાક જણાય છે."

"જી, તે લાખ ચાલાક હોય, પણ અબદુલ હમીદખાન જેવા લાયક અને અનુભવી સરદાર સામે માથું ઉચકવાની તેની શી મજાલ છે. જુઓને તેજ દિવસે તેમણે બધો ભેદ ખોલીને પત્તો મેળવી લીધો." ચીગડાએલા અબદુલ હમીદખાને કહી નાખ્યું.

"ત્યારે તો આપે જાણ્યુંજ હશે કે તે ખુની કોણ છે ?" ચતુર મુસાફરે બીજો સવાલ કર્યો.

"અરે ! તે તો બનારસનો એક મનુષ્ય છે ?" તેનું નામ મુન્ને સાહેબ છે. તેણે લાલબાગમાં પોતાના ભાડે લીધેલાં ઘરમાં ખુન કર્યું છે.

"પણ એ જણાયું કે ખુન કરવાનું કારણ શું હતું ?"

"નહીં, આ ભેદ તો હજી સુધી ખુલ્યો નથી. પણ એ તો બહુજ જલ્દી જણાઇ આવશે."

"અને ખુની પકડાયો છે કે નહીં ?"

“નહીં હજી સુધી તે પકડાયો નથી. પણ મેં તો સાંભળ્યુ છે કે અબદુલ હમીદખાને એવો બંદોબસ્ત કરી લીધો છે કે ખુની બે એક દિવસમાં પકડાઇ જશે.”

“ખુદા કરે તે પોતાની [illegible] કર્તુકોનો જવાબ આપવાને પરમાત્માની દરબારે જાય એવી મારી તો રાત દિવસની પ્રાર્થના છે. ઇશ્વર જાણે કયા નિર્દોષનું હરામખોરે ખુન કર્યું ? બિચારા તેના કુટુંબનું હમણાં શું થતું હશે ?”

“તેઓને પણ ખુનની ખબર નથી, ખરિ બીના એ છે કે પોતાની મા સાથે ટંટો કરી પહેલી તારીખે ઘરથી કયાં ચાલ્યો ગયો અને બારમી તારીખે લખનવમાં આવીને મુન્ને સાહબના હાથે માર્યો ગયો. આજના છાપામાં એવી જાહેર ખબર લીયાકત હુસેને સહારનપુરના ઠેકાણેથી આપી હતી કે જે મારા ભાઈ ઇકબાલ હુસેનનો પત્તો મેળવી આપશે તેને એક હજાર રૂપીઆ ઇનામ તરીકે આપવામાં આવશે. પણ તે બિચારાને શી ખબર કે ગરીબ ઇકબાલ હુસેનનું ખુન થયું છે.” અબદુલ હમીદખાને રસપર ચઢતાં કહયું.

“શું ખુનીનો ભોગ થનારનું નામ ઇકબાલ હુસેન છે. ?” મુસાફરે પુછયું.

“જી હાં,” અબદુલ હમીદખાને તરતજ જવાબ આપ્યો.

“અફસોસ ! ખુદા તે નાલાયક હરામખોર મુન્ને સાહેબને તેને “કરણીના ફેજે” પહોંચાડે. તેને ફાંસીના માચડે લટકાવે” મુસાફરે દિલગીર થતાં વ્યાકુળ વદને કહયું.”

એ વાતચીત પછી મુસાફરે પાનનો ડબ્બો ફરી કાઢ્યો. અને પાનનુ એક બીડું અબ્દુલ હમીદખાનને આપી એક પોતે લીધું. જે પછી પુન વાત થવા લાગી, પણ તે વાતચીતથી આપણી આ વાર્તાને કશુંએ લાગતુ વળગતું નથી. તે છતાંએ મારે તો કહી દેવું જોઇએ કે, પાનનું બિડું ખાધા પછી અલ્પ સમયમાં અબ્દુલ હમીદખાનને બગાસા આવવા લાગ્યા અને મનની સ્થિતિ વ્યાકુળ થવા લાગી. તેથી લાચારીએ બીછાણું પાથરવું પડયું. અને તે ઉપર લેટયા કે નિંદ્રાદેવીએ અબ્દુલહમીદ ખાનને પોતાના ખોળામાં લઇ લીધો. અને જ્યારે નિંદ્રાદેવી થાકીને ચાલી ગઇ, ત્યારે આંખ ચોળતા જોયું તો રેલવે ટ્રેનના મજકુર ડબ્બામાં એકે વ્યકિત ન હતી. તેમ આશ્ચર્યની વાત તો એ છે કે અબ્દુલ હમીદ ખાનનો સરસામાન કોઇ ઉંચકી ગયો હતો. પણ તરતજ એ બિના માનવાની અબ્દુલ હમીદખાને તો નાજ પાડી. કારણ કે તેને પોતાની આંખો માંહે અવિશ્વાસ હતો. આંખો ચે ળીને જોતા પણ કશુંએ દેખાયું નહિ અને તે મુસાફર પણ ચાલતી પકડી ગયેલો જણાયો. ગુસ્સાથી લાલચોળ થઈ ગયા પણ કરે શું ? આઇનો ખાર બાઇ પર; વા તબેલાની બલા વાંદરાના માથે એટલે તે મુસાફરને પેટ ભરીને ગાળો આપવા લાગ્યો. તેમાંથી પોતાને પણ બકાત રાખ્યું નથી. એક એવા ચાલાક અને અનુભવી પોલીસ અમલદારને એક મુસાફર થાપ આપી ગયો. એ માટે પોતા માટે પણ અફસોસ કર્યો. સાંરાંશ કે એવી રીતે ચકકરમાં પોલીસ અમલદાર પડયો હતો કે અલ્પ સમયમાં ગાડી એક નાના સ્ટેશને આવી ઉભી. પછી પુછવુંજ શું; તરતજ અબ્દુલ હમીદ

ખાન ગાડી ઉપરથી ઉતરી પડયો; પોલીસ સ્ટેશને, સ્ટેશન માસ્તરને, ડેપ્યુટી ઇન્સપેકટરને. ટીકીટ કલેકટરને, અને છેવટે ટાંગાવાળાઓને પોતાનો સામાન ગુમ થયાની ખબર આપી અને તે માટે દોડતા ફરતા હતા કે સામેથી એક બંગડી. અને ખાંડી વગેરે વેચનાર માથે ટોકરી ઉંચકી અબદુલ હમીદખાન સામે આવ્યો અને કંઇક ખરીદવાની અરજ કરી. અબદુલ હમીદખાન આ વખતે સળગી તો ગયો હતો તેમાં તેલ હોમાયું, ગુસ્સો હદપાર વધ્યો એટલે ફેર્યાને જોરથી એક તમાચો માર્યો અને કહ્યું, "હરામખોર! મારો બધો સામાન ગુમ થઇ ગયાછે; તેની જંજાળમાં તારી ચીજ શું ખરીદું?" બિચારો ફેર્યો એકે મિનીટ થોભ્યા વિના નાઠો, આ બનાવ સ્ટેશનપર ઉભેલા અનેક મુસાફરોએ જોયો, ત્યારે તેઓમાંથી બે ચાર અબદુલ હમીદખાન પાસે આવ્યા, અને તેવણને પુછ્યું, "કેમ સાહેબ! શું થયું? શાને માટે તે બિચારાને મારી કાઢ્યો?"

"મારૂં નહિં તો બીજું શું કરૂં? એક તો મારો બધો સામાન ગયો તેની ધામધુમ અને તપાસ કરતાં કશુંએ હાથ લાગ્યું નહિં; તેમ પત્તો પણ મળ્યો નહિં. તેવા દુઃખ અને ગુસ્સાના સમ ફેરયો આવ્યો; એટલે ચોરી થયાનો ગુસ્સો ફેર્યા ઉપર નિકળી ગયો; જો કે તે માટે હું હમણા તો દીલગીરજ છું. પણ શું કરૂં ગુસ્સો હું થોભાવી શકયો નહિં," અબદુલ હમીદખાને ખુલાસો કર્યો.

"ઠીક, હવે જ્યારે ચોરાયેલો માલ મળતો નથી, ત્યારે શું કામ

વ્યર્થ ફાંફા મારો છો, ગાડી હમણા ઉપડશે. માટે તમે તમારા ડબામાં જઈ ખુદા ખુદા કરો." બીજા મુસાફરે કહ્યું.

બિચારા અબદુલ હમીદખાન ગુસ્સામાં લાલચોળ થતા રેલવેના ડબામાં જઇ બેઠાં, આ સમય તેમની સ્થિતિ ખરેખર દયાપાત્ર હતી. કારણ એક તો ચોરીથયાથી નુકસાનીનો ગુસ્સો બીજું પોલીસ અમલદાર હોઇ લુટાઇ ગયાનો પ્રશ્ચાતાપ, તેમાં વળી નાસ્તો કરવાની ઇચ્છા થઇ અને સામાન સાથે નાસ્તાનો પણ સામાન ઉચકાઇ ગયો તેની બળતરો એ સર્વ વાતોએ અબદુલ હમીદખાનને દયાપાત્ર બનાવ્યાં. પણ હવે થ થજ શું ? જે થવ નું હતું તે થયું, એટલે અબદુલ હમીદખાન ચુપજ થઇ બેઠા. થોડાજ સમય પછી સામેના બાંકડા પાસે એક ઉત્તમ પ્રકારનો સ્વચ્છ અને સફેદ કવર દ્રષ્ટી ગોચર થયો. જે ઉપર સુંદર અને મોટા અક્ષરે "અબ્દુલ હમીદખાન પોલીસ ઇન્સપેકટર" લખ્યું હતું—"નજર પડતા તરતજ તેમણે કવર ઉપાડી લીધું અને પત્રની ચોમેર જોવા લાગ્યા. અંતે તે કવર ફાડીને તેમાંથી પત્ર કાઢયો. જેમાં નિચે મુજબ લખ્યું હતું:—

## પત્રમાંનો લેખ.

—:O:—

હું એમ કહું છું કે તમને આંખો છે કે નહિં ? હું એટલા વખત સુધી તમારી પાસે બેઠો વાતો કરતો રહયો પણ અફસોસ ! તમે મને

ઓળખી શકયા નહિં. પોતાના મુખે તમે પોતેજ મીઆં મીઠું થયા અબ્દુલ હમીદખાન તમે એવા તો ચતુર અને ચાલાક છો, પણ તમારો અનુભવ અને લીયાકત તો જાહેર થઇ. થોડાજ વખતમાં કબુલી લીધું કે ખુનોનો ભોગ થનાર ઇકબાલ હુસેન અને ખુની તે મુન્ને સાહેબ. પણ અફસોસ! કે તમે એટલુંએ ન જાણી શકયા કે એ બધી વાતો તમે મુન્ને સાહેબથી કરતા હતા. તમે પોતાને છુપાવવાનો પ્રયત્ના કર્યો, અને તે માટે તેવાજ પ્રકારની વાતો કરી. પણ તમે છુપા રહી શકયા નહિં. કારણ કે હું તમને ન ઓળખી શકું ? પણ હું તમારી સાથેજ ફરૂં છું. પડછાયો પણ અંધકારમાં સાથ છોડી આવે છે; પણ હું તો છોડતોજ નથી. મને જયાંસુધી પકડવાનો વિચાર પડતો ન મુકો ત્યાં સુધી દરેકે દિવસ. દરેક કલાક અને દરેક મીનીટ તમારી સાથે આસપાસમાં તમારા વિચારો અને કાર્યો પર નજર રાખતો રહીશ, તમે મને પકડવાની સહૃદય ઇચ્છા ધરાવો છો, અને એમ ઇચ્છો છો કે હું જલ્દી ફાંસીના માંચડે લટકાવ્યો જાઉં; એજ પ્રમાણે જેમ તમે મારા દુશ્મન થયા તેમ હું પણ તમારા જીવનો દુશ્મન થયો છુંઅને હંમેશ તમારી સાથે દુશ્મની કરતો રહીશ. પણ અફસોસ છે કે મારૂં હૃદય જરૂર કરતાં વધારે નરમ થયો છે; મનુષ્યમાં કંઇને કંઇ નિર્બળતા તો હોયજ હું પણ મનુષ્ય છું અને તમને પાનના બીડામહિં દવા ખવડાવી હતી, એ દવાનો પ્રભાવ એવો છે કે મનુષ્યને ૭ કલાક માટે શુદ્ધ વગરનો કરી નાખે છે

તેનો અસર ખાધા પછી પંદર મીનીટે શરૂ થાય છે. તેજ પ્રમાણે પાન ખાધા પછી તમે શુધ્ધ ખોઇ બેઠા. તે સમયે તમે બરાબર મારા તાબામાં હતા. તે સમયે, જો હું ચાહતે તો તમને જીવતા માણસોના લીષ્ટમાંથી કાઢી મરેલાઓના રજીસ્ટર માં તમારૂં નામ દાખલ કરી આપતે. પણ ઉપર મેં કહ્યું છે તેમ ઇશ્વરે મારૂં હૃદય નરમ બનાવ્યું છે. જો કે મને ઇચ્છા થઇ આવી હતી કે તમને ચણા જેવી ગોળી આપી જહન્નમ મોકલી આપું. પણ મારી હિમ્મત અને સ્વભાવે કબુલ ન કર્યું કે હું એક શુદ્ધહિન શતરૂ ઉપર હુમલો કરૂં. જો કે હું મારી ઇજ્જત ને લીધેજ તમારા ઉપર હુમલો કરીન શકયો તોએ બદલો લેવાના જોશે એટલું તો નજ કબુલ્યુ કે નેતમ સાવ નુકસાન કર્યા વિનાજ જતો મુકું. એજ કારણે તમાર જેવા ચંચળ ચાલાક પોલીસને છેતર પીંડી આપી હું તમારો બધે સામાન ઉંચકી ગયો, તેથી મારે એક “ખબરદાર” તરીકે તમારા સમક્ષ જાહેરથવું હતું અને હું ધારૂં છું કે તમે તે માની પણ ગયા હશે. પણ તમે એમ ન માનતા કે હું તમારો સામાન ચોરી ગયો છું. હું કોઈ ચોર નથી, ઉઠાવગીર, ખીસાકાતરૂ અને લેભાગુ નથી કે તમારો સામાન ઉપાડી લઇ જાઉં અને તેનાથી લાભ મેળવું. પણ હું એક ખાનદાની ઉંચ્ચ કેળવણી પામેલ સમજુ ગૃહસ્થ છું; અને તેથીજ મેં એક જેન્ટલમેન તરીકે તમારો બધો સામાન એક ગરીબને બક્ષશી તરીકે આપી દીધો છે. તમારો

સામાન ઉંચકી જવાનું કારણ માત્ર એજ હતું કે તમને હું બતાવી આપું કે તમારી ઉપર મારો સંપુર્ણ કાબુ છે. અને જયારે હું ઇચ્છું ત્યારે તમને હું નુકસાન આપી શકું. આ સમયે પણ હું તમારી સાથેજ છું. હમણા જો ચાહું તો તમને ચાલતી ગાડીએ નિચે ફેંકી શકું છું. અને વળી તમારા પેટમા છરો ખોસી શકું છું પણ નહિં, હું મારા શતરૂને થાપ આપી મારવા ચાહતો નથી. બદલો એમ તો નજ લઇ શકાય પણ, જયારે હું તમને આ દુન્યાથી જુદો કરી નાખવા ઇચ્છીશ ત્યારે તમને અગાઉથી ખબર આપવાની મહેરબાની કરીશ. તે વખતે હું જોઇશ કે પોલીસની કઇ ચતુરાઇ અને કેવો બળ તમને મારા પંજામાંથી છોડાવી શકશે. પણ હમણા વખત આવ્યો નથી. ઠીક, હમણા હું મારો આ પત્ર લખતા થોભું છું. તમે પણ હમણા ગુસ્સામાં લાલચોળ થએલા છો, એ કારણે હમણા હું વધારે લખવા ઇચ્છતો નથી. જયારે તમારો ગુસ્સો ઉતરી જશે ત્યારે ફરી હું આવી મળીશ.

લી૦ તમારો ખબરદાર,

**મુન્ને સાહેબ.**

આ પત્રને વાંચી અબદુલ હમીદખાનના રોમાંચ ખડા થઇ ગયા, તે સાથે શરમ પણ ઉપજી. જો આ સમયે મુન્ને સાહેબ મળી જાત તો ન્યાય મંદીરમાંથી ન્યાય મેળવ્યા વીના અબદુલ હમીદખાન

તેને ફાંસી આપી દેત. અબદુલ હમીદખાને ચોમેર આંખો ફાડી ફાડી તીવ્ર દ્રષ્ટીએ જોયું પોતાના ડબ્બાનાં દરેક ખુણામાં બાકડા નીચે અને પોતાના બીછાના હેઠળ જોયું. પણ કોઈએ મનુષ્ય દેખાયો નહીં. તેણે કલ્પના કરી કે આ બંધુએ મુન્ને સાહેબનું તરકટ છે. જે તે લખે છે કે દરેક સમયે હું તમારી સાથેજ છું. ભેલા ! તેની એવીએ હીમ્મત હશે કે તે હંમેશ મારી સાથેજ રહે ? પણ ફરી વીચાર આવ્યો કે જો તેમ ન હોય તો પછી તેને એ ખબર કયાંથી મળે કે હું દીલ્હી જવાનો છું ? ખરૂંજ તે જરૂર મારી ઉપર નજર રાખતો હશે. આ સમયે પણ જરૂર તે મારી આસપાસમાંજ હશે તે એવી કલ્પનાઓ કરી રહયો હતો કે એક સ્ટેશન ઉપર ગાડી થોભી. તે તરતજ ઉતરી પડયો.અને ગાડીના આ છેડાથી લઇ તે છેડા સુધી ફેરા ખાવા લાગ્યો. દરેક મુસાફરને શંકાની નજરે જોતો જે કોઇ તેની સામે જોતો વા બાજુમાંથી નીકળી જતો તેના ઉપર મુન્ને સાહેબ હોવાની શંકા કરતો. પણ તરતજ તે શંકા પાયા વગરની જણાતી, સારાંશ કે જયાં સુધી ગાડી સ્ટેશન ઉભી રહી ત્યાં સુધી દિવાના જેમ ફરતો રહયો, અને દરેક માણસ ઉપર શંકા લાવતો. છેવટે ગાડીએ સિટી વગાડિ; અને ફરી અબદુલ હમીદખાન નિરાશ થઈ ગાડી ઉપર ચઢી બેઠો. થોડી વરા પછી દિલ્હી પ્હોંચ્યો, અને ટાંગો ભાડે કરી પોતાના મિત્રને ઘેર ગયો. લગનની ધામધુમમાંભાગ લઇ પાછો સહારનપૂર જતી ગાડીમાં બેસી સહારનપુર ગયો. પ્લેટફોરમથી બહાર નીકળી એક ટાંગાવાળાને

લીયાકત હુસેનના ઘર પર લઇ જવાને કહયું પણ તેને લીયાકત હુસેનના ઘરની ખબર ન હોતી. બીજા ટાંગાવાળાને કહયું તેણે પણ કહયું કે લીયાકત હુસેનનું ઘર કયાં છે તે હું જાણતો નથી. એવી રીતે ત્રીજા ચોથાને પુછયું પણ કોઇએ પણ એમ જણાવ્યું નહીં કે હું લીયાકત હુસેનનું ઘર જાણું છું. અબદુલ હમીદખાન એમ માની ચુકયો હતો કે તે એક જાણીતો ગૃહસ્થ હશે. કારણ કે જે માણસ પોતાના ખોવાએલા ભાઇનો ફકત પત્તો મેળવી આપનારને રૂપીઆ એક હજાર નો ઇનામ આપવા તૈયાર હોય ત્યારે તે જરૂર ધનવાન અને જાણીતો માણસ હોવો જોઇએ. પણ તેને આશ્ચર્ય જેવું તો એજ લાગ્યું કે તેને ઓળખનાર અહીં એક મળ્યો નહિં. પણ તેનો પત્તો મેળવવો એ એક જરૂરી કામ હતું. ગાડીવાળાઓના ટાંગાઓ અને જવાબ આપવાની બેદરકારી તથા તેઓનું અજ્ઞાન પણું જોઇ અને મુન્ને સાહેબે રેલ્વે માંજ બેજાનું દહાં કરી નાખેલું હોવાથી ગુસ્સાનો પાર રહયો નહિં પણ હમણાં તે કરીજ શું શકવાનો હતો? ફકત એકજ બીછાનું બાકી રહેલું હતું તે મજુરના હાથે ઉચકાવી લીયાકત હુસેનને શોધવા નીકળી પડયો. થોડે દૂર જતા એક માણસ સામેથી આવતો દેખાયો તેને અબદુલ હમીદખાને પુછયું. "ભાઇ! લીયાકત હુસેન કયાં રહે છે?" તેણે કહયું "પુર્વ દીશાએ જાઓ," પુર્વ દીશા તરફ પુરા બસો પગલા ન ઉચકયા હશે કે બીજો એક માણસ સામેથી આવતો મળ્યો, કહયું "દક્ષિણ તરફ જાઓ" એ બીચારો દક્ષિણ દિશા તરફ ચાલ્યો, આગળ

જતાં એક વયોવૃધ્ધ બુઝુર્ગ ગૃહસ્થે જણાવ્યું કે તમે આગળ વધી આવ્યો છો. ઘર તો પાછળ રહી ગયું છે. સારાંશ કે જેટલા મોઢા તેટલીજ વાતો. એક તો નવો શહેર, બીજું જોઈતા ઠેકાણાંવો અજ્ઞાન પણું, એ બીચારો ઘરની તપાસ કરતો અથવા શહેર ઉપરથી ફીદા થતો ફર્યોજ કર્યો. પણ લીયાકત હુસેનનું ઘર તો ન મળયું જ્યારે બહુજ થાકી ગયો ત્યારે છેવટે એવા નિર્ણય ઉપર આવ્યો કે કોટવાલી (પોલીસ ચોકી) ઉપર જઈ પોલીસ મારફતે લીયાકત હુસેનના ઘરનો પત્તો મેળવીએ. તુરતજ ચોકી ઉપર પહોંચ્યો. અને શહેરના કોટવાલ પાસે પોતાની બધી ઓળખ આપી લીયાકત હુસેનનો પત્તો મેળવી આપવા કહ્યું. કોટવાલે તરતજ ચાર ઇન્સ પેકટરોને શહેરની ચોમેર મોકલવા ભલામણ કરી કે બને તેમ કરી લીયાકત હુસેનનો પત્તો મેળવી તેને અહિં હાજર કરો. ઈન્સપેકટરેને પત્તો કેમ ન મળે? બરે બ: અર્ધા કલાકમાં એક બે નહિં પણ છ સાત લીયાકત હુસેન લાવી હાજર કરી દીધા. હવે અબદુલ હમીદ ખાનને જરૂર જણાઇ કે પુછે કે કયા લ્યાકત હુસેને જાહેર ખબર છપાવી હતી, તે મુજબ દરેકને જુદુ જુદુ પુછયું. પણ આશ્ચર્યની વાત તો એ છે કે બધાએ એમજ કહયું કે અમારો કોઈ ભાઇ ખોવાઈ ગયો નથી. ત્યારે એકે કહયું કે મારો કોઈ ભાઇ નથી. એવીજ રીતે બધાએ ઇન્કાર કર્યો. અબદુલ હમીદખાનને હવે લીયાકત હુસેનને મળવાની ઇચ્છાનો પારજ ન્હોતો, તેણે વિચાર્યું કે જાહેર ખબર

કોણે છપાવી છે ? સહારનપુરમાં જેટલા લીયાકત હુસેન છે તે બધા ઇન્કાર કરે છે કે અમારો કોઇ ભાઈ ખોવાયો નથી. ત્યારે આ જાહેર ખબર છપાવનાર કોણ છે ? બધાએ ઇન્કાર કરવાથી છેવટે લાચાર થઇ રેલ્વે સ્ટેશન ઉપર આવ્યો અને લખનવની ટીકીટ લઇ લખનવ ઉપડી ગયો.

---

## પ્રકરણ ૬ ઠું.

---

### શેખકરામત હુસેન અને ધમકી પત્ર

બે દિવસ સુધી જે અબ્દુલ હમીદખાન બહાર રહયો તે સમયમાં શેખ કરામત હુસેન કંઇ ચુપચાપ બેઠો ન રહયો. પણ તે વધારે ઉત્સાહ ભેર તપાસ ચલાવવામાં ગુંથાયલો રહેતો. કોટવાળી ઉપરથી સવારે જતો તો બરોબર સાંજે પાછો વળતો. ટાંગાવાળાને બોલાવી કંઇ પુછ્યું. મેસરસ ટેલર એન્ટ કુંપનીના માલિકની પણ મુલાકાત કરી, મુન્નેસાહેબના ઘરમાં જ્યાં ખુન કરવ.માં આવ્યું હતું ત્યાં કેટલીક વખત ગયો હતો. અને ઘણીજ બારીકી સાથે ઓરડું અગાસી, કોઠડીઓ એટલા સુધી કે ભીંત અને બીસ્તરાને પણ

બરાબર જોયું. જે સામાન ઇકબાલ હુસેન પેતાની સાથે લાવ્યો હતો, અને જેની ઓળખ ટાંગાવાળાએ આપી હતી તે, તેજ ઘરમાં જણાઈ, તેને તાબામાં લીધે, તે ઉપરાંત, જે વસ્તુઓ ઘરમાં મળી તેને પણ સારી રીતે તપાસી. કંઇ પત્રો જે એક પેટીમાંથી મળ્યા હતા તે પોતાના ખીસ્સામાં રાખ્યો, લખવા વાંચવાની ટેબલ ઉપર કેટલાક પત્રોને વાચ્યા સારાંશ કે એજ તપાસમાં તેણે બે દિવસ વીતાડય તે આ સમયે પણ કદાચ મુન્નેસાહેબના ઘરમાં હશે. ચાલો આપણે પણ ત્યાંજ જઈએ, પણ હુમ. સામેના રસ્તા ઉપર બાઈસીકલ ઉપર બેસી કોણ ધીમે ધીમે આવી રહયો છે પણ તે હજી છેટે છે, લો હવે તે તો નજદીક આવી પહોંચ્યો હવે ઓળખી લેવું કંઇ મુશ્કેલ નથી. પણ વાંચકો ગુંચવાડામાં ન પડે તે કારણે અમારે જણાવી દેવું જોઇયે કે સાઇકલ ઉપર બેસી આવનાર તે સુપ્રસીદ્ધ સબ ઇન્સપેકટર શેખ કરામત હુસેન છે. જેની પાસે અમે તમને લઇ જઇ રહવા હતા. એની વય ૨૪-૨૫ વર્ષથી વધારે નથી. ત્રણ ચાર વર્ષ થયા તે મુરાદાબાદમા સીપાઇના ખાતામાં સીપાઇ થવાનું શિક્ષણ લઇ પોલીસમા નોકરી રહયો છે, જો કે હજીએ તે નાની વયનો છે; અને તેના મુખ ઉપરથી બચપણ દેખાય છે, છતાંએ તે બુધ્ધીશાળી એટલો અને તર્ક કરવામાં એટલો વધેલો છે કે એટલી ટુંક મુદતમાં કોઇને પ્રસીદ્ધી અને નામના મળી ન હશે. પોતાની ચપળતા અને હિમ્મત તથા શ્રમના લીધે તેણે પોતાના ઉપરીઓને એવા પ્રસન્ન કર્યા કે સી૦ આઇ૦

ડી. માં નિમાઇ શક્યો. તેણે મોટા ભેદ ભરમોથી ભરપુર ગુનેહગાર અને ખુનીઓને જેઓની પાછળ પોલીસ વર્ષોથી લાગી હતી તેઓને થોડાજ વખતમાં કેદ કરી આપ્યા. હવે બધા સી. આઇ. ડી.ના અમલદારો તેને અદેખાઇની દ્રષ્ટિએ જુએછે, કારણકે કોઇનો પણ પત્તો મેળવવામાં અને દરેક ભેદભરમો અલ્પ સમયમાં ઉકેલવામાં તે એક નંબરનો થઇ પડયો હતો. સિપાઇના ધંધાને ઉંચ સ્થિતિએ મુકનાર પણ એજ ગણાતો, અને હાલમાં અનેક જુના તથા અનુભવી સી. આઇ. ડી. ઓ હોવા છતાં તે ભેદભરમોથી ભરપુર છેલ્લા ખુનના કેસમાં તપાસ ચલાવવા એને નિમ્યો છે. તે છતાંએ તેને ગર્વ કે 'અહંકાર' તો નજ ઉપજયો. તે પોતાને હંમેશ બીજાઓથી ઓછુંજ ગણતો. આ સમયે તે મુન્ને સાહેબના ઘરથી કોટવાલી તરફ જઇ રહ્યો છે, મૂખમુદ્રા ઉપર આનંદના ચિન્હો જણાય છે, પણ તે સાથે એમ પણ સમજાય છે કે તે હમણા કોઇ વિચારમાં લીન છે. તે એવીજ રીતે બાઇસીકલને ધીમે ધીમે ચલાવી રહ્યો હતો કે એક છ સાત વર્ષનો બાળક તેની સામે આવી ઉભો રહ્યો, અને એવી રીતે પોતાના હાથો વડે તેણે ઇશારો કર્યો, જેથી એમ જણાતું કે તે કંઇ કહેવા ઇચ્છે છે. શેખ કરામત હુસેન તરતજ બાઇસીકલ થોભાવીને ઉતરી પડયો અને તે છોકરાને પુછ્યું "કેમ શું છે!"

"આ પત્ર લ્યો." તે છોકરાએ કહ્યું.

"કેવો પત્ર? કોણે આપ્યો?" શેખ કરામત હુસેને પુછ્યું. તે છોકરો જવાબ આપે તે અગાઉ તેણે તે પત્ર તે છોકરાના હાથ-

માંથી લઇ ઉઘાડી પત્રમાં વાંચ્યું જેમાં ફક્ત એકજ લાઇન લખેલ હતી કેઃ—

"જાસુસપણુ અને તપાસ કરવાથી હાથ ઉપાડો, નહિંતો..."

પત્ર વાંચી રહ્યો કે શેખ કરામત હુસેને તે છોકરાને પુછ્યું, "આ પત્ર તને કોણે આપ્યો?"

હમણા મારી પાસે એક માણસ આવ્યો, અને મને એક રૂપીઓ આપી બોલ્યો—"હમણાં આ રસ્તેથી બાઇસીકલ ઉપર બેસી એક માણુસ આવશે, તેને આ પત્ર આપી દેજે."

"તે પત્ર તારા હાથમાં આપી કઇ બાજુએ ચાલ્યો ગયો?" શેખ કરામત હુસેને તુરત પુછ્યું.

"આ સામેની ગલીમાં ગયો." છોકરાએ હાથથી એક ગલી દેખાડતાં કહ્યું.

"કેટલી વાર થઇ?"

"તે હમણાંજ ગયો."

શેખ કરામત હુસેન તરતજ બાઇસીકલ ઉપર બેસી ઝડપથી દોડાવતો તે ગલી તરફ ગયો. હજી થોડેજ દુર ગયો હશે કે તેણે જોયું કે સામે એક દોરડું બાંધેલું છે.

પણ તેને બ્રેક લગાવવા જેટલો સમય ન મળ્યો. તેની બાઇસીકલ દોરડાથી અથડી અને તે ચાર પાંચ વાર દુર જઇ પડયો. કોણી કાંકરાઓથી છોલાઇ ગઇ અને ગોઠણો પણ છોલાઇ ગયાં.

માથામાં એ થોડુંક વાગ્યું પણ તે બચી ગયો, કારણકે મોટા પત્થરાઓ ન્હોતા. થોડા સમય સુધી એજ સ્થિતિમાં પડયો રહ્યો, તે પછી ઉઠી પોતાના અંગ ઉપરની માટી ઝટકી નાખી અને બાઇસીકલ ઉપર ચઢવાનો વિચાર કર્યો, પણ માર લાગવાની વેદનાને લીધે તેના પગો કંપી રહ્યા હતા અને માથું દુઃખી રહ્યું હતું તેથી ચઢી શકયો નહિં. એ કારણે તે એક ટાંગામાં બેસી કોટ-વાલી ઉપર આવ્યો. ચાલો આપણે પણ ત્યાં જઇએ. અબદુલ હમીદખાન પણ ત્યાંજ હશે. જુઓ અબ્દુલ હમીદખાન બેઠો છે. શેખ કરામત હુસેન પણ આવતોજ હશે. જોઇએ આ બે અમલ-દારોમાં શી વાતો થાય છે. આપણને પણ એ ખુન વિષે જાણવું છે. તેથી તેઓની વાતો પણ સાંભળવી જોઇએ. જુઓ, શેખ કરામત હુસેન પણ આવી પહોંચ્યો અને પરભારો અબદુલ હમીદ-ખાનના ઓરડામાં ગયો. તેને ગભરાએલ અને અસ્તવ્યસ્ત જોઇ અબ્દુલ હમીદખાને આતુરતા સાથે પુછયું "કેમ શા સમાચાર છે? શું કોઇથી ઝપાઝપી થઇ?"

"કંઇ ગભરાવા જેવી વાત નથી, સાધારણ ઇજા થઇ છે. હું મુન્ને સાહેબના ઘરથી આવી રહ્યો હતો, રસ્તામાં મને એક નાના બાળકે આ પત્ર આપ્યો, તેમાં ફકત એકજ લાઇન લખી છે તે એ કે "તપાસ કરવાનું માંડી વાળો, નહીં તો......" તે બાળકથી પુછતાં જણાયું કે એક માણસ આ પત્ર આપી એક ગલીમાં ચાલ્યો ગયો. અને ખાત્રીપૂર્વક જણાયું કે તે માણસ ખુની સિવાય બીજો કોઇ હોઇ શકે નહિં. હું ઘણીજ ઝડપથી બાઇસીકલ દોડાવતો તે જે

ગલીમાં ગયો હતો તે ગલીમાં ગયો. થોડે દુર ગયો હઇશ કે વચ્ચે રસ્તામાં એક દોરડું બાંધેલ જોયું, પણ હું તેની પાસેજ પહોંચી ગયો હતો, તેથી બ્રેક લગાવવા જેટલો સમય રહ્યો નહિં અને બાઇસીકલ તે દોરડા સાથે અથડાઇ ગઇ અને હું પડી ગયો, પણ ઇશ્વરનો આભાર કે વધારે માર ન લાગી, તોએ દુઃખ થયું અને મને અનિચ્છાએ અહિં આવવું પડયું," શેખ કરામત હુસેને ખુલાસેવાર કહ્યું.

"તે પત્ર મને તો જરા જોવા આપો." અબ્દુલ હમીદખાને હાથ લંબાવતાં કહ્યું.

શેખ કરામત હુસેને પત્ર આપી દીધો. અબ્દુલ હમીદખાને વાંચ્યું:—

"તપાસ કરવાનું માંડી વાળો, નહિં તો..........."

"નહિં તો પછી શું?" અબ્દુલ હમીદખાને આતુરતાથી પુછ્યું.

"નહીં તો પછી એ કે તમારા માટે સારૂં થશે નહીં, યા હું તમારૂં ખુન કરીશ. વધુમાં જે સમજો તે." શેખ કરામત હુસેને ખુલાસો કર્યો.

"એ ફક્ત ખોટાણું અને ધમકીજ છે. તે તમને શું કરી શકવાનો?"

"એમ તો ન કહો, તે ઘણોજ ચાલાક, બારીકો અને પોતાની ધુનનો પુરો જણાય છે, તોએ મને તેની બ્હીક નથી. ઠીક એતો બતાવો કે સહારનપુરમાં શું થયું?"

"થાય શું? પાછો ફરતાં હું સહરાનપુરમાં ઉતર્યો. પ્રથમ મેં પોતે તપાસ કરી પણ લીયાકત હુસેન ન મળ્યો. પછી કોટ-વાલી (ચોકી) ઉપર જઇ તપાસ કરાવી ત્યારે છ સાત લીયાકત હુસેન આવી પ્હોંચ્યા, પણ આશ્ચર્ય તો એ છે કે બધાએ ઇનકાર કર્યો કે અમારો કોઇ ભાઇ ખોવાયોજ નથી."

"મને પ્રથમથી એમજ લાગતું હતું." તે પછી અબ્દુલ હમીદખાને રેલ્વેમાં સામાન ચોરાઇ જવાના અને બાકડા નીચેથી કવર મળવાની બધી વાતો કહી સંભળાવી. શેખ કરામત હુસેને અબ્દુલ હમીદખાન પાસેથી પત્ર લઇ ઘણીજ તિવ્ર દ્રષ્ટીએ વાંચ્યો. પછી તે નાના બાળકે આપેલ પત્રની લખાવટ સાથે બીજો પત્ર મેળવ્યો.

"આ બેઉ પત્રો એકજ માણસના હાથે લખાએલ જણાય છે?" શેખ કરામત હુસેને કહ્યું.

"મને લાગે છે કે મુન્ને સાહેબ મારી સાથેજ લખનવ આવ્યો છે નહીંતર તે નાના બાળકના હાથે પત્ર તમારી ઉપર કેવી રીતે મોકલી શકતે? આપનું માનવું શું છે?"

"મારૂં માનવું કંઇ નથી. સાંકળની કડીઓ મળતી જાય છે. દરેક બનાવથી મારા વિચારોને ટેકો મળતો જાય છે. હું તો પ્રથમથીજ એમ માનતો હતો."

"શું માનતા હતા?"

શેખ કરામત હુસેને તેનો કંઇ જવાબ આપ્યો નહિં પણ કોઇ વિચારમાં લીન થઇ ગયો.

"કેમ કહેતા નથી?" અબદુલ હમીદખાને ફરી પુછ્યું.

"જરા ધૈર્ય ધરી કામ કરો. હું થોડાજ વખતમાં આપને બધી વાતોથી જાણીતો કરી આપીશ. મને એક વખત ફરી વિચાર કરી લેવા દો." એટલું કહેતાં ફરી કોઇ વિચારમાં ડુબી ગયો. લગભગ અર્ધા કલાક સુધી એજ સ્થિતિમાં રહ્યો. પછી એકાએક ચમકી અબ્દુલ હમીદખાનને પુછ્યું "શું તેનો એક પગ વાંકો હતો?"

"કોનો?"

"તેજ જે રેલ્વેમાં આપને મળ્યો હતો."

"હા, જમણી બાજુનો પગ સિધો ન્હોતો, પણ થોડોક વળેલો હતો."

"તેના હાથમાં કોઇ લાકડી કે નેતર હતી?"

"હા, એક મોટી લાકડી તેની પાસે હતી."

"ચાલતા ચાલતા તે લાકડીની મદદ લેતો હશે."

"હા, પણ તેથી તમારી મતલબ?"

"એથી મતલબ એ છે કે તેજ માણસ ખુની હતો."

"એ તો હું તમને પ્રથમથીજ કહી ચુક્યો કે તે મુન્ને સાહેબ હતો અને તેણે પોતાના પત્રમાં પોતાનું નામ પણ સ્પષ્ટ રીતે લખી આપ્યું છે."

"એ તો તેની ચતુરાઇ છે કે તેણે પોતાનું નામ મુન્ને સાહેબ લખ્યું છે! અને આશ્ચર્ય તો એ છે કે આપ જેવો અનુભવી અમલદાર પણ તેની થાપમાં આવી ગયો. એ માટે કે તે મુન્ને સાહેબ ન્હોતો પણ......"

હજી એ વાકય પુરૂં થવા પામ્યું ન્હોતું કે એકાએક એક સાહેબ બહાદુર તેના ઓરડામાં દાખલ થયો. આ બેઉ અમલદારો તરતજ તે નવા આવનારને ઓળખી ગયા કે તે પોલીસનો કપતાન બહાદુર છે, એથી તરતજ તેઓ સ્વાગત અર્થે ઉભા થયા અને હુકમની વાટ જોવા લાગ્યા.

"હમણાં મને ખબર મળી છે કે ખુની ટાંગો ભાડે કરી મોહન ગંજ તરફ ગયો છે, માટે તમે મારી સાથે મોટર ઉપર ચાલો, આપણે તેનો પીછો પકડીશું." કપતાન બહાદુરે શેખ કરામત હુસેનને કહ્યું.

"સાહેબ! સાથે થોડાક કાન્સ્ટેબલો લઇ લઉં?" શેખ કરામત હુસેને પુછ્યું.

"નહિં કંઇ જરૂર નથી. તે એકલોજ ગયો છે. આપણે બેઉ તે માટે પુરતા છીએ. તે ઉપરાંત આપણને ટાંગાવાળો મદદ કરશે. કાન્સ્ટેબલોને સાથે લેતાં વખત લાગશે, અને ખુનીને શંકાઓ ઉત્પન્ન થાય એ સંભવિત છે, માટે આપણું બન્નેનું જવુંજ ઠીક ગણાશે."

"જેવી સાહેબની ઇચ્છા."

"ઠીક, તમે હવે તુરત તૈયાર થઇ જાવો, સમય ખોવો નહીં."

શેખ કરામત હુસેન દસ મીનીટમાં ચાલવાને તૈયાર થઇ ગયો અને પોલીસના કપતાન સાથે બહાર આવ્યો. મોટર રસ્તા ઉપર તૈયાર ઉભેલી હતી બેઉ તરતજ તે ઉપર બેઠા, અને પોલીસના કપતાને મોટર ખુબ જોરથી હાંકી શહેરની બહાર જ્યારે પ્હોંચ્યા ત્યારે ફુલ સ્પીડમાં મોટર ચલાવી. લગભગ આઠ દસ માઇલ દુર ગયા હશે કે થોડે છેટે એક ટાંગા ગાડી જતી દ્રષ્ટીએ પડી.

"જુઓ, સામે તે બદમાશનો ટાંગો જઇ રહ્યો છે, હવે છટકી ક્યાં જશે? પણ જુઓ, દ્રષ્ટી ટાંગા ઉપર જમાવી રાખજો." તે પોલીસના કપતાને કહ્યું.

"સાહેબની મદદથી આ સમયે આપણે તેને કેદ પકડી શકીશું, પણ સાહેબ! ઉતાવળે આવતાં હું મારી પીસતોલ લાવવાને ભુલી ગયો છું. તેની પાસે પીસ્તોલ જરૂરજ હશે. જો તે સામે થવા તૈયાર થઇ ગયો તો ઘણી મુસ્કેલી ખમવી પડશે." શેખ કરામત હુસેને ગભરાતાં ગભરાતાં કહ્યું.

"તેની કંઇ ફીકર નહિં. મારી પાસે પિસ્તોલ છે. આજે આપણે તે બદમાશને પકડી શકીશું. અલ્પ સમયમાં તે ટાંગા નજદીક આપણે પ્હોંચી જઇશું, પછી તે કેમ છટકી શકશે?" આ વાતો થઇ રહી હતી કે તેઓએ જોયું કે તે ટાંગો અટક્યો, તેમાંથી ત્રણ માણસો નિકળી એક બગીચા તરફ ગયા અને અલ્પ સમયમાં તેઓ દેખાતા બંધ થયા.

"સાહેબ, તેઓ એકલા નથી."

"હા, ત્રણ માણસો ટાંગામાંથી ઉતર્યા છે, તેમાંથી એક તો ટાંગાવાળો હશે, બીજો તેનો સાથી જણાય છે, પણ કંઇ ફીકર નહીં, આપણે ટાંગાવાળા સાથે ત્રણ છીએ, તેઓ ત્યારે ફક્ત બેજ છે." પોલીસના કપતાને દિલાસો આપતાં કહ્યું.

"તેઓ કદાચ બગીચામાં થોભી ગયા હશે, કારણ હજી તેઓ બગીચા બહાર નિકળ્યા નથી." શેખ કરામત હુસેને કહ્યું.

"હા. પણ તેઓને આપણા આવવાની ખબર નથી. પોલીસના કપતાને કહ્યું. તેઓ પોતાને નિર્ભય માને છે, એ આપણા માટે શુભ છે. આપણે તેઓ ઉપર એકાએક તુટી પડીશું, અને તેઓને લાચારીએ આપણને તાબે થવું પડશે. એટલામાં મોટર તે ઠેકાણે પ્હોંચવા પામી જયાં ટાંગો ઉભો હતો. કપતાન પોલીસ અને શેખ કરામત હુસેન તરતજ ઉતરી પડયા. અને જલ્દીથી બગીચાની આડમાં છુપાતા છુપાતા આગળ ચાલ્યા. બગીચો ઘણોજ ઘીચો-ગીચ ભરેલો હતો. દિવસનો સમય હોવા છતાંએ ત્યાં અંધકારનો કંઇ અંશ જણાતો, કારણકે બગીચામાં મોટા મોટા વૃક્ષો ઉપરાંત અનેક ઝાડીઓએ બગીચાને ઘેરી લીધો હતો. એઓ સંભાળપૂર્વક બગીચામાં દાખલ થયા, અને એક વૃક્ષ નીચે જઇ ઉભા રહ્યા, પણ તેઓને ત્યાં કશુંએ દેખાયું નહીં, તેથી તેઓ પૂનઃ આગળ વધ્યા. છતાંએ કંઇ દેખાયું નહીં.

"એ હરામખોરો કયાં ચાલ્યા ગયા ? કયાંએ દેખાતા નથી ?" કપતાને કહ્યું.

"બગીચામાં હોય એમ જણાતું નથી. જો હોત તો જરૂર નજરે પડત. કદાચ અહિંથી ચાલ્યા ગયા હશે." શેખ કરામત હુસેને તર્ક બાંધતા કહ્યું.

"પણ કેવી રીતે ગયા હશે. આપણે તો તેને જતા જોયા નથી."

"સાહેબ! કંઇ સમજાતું નથી."

"ચુપ, ચુપ, તે હરામખોર અહિંજ છે." કપતાને એકાએક શેખ કરામત હુસેનનો હાથ પકડી ધીમેથી કહ્યું.

"શેખ કરામત હુસેન સાવધાન થઇ તીવ્ર દૃષ્ટિએ ચોમેર જોવા લાગ્યો, પણ કોઇ મનુષ્ય નજરે પડયો નહિં, એટલામાં જમણી બાજુએથી એક અવાજ સંભળાયો. એક માણુસ કહી રહ્યો હતો, "હમણાં સુધી લોશર નહિં આવ્યો?" તેણે તરતજ અવાજ તરફ નજર કરી શું જોયું? એક માણુસ ઉમરાવના વસ્ત્રો પહેરી બેઠો છે, અને બે જણા તેનાથી જરા દુર રહી અદબ વાળીને બેઠા છે. તે માણુસે ફરી પૂછ્યું, "લોશર હમણાં સુધી ન આવ્યો?" જેના ઉત્તરમાં બીજા માણુસે કહ્યું, "સાહેબ! હમણાં આવતોજ હશે."

"સાહેબ! એમ જણાય છે કે આ લોક લોશર નામના કોઇ માણુસના આવવાની વાટ જોઇ રહ્યા છે." શેખ કરામત હુસેને કપતાનને ધીમેથી કહ્યું.

"હા. આ માણુસોની વાતચીતથી એમ જણાય છે કે એ લોક લોશરના આવવાની વાટ જોઇ રહ્યા છે, પણ આપણે તો આપણું કામ કરવું જોઇએ, માટે ચાલો વૃક્ષો પાછળ થઇને આગળ

વધીએ. વળી જુઓ ! જ્યારે હું તમારો હાથ દબાવું ત્યારે તમારે તરતજ હુમલો કરવો. સમજ્યાને !" પોલીસના કપતાને સૂચના કરી.

"બહુ સારૂં સાહેબ !"

એ લોકોએ ત્યાર પછી ઘણીજ સંભાળ રાખી આગળ વધવાનું શરૂ કર્યું. જ્યારે ત્રણે જણા નજદીક પ્હોંચી ગયા, ત્યારે અકસ્માતથી પોલીસના કપતાનના પગથી એક સુકકું પાંદડું કચડાઇ ગયું. તેનો અવાજ થતાંજ ઉમરાવના વસ્ત્રમાં સજ્જ થએલાએ કહ્યું, "પધારો લોશર ! પધારો. કેમ આટલી વાર લાગી ?"

કપતાન શેખ કરામત હુસેનને પાછળ મુકી એકાએક વધી તે ઉમરાવ પાસે પ્હોંચ્યો, અને ઉમરાવ પાસે હાથ જોડી કહ્યું, "હાજર છે ગુલામ. લોશર આપનું કામ કરી આવ્યો છે. તે પોતાની તરકટ જાળમાં આપનો શિકાર પકડી લાવ્યો છે."

"ક્યાં છે મારો શીકાર ?" તેણે પુછ્યું

"વૃક્ષ પાછળ હાજર છે." કપતાને જવાબ આપ્યો.

આ વાક્ય સાંભળી શેખ કરામત હુસેનના આશ્ચર્યનો પાર રહ્યો નહિં. તેની આંખો નીચે અંધકાર છવાઇ ગયો. તેની શુદ્ધ ઠેકાણે ન રહી. તેનું મગજ ભમી ગયું. હજી તે વિચારમાંજ હતો એટલામાં તે ઉમરાવે દમદમાટ સાથે આગળ વધીને કહ્યું, "મારા પૂજ્ય મહેમાન ! હું આપની પધરામણીને વધાવી લઉંછું."

શેખ કરામત હુસેને કંઇએ જવાબ આપ્યો નહિં પણ આશ્ચર્ય અને ગભરાટની સ્થિતિમાં આંખો ફાડી ફાડી તે ઉમરાવને જોવા લાગ્યો.

તે ઉમરાવે ફરી કહ્યું, "કેમ હજી સુધી તમારી આશ્ચર્ય-વૃત્તી નાશ નથી પામી? એ કંઈ આશ્ચર્યની વાત નથી. સાંભળો, હું પોતેજ તમને જણાવી દઉં છું કે આ માણસ જે પોલીસનો કપતાન થઇ આવ્યો અને તમને થાપ આપી અહિં લાવ્યો તે મારો પુજારી અને ચેલો લોશર છે, અને મારૂં નામ ઇકબાલ હુસેન જેને તમે અને પોલીસ તથા દુનિયાના માણસો ખુનનો ભોગ થઇ પડેલ માનો છો."

શેખ કરામત હુસેનની સ્થિતિ બગડતી ચાલી. તેને ચક્કર આવવાં લાગ્યાં. તે છતાંએ તે તેની હિંમત અને ચાલાકી ઉપર નજર કરી રહ્યો હતો. તેણે પોતાની લજ્જા અને ગુસ્સાને દબાવી રાખીને જવાબ વાળ્યો "પણ મને અહીં લાવવાની મતલબ?"

"એનો જવાબ હું હમણાંજ આપું છું." ઈકબાલ હુસેને કહ્યું. "પ્રથમ હું તમારી પાસેથી લોશરના તરકટની તથા આપને આપેલા થાપની ક્ષમા ચાહુંછું. મારૂં મન કયારે કયારે લાચા-રીએ તરકટી થાય છે અને નિર્દયતા ઉપર મને લાચાર કરે છે, અને એજ કારણે મને વધુ નુકસાન થાય છે. આ સમયે તમને તકલીફ આપવાનું પણ કારણ એ હતું કે મને એવી ખબર મળી છે કે તમને ખુનની બધી હકીકતો મળી ગઈ છે અને એજ વિષે વાતો કરવા મેં તમને અહીં તેડાવ્યા છે."

"તમે જે કંઇ કહેવા ચાહો છો તે કહો, હું તમારી વાતો સાંભળવા તૈયાર છું."

"હું વધુ વાતો કરવા ચાહતો નથી. તમે તમારૂં કામ કરો, પણ મને મારી સ્થિતિ ઉપર છોડી દો."

"એટલે એજ કે તમે ખુનામરકી કરતા ફરો, અને હું પોલીસની નોકરી કરવા છતાંએ ચુપચાપ બેઠો રહું એજ ને?"

"હા મને સખ્યારા અને સ્વતંત્રતાની જરૂર છે."

"પણ મારા કારણે તમારી શાંતી અને સ્વતંત્રતામાં શો ભંગ પડે છે?"

"તમે આ ખુનના ભેદને સારી રીતે જાણો છો અને મને તે માટે પકડવા ચાહો છો"

"શું તમે ખરેખર એમજ માનો છો કે હું બધા ભેદોની માહીતી ધરાવું છું?"

"જરૂર, મને પુરી ખાતરી છે, કોઇ કલાક, કોઇ મીનીટ એવી વીતતી નથી, જેમાં હું તમારી તપાસ અને તમારા વિચારો ઉપર નજર કરતો ન હોઉં. જ્યારે લોશર તમારી પાસે પોલીસ કપતાનના વેશમાં આવ્યો તેજ સમયે તમે પુરેપુરો ભેદ અબદુલ હમીદખાનને કહી આપવા તૈયાર થઇ ગયા હતા, પણ લોશર બરાબર વખતસર મ્હોંચી ગયો અને તમને થાપ આપી અહિં લઇ આવ્યો, નહિંતર તમે બધોએ ભેદ ફોડી નાખતે."

"ખરેખર સત્યજ કહો છો." શેખ કરામત હુસેને ઇકબાલ હુસેનના વચનોને ટેકો આપતાં કહ્યું.

"પણ હવે હું ઇચ્છું છું કે તમે આ ખુનના ભેદને છુપો રાખો." ઇકબાલ હુસેને વિનંતિ કરી.

"નહિં, એમ કદી થઇ શકશેજ નહિં." શેખ કરામત હુસેને મક્કમ રહેતા જવાબ આપ્યો.

"અબદુલ હમીદખાનથી કહી દેશો કે મેં ભુલ કરી જે તમારી વિરૂદ્ધતા કરી."

"એ નહિંજ બને."

"તમે પણ તમારી તપાસનું એવું પરિણામ બતાવો, જેવો અબદુલ હમીદખાન અને જાહેર પ્રજાનો અભિપ્રાય બંધાયો છે."

"નહિં એમ કદીએ થઇ શકશે નહિં."

ઇકબાલ હુસેનને શેખ કરામત હુસેનના તોછડા અને બેપરવાહી ભરેલા જવાબોને લીધે અતિશય ક્રોધ થયો. આંખો તણાઇને લાલચોળ થઇ, કપાળે તળા પડયાં અને ગંભીર અવાજે ગુસ્સાથી ઇકબાલ હુસેન બોલ્યો, "જે કંઇ હું કહું છું તે તમને કરવુંજ પડશે. તમને તમારી તપાસના પરીણામમાં જણુવવું પડશે કે સુન્ને સાહેબે ઇકબાલ હુસેનનું ખુન કર્યું. અને તમને અબદુલ હમીદખાનના અભિપ્રાય સાથે મળતા થવું પડશે, અને જો તેમ ન કરશો તો:....."

"તો શું થશે?" શેખ કરામત હુસેને વાત પુરી થવા અગાઉ વચમાં પૂછ્યું.

"એજ થશે કે તમે પણ મુન્ને સાહેબ પાસે બીજા જગતમાં પહોંચશો."

"એટલે એમજને કે તમે મારૂં પણ ખુન કરશો?"

"જરૂર અને જરૂરજ."

"હું એવો હિચકારો નથી, જે તમારી ધમકીઓથી બ્હીને મારા કાર્ય અને મારી ફરજને પડતી મુકું. હું તમારી વાત બીલકુલ માનવા તૈયાર નથી. હું પોલીસના ખાતામાં નોકરી છું અને એજ કામ માટે પગાર મેળવું છું, કે ગુનેહગારોને સજા અપાવું. એમ કદી થઈજ શકશે નહિં કે હું મારી ફરજ ચુકી જાઉં, મારૂં અભિમાન એ કબુલજ કરતું નથી કે હું ખરી વાતને છુપાવી રાખું. હું મુસલમાન છું અને સત્યજ કહેવું એ મારો પરમ ધર્મ છે. હું બેવફા થઇ ન શકું" શેખ કરામત હુસેને જુસ્સાપુર્વક કહ્યું.

"એમ છે તો યાદ રાખો કે તમારા માટે મોત છે."

"લેશ માત્ર પણ આ દેહની પરવાહ નથી. હું એવો નિમકહરામ થઇ શકતો નથી ને મારા ઉપરીઓને ખરી વાતથી બીન માહીતગાર રાખી ગુનેહગારોને ઉત્તેજન આપું. અને તમે એ પણ જાણો છો કે જ્યારે હું ખરા ખુનીને કેદ પકડીશ, ત્યારે મારી નામના અને મારી ઇજ્જત કેવી થશે? તે ઉપરાંત મને ઇનામ સાથે ઓહ્દાએ મળશે."

"પણ એ બધું ત્યારેજ થઇ શકશે, જ્યારે તમે કેદ પકડી લ્યો. શું તમને એવી આશા છે કે તમે મને કેદ પકડી શકશો?

અને જો તમને એવી આશા હોય તો અત્યારથીજ હું તમને ખુશ ખબરી આપું છું કે તમારી આશા નિરાશામાં પલટાઇ જશે. જુઓ! તમે મને કેદ પકડો તે અગાઉ મેં તમને કેદમાં પૂર્યા છે. હમણા મારો તમારા ઉપર સંપૂર્ણ કબજો છે. હું તમને સમજાવીને કહુંછું કે તમે તમારી હઠને બાજુએ મુકો, નહિં તો તમારી પણ તેજ વલે થશે, જેવી મુન્ને સાહેબની થવા પામી."

"હું તમને એટલો હિચકારો અને નાના હૃદયનો માણસ માનતો ન્હોતો, પણ હવે તમે મને મોતની ધમકી આપી મને મારી ફરજ ચુકાવવા ચાહો છો તે કદીએ બની શકે તેમ નથી. તમે એટલુંએ જાણતા નથી કે એક સત્ય બીના જાહેર કરવામાં કેવી મજાહ આવે છે. મેં બધોએ ભેદ જાણી લીધો છે અને જરૂર એક દિવસે દુનિયા ખરી બીના જાણી જશે. રહ્યું એ કે તમને કેદ પકડવું? એ માટે મને આશા તો નથી, પણ સંપૂર્ણ વિશ્વાસ છે કે હું તમને કેદ પકડી શકીશ. તે દિવસ નજદીક આવી રહ્યો છે. જે દિવસે તમે ન્યાયમંદીરમાં હાથ કડીઓ પહેરી તમારા ગુનાહોની સજા મેળવતા હશો, તે દિવસે હું તમારાથી પુછીશ કે મારી આશાઓ વ્યાજબી હતી કે વ્યર્થ જનારી."

"સર્પ અને મુંગુસનો મુકાબલો તો થઇ શકે છે, પણ સિંહ અને બકરીનો શું થઇ શકે એમ છે? તમે બચ્ચા જેવા છો, પણ મને પકડવા માટે અનેક વયોવૃદ્ધ સી. આઇ. ડી. ઓ વ્યર્થ કોશીષો કરી અંતે હાર્યા ત્યારે તમારા જેવા બચ્ચા શું કરવાના

હતા? મેં તમને થાપ આપી અહિં તેડાવી લીધા પણ તમે એ થાપ અને તરકટને સમજી શક્યા નહીં. તમે મારા બળથી અજ્ઞાન છો અને તમને એક દિવસ જણાઇ આવશે કે તમારી બધી મહેનત વ્યર્થ જવાની."

"હું એ બીના કબુલ કરીશ કે હજી સુધી તમો પોલીસના સપાટે ચઢયા નથી, પણ એટલું તો તમારે નક્કી માનવું કે એક વખત નિષ્ફળ નીવડેલો મનુષ્ય પોતાના પ્રયત્નો જો ચાલુ રાખે તો જરૂર સફળતા પ્રાપ્ત કરી શકે છે. પ્રથમ એ મુશ્કેલી ભર્યું હતું કે એક કલાકમાં ત્રીસ માઇલની મુસાફરી કરી શકીએ, પણ હવે તેમ કરીએ છીએ. પ્રથમ એ માનવામાંજ આવતું ન્હોતું કે હવામાં ઉડીશું, પણ હવે વિમાન મારફતે ઉડીએ છીએ. એવીજ રીતે પ્રથમ ઘણી એવી ચીજો માટે અસંભવિતતા જણાતી ત્યારે હાલ આપણે તેનો સહેલાઇથી ઉપ્યોગ કરીએ છીએ. એવીજ રીતે હવે તમે તમારા કેદ પકડાવવા વિષે માની લ્યો. આજે નહીં તો કાલે પકડાશો. હવે તમે છુપાઇ રહો એ વખત વહી ગયો છે; જોઇએ તેટલી તમે ન્હાસી જવાની કોશીષ કરો તોએ તમે ન્હાસી શકશો નહીં. મને તે દિવસો નજરે પડે છે જે દિવસે તમારા હાથોમાં હાથકડી અને પગમાં બેડીઓ હું મારા હાથે પહેરાવીશ."

"તે દિવસ આવે તે અગાઉ તમારે ઘણુંએ કરવાનું છે. જુઓ! તમે મારી સાથે તકરારમાં પડો નહીં, મારા વિરોધી

આવો નહીં, હું તમને સમજાવું છું અને નમ્રતાથી કહું છું કે મારી શીખામણ માનો અને મારી સામે થવાથી દુર રહો. હું એમ ઇચ્છતો નથી કે તમને મારાથી કંઇએ ઇજા થાય. જ્યારે હું તમારા ઉપર દયા કરૂં છું, તમને ભેદ છુપાવવા કહું છું, ત્યારે તમે હઠ કરોછો, પણ યાદ રાખજો કે હાથીથી ટક્કર ઝીલવી નુકસાનકારક છે. મારી નમ્રતા અને વિવેકનું તમે ખુન કરો છો, માટે જુઓ કદાચ એમ ન થાય કે મારે પણ તમારા લોહીમાં હાથ રંગવો પડે."

"તમે મને ઘડી ઘડી ખુન કરવાની ધમકી આપો છો, પણ કાન ખોલી સાંભળો, મારા દેહમાં જ્યાં સુધી એક ટીપું લોહીનું રહેશે ત્યાંસુધી હું તમારો પીછો છોડનાર નથી. હું હવે વધારે નકામી વાતો કરવા ઇચ્છતો નથી. હું તમને છેલ્લો જવાબ આપુંછું કે મારાથી તમારી એકે વાત કબુલ કરી શકાય તેમ નથી." શેખ કરામત હુસેને છેલ્લા પાટલાની વાત કરી.

"ઠીક, તો હવે મને બીજી દુનિયામાં કેદ પકડજો. જણાય છે કે હવે તમારી જીંદગીનો પ્યાલો ભરાઇ ગયો છે. "લોશર" આ નાલાયક હરામખોરનું માથું જુદું કરી નાખો અને લાશને શહેરના આમ વાટમાં ફેંકી દો, જેથી લોકોને ખબર પડે કે ઇકબાલ હુસેન કેવો "ખબરદાર ખુની" છે!"

શેખ કસમત હુસેન પોતાના ખુનની ખબર સાંભળીને તલમાત્ર પણ ડર્યો નહીં, પણ આંખો ગુસ્સા અને શોચતામાં લાલચોળ

ચઇ. લોશર તેની તરફ વધ્યો ત્યારે શેખ કરામત હુસેન કઠોર અવાજમાં જૂસ્સાપૂર્વક બોલ્યોઃ—

"સાંભળો ! હું તમોને એવો બીચકારો અને બાયલો માનતો ન્હોતો, જોકે તમો તમારા પત્રમાં અબ્દુલ હમીદખાનને લખી ચુકયા છો કે હું મારા શત્રુને થાપ આપી મારવા ચાહતો નથી, પણ એ થાપ આપીને હુમલો કરો છો કે નહીં? તમો મને થાપ આપી લઇ આવ્યા અને હવે મારૂં ખુન કરવા તૈયાર થયા છો. શું એજ તમારી બહાદુરી અને જવાંમર્દી? એક માણસને દગાથી લઇ આવો અને એકલો પાડી તેના ઉપર જુલમ કરો, તેમ તેનું ખુન કરવા તૈયાર થાવ એજ ને?"

આ વચનો સાંભળી ઇકબાલ હુસેન ક્રોધે ભરાયો, તેની આંખો લાલચોળ થઇ ગઇ, કપાળે પરસેવાના બીંદુ ઉત્પન્ન થયાં, અને તે ગુસ્સા સાથે બરાડયો, "લોશર! એને છોડી દો, હું એને જીવતદાન આપુંછું. એ પણ જોઇ લે કે હું કેટલો ઉદાર છું. ઓ! મલીન કુતરા! તારા નાપાક લોહીથી હું મારા હાથ રંગવા ચાહતો નથી. તું મારી બહાદુરી અને જવામર્દી ઉપર શંકા કરે છે તો લે હવે હું તને ખુશી સાથે આઝાદ કરૂંછું. તારાથી થઈ શકે તેવી રીતે તું અને કેદ પકડવા કોશીશ કર પણ હું તને ચેતવણી આપું છું કે યાદ રાખજે હું કોટવાલી ઉપર આવી તને તારા કરતુકનો બદલો આપીશ. કોઈ અન્ય સ્થળે તારો વધ કરવો એ હું પાપ સમજું છું."

"નાના મુખે મોટી વાતો કરવી એ મુર્ખનું કામ છે! તમારી શી મજાલ છે કે મારો એકે વાળ વાંકો કરી શકો? તમે તો શું,

તમારા ફીરસ્તાઓ પણ કોટવાલી ઉપર આવી શકતા નથી. ત્યાં હું એવા મનુષ્યોના રક્ષણ હેઠળ છું જે તમારા જેવા બદમાશોના ટુકડે ટુકડા કરી ઉડાવી નાખે. તમે સમજો છો કે ત્યાં કોઇ તમને કશુંએ કરી શકતો નથી, એ માત્ર તમારી મુર્ખાઇ છે. હું તમને ભલામણ કરૂં છું કે જ્યારે કોટવાલી ઉપર આવવાનો વિચાર કરો ત્યારે માથે કફન બાંધી આવશો." શેખ કરામત હુસેને કહ્યું.

"ઠીક તે તો તેજ સમયે વિચારીશ." ઇકબાલ હુસેને એટલું કહ્યા પછી પોતાના એક સાથીને કહ્યું. "લોશર ! ટાંગો અહીંજ છોડી દો જેથી તેને પગે જવું પડે નહીં, અને મોટર તૈયાર કરો. હું હવે જવા ચાહુંછું."

એટલું કહેતાં ઇકબાલ હુસેને પોતાના ખીસામાંથી કોઇ એક વસ્તુ કાઢીને જોરથી જમીન ઉપર પટકી. જેના ફાટવાથી ધુમાડો ઉત્પન્ન થયો. શેખ કરામત હુસેન તે ધુમાડામાં ઘેરાઇ ગયો. આ ધુમાડામાં ઇશ્વર જાણે શી વસ્તુ હતી જેથી શેખ કરામત હુસેન ચક્કર ખાઇને શુદ્ધહિન થઇ જમીન ઉપર પડયો. અલ્પ સમય પછી શુદ્ધી આવતાં તેણે પોતાને એકલો જોઇ તરતજ ઉભો થઇ, અહીં તહીં દ્રષ્ટી ફેરવી પણ કોઇ મનુષ્ય દ્રષ્ટીએ ન પડયો, ત્યારે વિચારવા લાગ્યો કે બદમાશોએ મને શુદ્ધહીન એટલા માટે કર્યો કે પોતે કઇ દિશાએ જાય છે તે હું જોઇ શકું નહીં, પણ ચિંતા નહીં. બદમાશો મોટર ઉપર બેસવા ગયા છે તેઓની મોટરનાં પૈડાંના નિશાન ઉપરથી હું તેઓ પાછળ જઇ

શકું છું. પણ સબુર, ઇકબાલ હુસેને લોશરને ટાંગો મારા માટે તૈયાર રાખવા હુકમ કર્યો હતો, તે તેઓ કદાચ રાખી ગયા હશે. એવો વિચાર આવતાં શેખ કરામત હુસેને ટાંગો જ્યાં છોડી આવ્યો હતો તે તરફ ગયો. શત્રુઓ ટાંગો તૈયાર રાખી ગયા હતા. શેખ કરામત હુસેને વિચાર્યું ઠીક મને ટાંગો હાંકવો પડશે પણ ફીકર નહીં હું ટાંગા ઉપર બેસી વધારે સ્હેલાઇથી કોટવાલી ઉપર પ્હોંચી શકીશ, એમ વિચારતાં શેખ કરામત હુસેન ટાંગા ઉપર બેઠો ત્યારે એક મોટરના ગયાનું નિશાન તેને જણાયું. તે નિશાન એ સુચવતું હતું કે મોટર મોહનલાલ ગંજ તરફ ગઇ છે, પણ તે નિશાન ઉપર જઇ વધુ તપાસ કરવી વ્યર્થ છે, કારણ તેઓ ઘણાં છે અને હું એકલો છું. હાથે કરી ફરી તેઓના હાથમાં જઇ સપડાવું એ ગેરવાજબીજ છે. એમ વિચારતાં શેખ કરામત હુસેને ટાંગો કોટવાલી તરફ હાંકયો. થોડા વખત પછી કોટવાલી ઉપર આવી પ્હોંચ્યો. અબદુલ હમીદખાન એમ ધારતો હતો કે આજે ખુની પકડાઇને જરૂર આવશે, પણ શેખ કરામત હુસેનને એકલો આવતાં જોઇ અબદુલ હમીદખાને જીજ્ઞાસાપૂર્વક તુરત પુછયું "અરે! તમે એકલા કેમ? શું ખુની પકડાયો નહીં?"

"અરે! આજે ઇશ્વરનો આભાર માનો કે હું અહીં જીવતો પાછો આવ્યો, નહીં તો મારા આજે જરૂર બાર વાગી જતે. બદમાશોના હાથમાં હું આજે બહુજ ખરાબ રીતે ફસાયો હતો."

"કેમ! કેમ! શું છે? શી મુશ્કેલીઓ નડી?"

"મુશ્કેલીઓ નડી ખરી, પણ ઈશ્વરે કૃપા કરી; નહીં તો આજે હું પાછો ફરી શકતેજ નહીં. તે સાહેબ બહાદુર જે આવ્યો હતો, તે સુપરીટેન્ડેન્ટ ન્હોતો પણ બદમાશોનો એક સાથી લોફર હતો."

"કેમ! મશ્કરી તો કરતા નથી ને? સુપરીટેન્ડેન્ટને હું દરરોજ જોઉં છું. તમને લઇ ગયો હતો તેજ સુપરીટેન્ડેન્ટ હતો."

"હું જે કંઇ કહું છું તે ઉપર વિશ્વાસ રાખો. તે બદમાશોનો સાથી હતો અને તે મને અહીંથી થાપ આપી ત્યાં લઇ ગયો."

"પણ તમને લઈ જવાની મતલબ શી હતી?"

"ઇકબાલ હુસેન મારી સાથે કાંઇ વાત કરવા માગતો હતો."

ઇકબાલ હુસેન નામ સાંભળતાં અબ્દુલ હમીદખાન અવાચક થઇ ગયો, કારણ કે ઇકબાલ હુસેનને તે મરી ગએલો માનતો હતો, અને આજે તેજ મરણ પામેલા પુરૂષ સાથે વાતચીત કરવા માટે શેખ કરામત હુસેન ગયો હતો, એ સાંભળી પહેલાંતો તેનાથી કાંઇ બોલાયું પણ નહીં. થોડીવાર રહી તે ગભરાટમાં પોકારી ઉઠયો "કોણ? ઇકબાલ હુસેન?!! ઇકબાલ હુસેન તો કયારનો માર્યો ગયો છે!"

'આહા, હા, હા,' શેખ કરામત હુસેને હસતાં ઉત્તર વાળ્યો, 'ના, ના, ઈકબાલ હુસેન માર્યો ગયો નથી, પણ મરી જનાર પુરૂષ તો મુન્ને સાહેબ હતો અને તેને મારી નાખનાર આ

આપણા નામાંકીત મિત્ર ઇકબાલ હુસેન હતા, અને તે પણ હજી સુધી જીવતા રહેવા પામ્યા છે.'

શેખ કરામત હુસેનના મુખદ્વારા ઉપરોક્ત વચનો બહાર પડતાં અબ્દુલ હમીદખાન આશ્ચર્ય સાગરમાં ગોથાં ખાવા લાગ્યો, અને પોતાની કફોડી થઈ પડેલી સ્થિતિ માટે મનમાં મુંઝાવા લાગ્યો.

અબ્દુલ હમીદખાનને અજાયબીમાં ચુપ ઉભેલા જોઇ, સબ ઇન્સ્પેકટરે કહ્યું. 'મારા વ્હાલા મિત્ર એમાં અજબ થવા જેવું કાંઇ નથી. હું જે કાંઇ કહી ગયો છું તે ખરૂંજ છે, અને તેના પુરતા પુરાવાઓ પણ મારી પાસે હાજર છે.'

હા એ ખરૂં પણ ગાંડા ભાઇ, જો મુન્ને સાહેબ માર્યો ગયો હોત, તો તે મારી વસ્તુઓ અને સામાન કેમ ચોરવી લઇ ગયો? અને મને તેના નામનો પત્ર કેવી રીતે મળ્યો?

હું અગાઉથીજ આપને કહેતો આવ્યો છું કે આપણને એક ચબરાક અને ચંચળ ખુની સાથે લડવું છે, તેથી જો આપણે બનતા બનાવો પ્રત્યે જરા પણ ધ્યાન આપીશું તો સરળ માર્ગ મુકી આડે માર્ગે ઉતરી પડીશું. તમને જે કાગળ મળ્યો તે મુન્ને સાહેબે લખ્યો ન્હોતો, પણ તેનો લખનાર તો આ કમજાત ઇક-બાલ હુસેન છે. અને તે ફક્ત આ "ખબરદાર ખૂની"ની ચાલાકી હતી, જે તેણે પોતાના નામ ઠેકાણે મુન્ને સાહેબના નામને ઠેસવી દીધું, અને તેનું કારણ માત્ર એટલુંજ હતું કે આપણે મુન્ને

સાહેબને ખુની માની લઇએ, અને તે અંધારામાં ઇકબાલ હુસેન સ્વતંત્ર રહી હરી ફરી શકે.

'આ તમે શું બકો છો?' અબ્દુલ હમીદખાન બુમ મારી ઉઠયો.

તેના એકાએક બુમ મારતાં શેખ કરામત હુસેન ગભરાઇ ગયો, પણ તરતજ તેણે જવાબ આપ્યો, 'હા, હાલ, તમને કાંઇ પણ સમજ પડે એ અશકય છે, પણ જયારે હું સઘળી વિગતોથી તમને પરિચિત કરીશ ત્યારેજ તમને સમજાશે.'

તો પછી બોલતા કેમ નથી? ચાલો કહો, મને સઘળી હકીકત કહી સંભળાવો.

હમણા નહીં. આપને થોડો સમય થોભવું પડશે, કારણ કે ભેદની સાંકળની એક કડી હજી જડી નથી. જોકે તે કડીને પણ મેળવી લેતાં મને હવે વધુ વાર લાગવાની નથી, છતાં પણ હમણાં હું આપને કંઇ કહી શકતો નથી, તે માટે ક્ષમા ચાહું છું.

ના, ના, હમણાં ને હમણાં કહો, કે શી બાબત બની છે, મને એક પળ પણ હવે ચેન મળવાનું નથી, માટે જેમ બને તેમ જલ્દી સઘળી હકીકતથી મને પરિચિત કરો.

# પ્રકરણ સાતમું.

## ખબરદાર ખુની.

અબ્દુલ હમીદખાને શેખ કરામત હુસેનને બહુજ આગ્રહ કર્યો, અને છેવટે તે ચપળ જાસુસ મનાયો. તેણે અબ્દુલ હમીદખાનને આશ્વાસન આપતાં કહ્યું, "જો તમારી ઇચ્છા હમણાંજ સઘળી વિગતો જાણવાની હોય, તો મને થોડો સમય આપો, કે જેથી હું રીપોર્ટ તૈયાર કરી શકું, જે બાદ તમે તે રીપોર્ટ વાંચી સઘળી હકીકત જાણી લેજો."

એટલું કહેતાં, શેખ કરામત હુસેન ઉભો થયો અને લખવાની સામગ્રીઓ લઇ બાજુમાંજ આવેલી ઓરડીમાં ચાલતો થયો. ત્યાં જઈ તેણે પોતાનો રીપોર્ટ લખવાની શરૂઆત કરી, જે વાંચક વર્ગની જાણ ખાતર અમે નીચે લખી લઈએ છીએ:—

"હજી સુધી પોલીસ, તેમજ પ્રજા એમજ માનતી આવી છે, અને એથી વધુ ભાર મુકતાં કહું તો તેઓ નક્કી-માની બેઠા છે, કે મુજો સાહેબ નામના પુરૂષે ઇકબાલ હુસેનને મારી નાખી તેના સબને કયસર બાગમાં ફેંકી ગયો છે. હું પણ પહેલાં એજ અનુમાન બાંધી બેઠો હતો, પણ મને તે સાથે અજાયબી પણ ઉપજી હતી, ને ખૂનીએ ખૂન કરી લાશને કયસર બાગ જેવા પ્રખ્યાત સ્થળ

ઉપર કેમ મુકી ગયો ? કારણુ કે ખૂનીને તો લાશને ક્યાંય દાટી દેવી જોઇતી હતી, અથવા તો એવાજ બીજા ગુપ્ત સ્થળે સંતાડી રાખવી હતી, ત્યારે તેમ ન કરતાં, ખૂની તે લાશને એવા લત્તા ઉપર છોડી ગયો, કે જ્યાં માણુસોનો આવજાવ જાથુકનો રહ્યા કરે છે, અને તેથી એમ સીદ્ધ થતું હતું, કે ખૂનીને ખૂન સંતાડવા બદલ જાહેરમાં લાવવાની ઇચ્છા હતી. અને એક ખૂની કદીપણુ પોતાના કર્તવ્યને જાહેરમાં નજ મુકી શકે, કારણુ કે તેને તો પોલીસની ધાસ્તી રહેવીજ જોઇએ. ત્યારે આ ખૂની એમજ માનતો હતો કે તે કદી પણુ પોલીસના હાથમાં આવી શકવાનો નથી, અને પોલીસ તેને મુકી દઇ જરૂર આડે માર્ગે જશે.

આ મામલો બહુજ ગુંચવણી ભરેલો હતો, જેને સમજવા મેં મારી પુરતી શક્તિનો ભોગ આપ્યો, છતાં પણુ બિના શી બની છે, તે હું નજ સમજી શકયો.

મળી આવેલા શબ ઉપર જે કોટ હતો, તેના કૉલર ઉપર મેસર્સ ટેલર એન્ડ કુાં૦ ના નામની પટી સીવેલી હતી, જેને જોઇ અબદુલ હમીદખાન સાહેબ, મેસર્સ ટેલર એન્ડ કુાં૦ ના માલીકને મળવા ગયા, જ્યાં જતાં તેમને જણાયું કે, ઇકબાલ હુસેન જે દિવસે માર્યો ગયો હતો તેજ દિવસે તે દુકાને આવી કોટ લઇ ગયો હતો. વળી તેના હાથમાં એક મુદ્રિકા પણુ હતી, જે વિષે ટાંગાવાળાએ પણુ સાક્ષી પુરી હતી. વળી જે નેતર તે મેસર્સ ટેલરને ત્યાં ભૂલી ગયો હતો, તેને પણુ ટાંગાવાળો ઓળખતો હતો.

એટલી વિગતોથી એમ સ્પષ્ટ જણાઇ આવે છે કે, જે લાશ કૈસર બાગમાંથી મળી આવી હતી તે બીજા કોઇની નહીં, પરંતુ ઇકબાલ હુસેનનીજ હતી, અને તે બાબત ઉપર ન તો પોલીસ કાંઇ વિચારી શકી અને ન તો પ્રજા તે ભેદને જાણી શકી.

વળી સૌથી પહેલાં જ્યારે મેં લાશને જોઇ, ત્યારે મને ત્યાં એક ટીપું લોહીનું દેખાયું નહીં. તેથી મને અજાયબી ઉપજી, અને હું તરતજ સમજી ગયો, કે આ ખૂન કયસર બાગમાં નહીં, પરંતુ કોઇ ભળતાજ સ્થળે કરવામાં આવ્યું હતું. ખૂન ભલે ગમે તે ઠેકાણે કરવામાં આવ્યું હોય, પણ લાશના અંગ ઉપર તો ખૂનના દાઘ હોવા જોઇએ? અને વધુ ગુંચવણ એજ વાતની હતી, કે લાશ ઉપર પણ એકે દાઘ લોહીનો દેખાતો નહોતો અને તેથી હું તરતજ પામી ગયો કે જે વસ્ત્રો લાશના અંગ ઉપરથી મળી આવ્યાં હતાં, તે ખૂન થયા પછીજ તેને પહેરાવવામાં આવ્યાં હતાં. વળી કયસર બાગમાં જે પગલાંના ચિન્હો મને જણાયાં, તેમાં કેટલાક તો ઝાંખા હતા, અને બાકીના સ્પષ્ટ જણાતાં હતાં. વળી દરેક પગલાના નિશાન પાસે લાકડીના નિશાન પણ હતાં, જે ઉપરથી હું સમજી ગયો કે ખૂનીના એક પગમાં ખોડ છે, અને તેવાજ ચિન્હો મેં મુન્ને સાહેબના ઘરમાં પણ જોયાં હતાં. હવે એકજ બાબત તપાસવાની રહી ગઇ હતી, તે એ કે મુન્ને સાહેબના એક પગમાં ખોડ હતી કે નહીં? તેથી હું અને અબ્દુલ હમીદ ખાન ઘરધણીને મળવા ગયા, જ્યાં મેં તેને પુછી જોયું, તો મને જણાયું, કે મુન્ને સાહેબ એક જુવાન, સુંદર અને મજબુત કાઠીનો

માણુસ હતો. જ્યારે એટલી સાબીતીઓ મળી ચુકી ત્યારે હવે મુન્ને સાહેબ ખૂની હોય એ માનીજ કેમ શકાય? જેથી હું એજ વિચાર ઉપર આવ્યો કે ખૂની મુન્ને સાહેબ નહીં પરંતુ ઇકબાલ હુસેન હતો. વળી અબ્દુલ હમીદખાન સાહેબને પુછતાં જણાયું કે, જે વ્યકિત તેમને આગગાડીમાં મળી હતી તેના એક પગમાં જરા ખોડ હતી, અને તે લાકડીનો ટેકો લઇ હરતો ફરતો હતો. જેથી એમ સિદ્ધ થયું કે, તેજ ખૂની હતો. હવે જે બાબત નકકી કરવાની હતી તે એજ કે તેજ માણુસ ઇકબાલ હુસેન હતો કે નહીં. હું એજ વિચારમાં હતો, કે ખૂનીએ, લોશરને પોલીસ અમલદારના વેશમાં મારી પાસે મોકલ્યો, અને તે મને છેતરી પોતાની સાથે લઇ ગયો, જ્યાં ઇકબાલ હુસેન પોતે પણુ હાજર હતો, અને તેણે પોતાના મોઢેજ મને કહ્યું, કે મુન્ને સાહેબને મારનાર તે પોતે હતો, છતાં હુંતો તેના પગ સામુંજ જોઇ રહ્યો, કે તે લંગડો છે કે નહીં. અને તે જોવા મને વધુ વાર ખોટી થવું પડયું નહીં. કારણુ કે જે માણુસ લોશરના નામે ઓળખાતો હતો, તે જરા ચાલ્યો, અને મેં જોયું કે તે જરા લંગડાતો હતો, વળી લોશર જ્યારે મારી પાસે આવ્યો, ત્યારે તેના પગ ઉપર મારી દષ્ટિ ન પડી, અને જ્યારે મેં જાણ્યું કે તે લંગડો છે, ત્યારે હું તરતજ પામી ગયો કે, ખૂન કરવામાં લોશરનો પણુ હાથ છે, અને જે પગલાં હું કયસર બાગમાં જોઇ આવ્યો હતો, તે લોશર-નાજ હતાં. હવે જે છેલ્લી બાબત વિચારવાની હતી, તે એજ કે લાશ કયસર બાગમાંથી મળી આવી હતી, તે મુન્ને સાહેબનીજ

હતી કે કોઇ બીજાની?! કારણુ કે જે લાશને મેં જોઇ હતી તે જરા ટુંકા કદની હતી, જ્યારે ઘરધણીના કહેવા મુજબ મુન્ને સાહેબ એક લાંબો માણુસ હતો. જેથી એમ સાબીત થતું હતું કે જે લાશ બાગમાંથી મળી હતી, તે મુન્ને સાહેબની નહીં પરંતુ કોઈ ભલતાજ પુરૂષની હતી. ત્યારે વળી એક પ્રશ્ન ઉભો થતો હતો, કે, "આ લાશ કોની હતી?" આ કોયડો હજી સુધી હું ઉકેલી શકયો નથી, પરંતુ આશા રાખું છું, કે તેનો પત્તો પણુ હું થોડાજ સમયમાં મેળવી લઇશ, હજી એક વધુ કાર્ય જે પોલીસને કરવું છે, તે એ કે, મુન્ને સાહેબની લાશ શોધી કાઢવી અને તે હું શોધી કાઢીશ એમ હીમ્મત તેમજ ખાત્રી પૂર્વક જણાવું છું.

હું જાણું છું, કે જે વાત હું લખી રહ્યો છું, તે બહુજ મુશ્કીલ છે, કારણુ કે, જે માણુસ ખૂન કરી લાશને કયસર બાગ જેવા મોટા લત્તા ઉપર મુકી જાય, જે માણુસ સહારનપુરથી લીયાકત હુસેનના નામે ઇનામ જાહેર કરે, જે માણુસ અબ્દુલ હમીદખાન જેવા ચંચળ ડીટેકટીવને ચાલતી ગાડીમાં હેરાન કરે, તેવા માણુસ સામે ટક્કર ઝીલવી તે કોઇ બચ્ચાં જેવી રમત નથી. છતાં પણુ હું તે કાર્ય પુર્ણુ કરીશ અને જરૂર કરીશ."

શેખ કરામત હુસેન એટલું લખી ચુકયો હતો એટલામાં એક કોન્સ્ટેબલ દાખલ થયો, અને ડીટેકટીવના હાથમાં એક પત્ર મુકી કહેવા લાગ્યો, "મહાશય, હું દરવાજા આગળ ઉભો હતો,

એટલામાં એક માણુસ આવ્યો, અને મને આ ચીઠ્ઠી આપને આપવા કહી ચાલતો થયો."

"પણુ તે હતો કોણુ?"

સાહેબ, મેં તેને પુછ્યું હતું કે "તું છે કોણુ?" ત્યારે તેણે "સઘળી હકીકત ચીઠ્ઠીમાં લખી છે" એમ કહી તરતજ ચાલ્યો ગયો.

"ઠીક છે, તમે જાઓ." એટલું કહેતાં કરામત હુસેને ચીઠ્ઠી ખોલી તો તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

કરામત હુસેન,

"હું તમને અગાઉ એક વખત પત્રદ્વારા જણાવી ચુકયો છું કે તમે આ કામ પડતું મુકો, ફરી એક વાર તમને મોઢેપણ કહ્યું, અને હવે આ ત્રીજી વાર ફરી તમને ચેતવણી આપું છું કે મીથ્યા મહેનત કરવી છોડી દો. તમે જે રીપોર્ટ લખી ચુકયા છો તેને ફાડી નાંખો, નહીં તો યાદ રાખજો કે તમે હેરાન થશો. મને લાગે છે કે યમદુત તમને જલદી ઉપાડી જવાની ઇચ્છા ધરાવે છે, નહીં તો તમે મારૂં કહ્યું જરૂર માન્ય રાખતે. હું તમને તમારી હદ મુકી દેવા કહું છું માટે મારૂં કહ્યું માનો. તમે એટલું પણુ સમજી શકતા નથી કે જે માણુસ તમારા દરેકે દરેક કાર્યને તપાસે છે, તમારી પાછળ ને પાછળ ભમે, તમે રીપોર્ટ લખવા ઓરડીમાં ગયા, અને મને ખબર પડી ગઇ, તમે જે કામ કરવા માટે વિચાર કરો છો તેની મને ખબર

પડી જાય છે, માટે તેવા માણુસ સામે ટક્કર ઝીલી પોતાને સંકટમાં નાખવા કરતાં, તો તમે આ તપાસ મુલતવીજ રાખો."

પત્ર વાંચી રહેતાં, કરામત હુસેન ઉઠયો, અને અબ્દુલ હમીદખાન પાસે આવી બેઠો. તેને બેસતાં બે પળ પણ ન વીતી હશે, કે મુન્ને સાહેબના ઘર આગળ પહેરો ભરતા સીપાહીઓમાંનો એક ત્યાં આવ્યો, અને કહ્યું, "સરકાર, અમે આપના હુકમથી મુન્ને સાહેબના ઘર આગળ પહેરો ભરતા હતા. આખો દિવસ શાંતિમાં ગયા પછી સંધ્યા સમયે એક માણુસ તે મકાન પાસે આંટા ફેરા કરતો નજરે પડયો. થોડીવાર સુધી તો તે એમ ને એમ ફર્યો જે બાદ અમને તે પ્રત્યે શંકા ઉત્પન્ન થતાં અમે તેને પુછવાનો નિશ્ચય કર્યો અને તેની પાછળ ગયા. અમને આવતા જોઇ તે તરતજ ત્યાંથી ચાલતો થયો અને અલ્પ સમયમાં દેખાતો બંધ થયો. અમે ઘણીએ શોધ કરી છતાં તે ન મળ્યો અને છેવટે અમને નિરાશ થઇ પાછા ફરવું પડયું. પણ ઘર આગળ આવતાંજ તે માણુસ અમને ઘરના અંતરીમ ભાગમાં કોઇ વસ્તુ શોધતો અમને મળ્યો. તરતજ અમે તેને પકડવા ધસ્યા અને તે માણુસ તરતજ એક બાજુથી ઓરડીમાં ઘુસી ગયો, અને દરવાજાને અંદરથી બંધ કરી ભરાઇ બેઠો. તરતજ ત્યાં થોડાક સીપાહીઓ રાખી હું આપ સાહેબને ચેતાવવા અહીં દોડતો આવ્યો છું."

સીપાહીની વાત સાંભળી લેતાં શેખ કરામત હુસેને કહ્યું, "ઠીક છે. તમે ચાલો, હું તમારી પાછળજ આવું છું."

હજી શેખ કરામત હુસેન બોલી પણ ન્હોતો રહ્યો કે અબ્દુલ હમીદખાન આનંદમાં પોકારી ઉઠયો, "હવે તે હરામખોર ક્યાં જવાનો છે? બસ આ સમયે તો આપણીજ જીત છે." એટલું કહેતાં તે ઉભો થયો, અને શેખ કરામત હુસેનને પણ ચાલવાને કહ્યું. સબ ઇન્સપેકટર શેખ કરામત હુસેન પણ ઉઠયો અને આ બન્ને જાસુસો એક ટાંગામાં બેસી મુન્ને સાહેબના ઘેર જવાને રસ્તે પડયા.

ત્યાં પહોંચતાં કરામત હુસેને એક કોન્સટેબલને પુછયું, "શું તે અંદરજ છે?"

"જી, હા, સાહેબ જ્યારથી તે અંદર ગયો છે ત્યારથી અમે જરા પણ હાલ્યા નથી" ઉત્તર મળ્યો.

શેખ કરામત હુસેન અને અબદુલ હમીદખાન આગળ વધ્યા અને દરવાજાને ઘણાજ જોરથી ઠોકવા લાગ્યા, છતાં અંદર ભરાએલા પુરૂષના પેટનું પાણી પણ ન હાલતું હોય તેમ તે શાંતજ રહ્યો. જ્યારે ઇન્સ્પેકટરો દ્વાર ઠોકતા થાકયા ત્યારે લાચારીએ દરવાજો તોડવાની આજ્ઞા આપી અને તરતજ દરવાજો તોડી નાંખવામાં આવ્યો.

દરવાજો તુટતાં ઇન્સ્પેકટરો અંદર દાખલ થયા અને તરતજ શેખ કરામત હુસેન પોકારી ઉઠયો. "હેં!!! તે કયાં છે?"

'જશે કયાં? મહાશય તે હરામખોર અહીંજ હશે.' એક સીપાહીએ ઉત્તર વાળ્યો.

'હશે કયાં? અહીં હોત તો નજરે ન પડત?' ફરી તે સબ ઇન્સ્પેકટર ક્રોધાવેશમાં પોકારી ઉઠયો.

"હશે, અહીંજ હશે. ઉભા રહો હું હમણાજ તેને શોધી કાઢું છું." અબ્દુલ હમીદખાન હવે બોલ્યો અને તરતજ તે ત્યાં પડેલી બે ત્રણ પેટીઓ ઉઘાડી તેમાં જોવા લાગ્યો. થોડીવાર સુધી પેટીઓ સાથે ફાંફાં માર્યા પછી તે પાછો આવ્યો અને માથું ખજવાળતાં કહ્યું, "પેટીઓમાં તો નથી."

"ત્યારે તે કયાં ગયો?" ફરી શેખ કરામત હુસેન બોલ્યો.

"સાહેબ, જ્યારથી અંદર ભરાયો છે ત્યારથી અમે અહીંજ છીએ, એટલે કેમે કરી તે બહાર તો ગયોજ નથી. અમે નજરો નજર તેને અંદર જતાં દીઠો છે, કાંઇ નહીં પણ છે તે આજ કોટડીમાં." એક સીપાઇએ ઉત્તર વાળ્યો.

સીપાઇના ઉચ્ચારેલા શબ્દો સાંભળી કરામત હુસેન બોલ્યો, "આતો 'છુમંતર'નો સામાન દેખાય છે. તે બહાર પણ ગયો નથી, અહીં પણ નથી, ત્યારે ગયો કયાં? શું આકાશ ઉપર ઉડી ગયો કે ધરતીમાં પેસી ગયો?"

"હું તો ધારૂં છું, સાહેબ કે તે અહીંજ હશે." એક સીપાઇ ફરી બોલી ઉઠયો.

તેને બોલી રહેતાં અબ્દુલ હમીદખાન ક્રોધે ભરાયો અને કહ્યું, "અહીંજ છે, અહીંજ છે, અહીંજ છે, બસ એ શબ્દ સીવાય

તમને વધુ કાંઈ આવડતુંજ નથી. ક્યાં છે અહીંઆ ? શું તે કોઇ કીડી છે કે ન દેખાય ?"

"શું કહું સાહેબ, અમારી સામે તે આ કોટડીમાં ગયો છે અને ફરી તે બહાર ગયોજ નથી."

ચાલો, ફરી એકવાર સઘળે તપાસ કરો. શેખ કરામત હુસેને હુકમ આપ્યો અને તરતજ સઘળા સીપાઇઓ શોધખોળ ચલાવવા મંડી પડયા. પણ છેવટે નિરાશા સિવાય આશાનું એકે ચિન્હ તેમને ન જણાયું. છેવટે તેઓ થાકયા અને ચોકી ઉપર પાછા ફરવાના નિશ્ચય ઉપર આવ્યા, પણ કોણ જાણે વળી તેમને શું સુજયું કે તેઓએ ત્યાંજ રહેવાનું ધાર્યું અને તે બન્ને ઇન્સ-પેકટરો સીપાઇઓ સાથે તે ઘર પાસે ચોકી પહેરો કરતા બેઠા. શેખ કરામત હુસેન અને અબ્દુલ હમીદખાન એક કોટડીમાં જઇને બેઠા અને એજ ખુન વિષે વાતચીત કરવા લાગ્યા. લગભગ મધ્ય રાત્રે શેખ કરામત હુસેન કોઇ કાર્યાર્થે ત્યાંથી ઉઠયો, અને અબ્દુલ હમીદખાનને તેજ કોટડીમાં છોડી બહાર ચાલ્યો ગયો.

શેખ કરામત હુસેનને બહાર જતાં થોડીજ વાર થઇ હશે, કે અબ્દુલ હમીદખાનને એક માણુસ તે કોટડીમાં દેખાયો. જાણે કંઇ કહેવા માગતો હોય તેમ હાથથી ઇસારો કરતાં પાસે આવ્યો. અબ્દુલ હમીદખાને તરતજ પોતાની પીસ્તોલ બહાર કાઢી અને બરાબર નેમ તાકી ગોળી છોડી. ગોળીના છુટતાં તે માણુસે એક દુઃખની ચીચીયારી પાડી અને નીચે પડયો. તરતજ અબ્દુલ

હમીદખાન ઉઠયો, અને તેને પકડવા દોડયો, પણ તે ઘાયલ થએલા માણસે એક વસ્તુ જોરમાં જમીન ઉપર ફેંકી અને તે ફાટતાં તેમાંથી ધુમાડો પ્રગટયો, અને અબ્દુલ હમીદખાન પણ ત્યાંજ અટકી ઉભો રહ્યો. એટલામાં તો શેખ કરામત હુસેન પણ પીસ્તોલનો અવાજ સાંભળ્યાથી દોડી આવ્યો, અને પુછ્યું "કેમ! કેમ!! શું થયું? આપે પીસ્તોલ શાને ફોડી?"

"તેને કેદ કરો. તે હરામખોર મારી પીસ્તોલ વડે ઘાયલ થયો છે." અબ્દુલ હમીદખાન બોલી ઉઠયો.

હવે ધુમાડો પણ કાંઇ ઓછો થયો હતો એટલે સઘળા સીપાહીયો અને શેખ કરામત હુસેન તે જખ્મી પુરૂષને પકડવા દોડયા પણ......ત્યાં તેમને કોઇ ન દેખાયો.

હવે તો અબ્દુલ હમીદખાન બહુજ વિચારમાં પડયો. થોડી-વાર રહી તે ફરી પાછો બોલ્યો, "કરામત હુસેન મને કાંઈ સમજ પડતી નથી. મેં મારી પીસ્તોલ ચલાવી અને તરતજ તે ઘાયલ થઇ નીચે પડયો. નીચે પડતાં તેણે કોઇ વસ્તુ ભોયપર ફેંકી અને આખી ઓરડી ધુમાડામાં ઘેરાઇ. ધુમાડો નીકળી જતાં તે માણસ પણ જાણે હવામાં ઉડી ગયો હોય તેમ કયાં ચાલ્યો ગયો. આ શું? મને તો હવે કાંઇ સુજતું નથી."

"ત્યારે હવે આપણે શું કરીશું!" શેખ કરામત હુસેને પુછ્યું."

"કરીશું શું?" અબ્દુલ હમીદખાન ચીરડાયો. સઘળા સીપાહીયોને તપાસ કરવા મોકલી આપો. જો મળશે તો ઠીક નહીં તો પછી બીજા ઉપાય શોધીશું.

તરતજ સઘળા માણસો તે ગુમ થયેલા ભેદી પુરૂષને શોધી કાઢવા ફરી વળ્યા, પણ તે ચબરાક અને ચાલાક પુરૂષનો ક્યાંએ પત્તો નજ લાગ્યો.

—:○:—

## પ્રકરણ આઠમું.

### અબ્દુલ હમીદખાનનું ખુન.

શેખ કરામત હુસેન અને અબ્દુલ હમીદખાન પેલા ભેદી પુરૂષને શોધી શોધી થાકયા અને છેવટે પાછા એક ઓરડીમાં આવી બેઠા અને સઘળા સીપાહીઓને પણ ખબરદાર રહેવાની ચેતવણી આપી. છેવટે પ્રભાતકાળ થતાં એક ટપાલીઓ ત્યાં આવ્યો અને અબ્દુલ હમીદખાનના હાથમાં એક પત્ર મુકી ચાલતો થયો. અબ્દુલ હમીદખાને તરતજ તે પત્ર ખોલીને વાંચ્યો જેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

અબ્દુલ હમીદખાન,

તમે અમારા માનવંતા સરદારને તમારી પીસ્તોલ વડે ઘાયલ કર્યા છે. હવે તમે પણ સંભાળમાંજ રહેજો. અમે તમને કોઇ

પણ નુકશાન પહોંચાડવા ન્હોતા માગતા તે છતાંએ તમે અમારા સરદાર ઉપર પીસ્તોલ ચલાવી. હવે તમે ચેતતા રહેજો, કારણ કે અમારો બદલો અમે એવી રીતે લેશું કે તમને તે બહુજ ભારે પડી જશે. તમારી પીસ્તોલથી ઘાયલ થએલા અમારા બહાદુર સરદાર આ સમયે મરણ પથારી ઉપર સુતા છે, અને જે દિવસે તેઓ પ્રાણ ત્યાગશે તેજ દિવસે તમારી જીંદગી પણ ભરાઇ જશે. તમે તમારા હાથેજ તમારા પગ ઉપર કુહાડો માર્યો છે અને અમારી સાથે શત્રુતા સાંધી છે, માટે હવે તમે પણ ચેતતાજ રહેજો.

પત્ર વાંચી રહેતાં અબ્દુલ હમીદખાન કાંઇ વિચારમાં પડયો. તેને વિચારવંત સ્થિતિમાં બેઠેલો જોઇ શેખ કરામત હુસેન બોલી ઉઠયો, "અહં. એમાં વળી વિચારવાનું શું હતું? એવી ધમકીઓ તો અનેકવાર આપણે અનુભવી ચુકયા છીએ. વળી તમે સરકારી અમલદાર છો એટલે તમારા બચાવ માટે અનેક ઉપાયો આપણે શોધી શકીશું."

"અહા, હા, હા, હા." શેખ કરામત હુસેનના બોલી રહેતાં અબ્દુલ હમીદખાને હસતાં કહ્યું, "મને! મને બીક?!! આ તમે શું બોલો છો? જો હું એવીજ ધમકીઓથી બ્હી જાઉં તો પછી જાસુસી કરવા નીકળ્યોજ શાને? અને એવા ગંભીર મામલાઓમાં માથુંજ શાને મારૂં? તે બાયલાઓની શી મજાલ છે કે મારો વાળ પણ વાંકો કરી શકે. પણ મને તો વિચાર અને અફસોસ

એ વાતનો થાય છે કે તે હરામખોર આપણા હાથમાથી છટકી ગયો."

"હમણા છટકી ગયો તો હવે પછી સપડાશે." શેખ કરામત હુસેન બોલી ઉઠ્યો.

"એમાં શંકા નથી કે એક ને એક દિવસે આપણે તેને કેદ કરીશું. વળી હાલ તે જખ્મી પણ થયો છે એટલે આપણે તેને બહુજ સહેલાઇથી પકડી શકીશું." અબ્દુલ હમીદખાને નિર્ભયતા દર્શાવી કહ્યું.

અબ્દુલ હમીદખાન અને શેખ કરામત હુસેન જે બાદ બીજી ત્રીજી વાતો કરવા લાગ્યા અને છેવટે ત્યાંથી ઉઠી વિશ્રાંતી લેવા સુઇ ગયા.

સંધ્યા સમય થતાં તેઓ જાગ્યા અને નાસ્તો પાણી લઇ ફરી વાર મુન્ને સાહેબના ઘર આગળ પહેરો ભરવા લાગ્યા. મધ્ય-રાત્રી થતાં અબ્દુલ હમીદખાન અને કરામત હુસેન ઉંઘવાની તૈયારી કરવા લાગ્યા અને ખુનીને પકડવા પાછળ અથાગ મહેનત કરનારા આ બન્ને અમલદારો થોડાજ સમયમાં નિદ્રાવશ થયા.

પ્રભાતકાળ થતાં શેખ કરામત હુસેન જાગ્યો અને આસ-પાસ દૃષ્ટિ ફેરવતાં તેને અબ્દુલ હમીદખાનની પથારી ખાલી પડેલી જણાઇ. અબ્દુલ હમીદખાન ક્યાં બહાર ગયો હશે એમ ધારી

તે થોડીવાર સુધી ત્યાંજ બેસી રહ્યો. જ્યારે ઘણોજ સમય વિત્યા છતાં ઇન્સ્પેક્ટર નજ આવ્યો ત્યારે તેને ચિંતા ઉત્પન્ન થઇ અને તરતજ તેણે બહાર પહેરા ઉપર ઉભેલા સીપાહીને બોલાવી પૂછ્યું, "ઇન્સ્પેક્ટર સાહેબ કયાં ગયા છે?"

"ઇન્સ્પેક્ટર સાહેબ તો કયાં પણ નથી ગયા." ઉત્તર મળ્યો.

"હેં! શું ક્યાં પણ નથી ગયા? ત્યારે તેમની પથારી કેમ ખાલી પડી છે? !!!" શેખ કરામત હુસેને આશ્ચર્ય દર્શાવતાં કહ્યું.

સબ ઇન્સ્પેક્ટરને આશ્ચર્યયુક્ત જોતાં સીપાહી પણ જરા ગભરાયો અને બોલ્યો, "તે વિષે હું શું જાણી શકું નામદાર?"

શેખ કરામત હુસેન હવે છલાંગ મારી ઉભો થયો અને ચોમેર દૃષ્ટિ ફેરવતાં તેની નજર ઇન્સ્પેક્ટરની પથારી ઉપર પડી અને તેણે અબ્દુલ હમીદખાનની પથારી લોહીથી તરબોળ જોઇ.

પથારી ઉપર લોહી જોતાં કરામત હુસેન ત્યાંજ સ્તબ્ધ થઇ ઉભો. થોડી વાર સુધી તો તે કાંઇ બોલી પણ ન શકયો છતાં તેના નેત્રો અશ્રુથી ભીંજાયલા સ્પષ્ટ દૃષ્ટિગોચર થતા હતા. થોડી વાર રહી તેણે એક નિશ્વાસ નાંખ્યો અને કહ્યું, "અફસોસ, ઇન્સ્પેક્ટર સાહેબ પણ તે હરામખોરના હાથે માર્યા ગયા."

હજી તેના મુખદ્વારા ઉપરોક્ત વચનો બહાર પણ ન્હોતા પડયા કે સઘળા સીપાહીઓ અંદર દોડી આવ્યા અને એક અવાજે પુછ્યું, "સાહેબ, શી બીના બની છે?"

"આય શું? જુઓ, અહીં જુઓ. તમારા સરદારને તે હરામખોરે જાન લીધો છે."

"શું ઇન્સ્પેકટર સાહેબ માર્યા ગયા?" ફરી સઘળા સીપાહીઓએ એક સાથેજ પુછ્યું.

"જુઓ, તેમની પથારી તમને તેનો જવાબ આપશે." કરામત હુસેને પથારી દેખાડતાં કહ્યું. તરતજ સઘળા સીપાહીઓ પથારી પ્રત્યે દોડી ગયા અને તેમણે પણ ત્યાં લોહી જોયું. થોડીવાર સુધી શોક સાગરમાં ડુબેલા સીપાહીઓમાંનો એક પણ કાંઇ બોલ્યો નહીં, પરંતુ શેખ કરામત હુસેને કહ્યું. "ઇન્સ્પેકટર સાહેબ માર્યા ગયા એ વાત ખરી પણ તેમની લાશ કયાં છે?"

"તેજ હરામખોરો સાથે લઇ ગયા હશે." એક સીપાહી બોલ્યો.

"પણ તેઓ આવ્યા કયાંથી અને ગયા કયાંથી?"

"સાહેબ, તેઓ દરવાજે થઇને તો ગયાજ નથી, કારણ કે અમે બરાબર હુશીયાર ઉભા હતા, પણ જેવી રીતે ઘાયલ થએલો પેલો પુરૂષ આવ્યો હતો અને પાછો ગુમ થયો હતો, તેવીજ રીતે આ હરામખોરો પણ આવ્યા હશે અને ઇન્સ્પેકટર સાહેબને મારી તેમની લાશ લઇ ગયા હશે."

"ખરેખર એમજ થયું છે. બે વાર ખુની પણ અહીંથી બહુજ ચાલાકીએ છટકી નાઠો, તે અત્યાર સુધી આપણે જાણી

ચાલ્યા નથી કે તે ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો. અને આ સમયે ઇન્સ્પેક્ટર સાહેબને મારી સાથે લઇ ગયા, છતાં મને અજાયબી ઉપજે છે કે તેઓ મને શા માટે જીવતો મુકતા ગયા? કારણ કે અબ્દુલ હમીદખાન કરતાં તેમનો ભારે શત્રુ તો હુંજ હતો." કરામત હુસેને કહ્યું.

"હા, નામદાર તમે ખરેખર તેમના હાથમાંજ હતા પણ "જેને રામ રાખે તેને કોણ ચાખે?" ઇશ્વરને તમારી જીંદગી બચાવવી હશે." એક સીપાહી બોલી ઉઠયો.

"ચાલો હવે આપણે જરા તપાસ કરીએ કે જેથી કાંઇ નવીનતા હાથ લાગે." એટલું કહેતાં કરામત હુસેન આગળ વધ્યો અને પથારીને બરાબર ધારી ધારી જોવા લાગ્યો. પથારીને જોતાં તેની નજર એક તીક્ષણ ખંજર ઉપર પડી, અને તેણે તે ખંજર ઝડપથી ઉપાડી લીધું. ખંજરને ઉપાડતાં તેને તેમાં એક ચીઠ્ઠી બાંધેલી જણાઇ અને તેણે તરત તે ચીઠ્ઠી ખંજરમાંથી છોડી વાંચવા લાગ્યો:—

શેખ કરામત હુસેન,

સંભાળજો, તપાસ કરવાનું મુલતવી રાખો. હજી પણ અમે તમને ચેતવણી આપીએ છીએ અને અમારૂં માનો. તમે જોઇ શકો છો કે ખુન કરવું અમારી આગળ કુચ્છ બીસાદમાં નથી. જેવી રીતે માણસો ગાજર અને મુળા ઉપર છરીઓ ચલાવે છે

તેમ અમે અમારા ખંજરો માણસોની ગરદન ઉપર ચલાવીએ છીએ. અમારા તે અતિ વહાલા સરદાર જખ્મી થયા પછી થોડાજ દિવસ રહી સ્વર્ગે સીધાર્યા, અને એક બહાદુર સરદારના ખોવાથી અમને જે દુઃખ થયું તે દુઃખના આવેશને અંગે અમે તમારા લુચ્ચા ઇન્સ્પેકટરનું ખુન કર્યું. હવે અમે આ જગતને ત્યાગી કોઇ જંગલમાંજ રહેવાનો વિચાર કરીએ છીએ, કારણકે અમારા લાડકા સરદાર સિવાય અમને જરા પણ ઠીક લાગતું નથી. માટે જો તમે હવે અમને હેરાન કરવાનું મુકી આપો તો અમે પણ તમને વચન આપીએ છીએ કે અમે હવે કોઇ પણ ખુન કે ચોરી નજ કરીશું. અને જો તમે અમારી વાત માન્ય નજ રાખશો, તો યાદ રાખજો કે જે વલે અબ્દુલ હમીદખાનની થઇ તેજ વલે તમારી થશે."

શેખ કરામત હુસેને તે પત્ર વાંચી રહેતાં તરતજ સીપાહીને હાંક મારી અને તરતજ ચોકી ઉપરથી કોટવાલ સાહેબને બોલાવી લાવવા કહ્યું. થોડીજ વારમાં કોટવાલ સાહેબ હાજર થયા અને બારીક તપાસ કરી ઘર સીપાહીઓને સ્વાધીન કરી ત્યાંથી ચાલતા થયા. શેખ કરામત હુસેન પણ ત્યાં વધુવાર ખોટી ન થતાં તરત ઘેર આવ્યો અને પથારી ઉપર સુતો. સુતાં સુતાં તે એજ ખુન વિષે વિચારવા લાગ્યો છતાં તે કાંઇ પણ છેવટ ઉપર નજ આવી શક્યો. છેવટે બહુજ વિચારતાં તે થાક્યો અને થોડાજ સમયમાં તે થાકેલો ચપળ ઈન્સ્પેક્ટર નિદ્રાવશ થયો.

———:o:———

# પ્રકરણ નવમું.

## ઈકબાલ હુસેન.

સવારનો સમય હતો. દુકાનદારો પોતપોતાની દુકાનોને સાફ કરી માલ વેચવા દુકાને બેઠેલા નજરે પડતા હતા. વર્તમાનપત્ર વેચનારા છોકરાઓ આજે કાંઇ અસાધારણ ગરબડ કરતા અને કોઇ ભારે ખુન થયાની બુમાબુમ કરતા દોડતા ફરતા હતા. આજે જાણે તેમનો ધંધો જોશભેર ચાલતો હોય તેમ આનંદમાં દેખાતા હતા. પ્રજા પણ વર્તમાનપત્ર વેચનાર છોકરાના હાથમાંથી ફડાફડ નકલો ખરીદતી અને ગંભીરતાપૂર્વક વાંચતી નજરે પડતી હતી. વર્તમાનપત્ર વેચનાર છોકરો બુમો મારતો હવે લખનૌના પ્રખ્યાત રસ્તા અમીનાબાદ તરફ આવી પહોંચ્યો અને તરતજ તેને કોઇ માણુસે ઉભો રહેવા બુમ મારી. છોકરો ઉભો રહ્યો અને તરતજ એક માણુસ એક ઘરમાંથી બહાર નીકળી તે છોકરાના હાથમાંથી એક નકલ લઇ પાછો ઘરમાં ગયો. વાંચક બંધુ ચાલો આપણે પણ તે માણુસની પાછળ જઇએ અને જોઇએ કે આજે વર્તમાન-પત્રમાં એવી તે શી ખબર હતી કે માણુસો આજે તે ધ્યાન-પૂર્વક વાંચતા હતા.

વર્તમાનપત્ર ખરીદ કરનાર માણુસ લખનૌના એક ધનાઢ્ય વેપારીનો નોકર હતો. જે પોતાના માલીક નાઝીમ હુસેનના કહે-વાથી વર્તમાનપત્ર ખરીદવા નીચે આવ્યો હતો. પત્ર ખરીદ કરી

તે પાછો ઉપર ગયો અને તે નકલ પોતાના માલીકના હાથમાં મુકી ચાલતો થયો. નોકરના ગયા પછી નાઝીમ હુસેને તે નકલના પાના ફેરવવા માંડયા અને ત્રીજા પાના ઉપર આવતાં તે થોભ્યો. વાંચક, તું જાણે છે કે તે પાના ઉપર શું હતું ? ના, સાંભળ તે પૃષ્ટ ઉપર લખનૌના જાણીતા ઇન્સ્પેકટર અબદુલ હમીદખાનના ખુનની ખબર હતી, જે તારી જાણ માટે હું અહીં લખી લેઉં છું.

## ઇન્સ્પેકટર અબ્દુલ હમીદખાનનું ખુન.

———:o:———

### માર્યો ગયેલો ચપળ ખુની ઇકબાલ હુસેન.

લખનૌના જાણીતા બાહોશ ઇન્સ્પેકટર અબ્દુલ હમીદખાન ઇકબાલ હુસેન નામના ખુનીને પકડવા પાછળ પડયા હતા અને છેવટે તેમણે તે ખુનીનું નામ પણ બાહોશ સબ ઇન્સ્પેકટર શેખ કરામત હુસેનની મદદથી જાણી લીધું હતું. થોડા દિવસો ઉપર ખુની સાથે ઇન્સ્પેકટરની મુલાકાત થતાં તેમણે પોતાની રીવોલવર ચલાવી ખુનીને ધાયલ કર્યો. ધાયલ થયેલો ખુની તે સમયે તેમના હાથમાંથી છટકી નાઠો પણ છેવટે તે પોતાની કરણીનો જવાબ આપવા તે પરમકૃપાળુ પરમાત્માના દરબારમાં ચાલતો થયો. તેના માર્યા જતાં તેના સાથીઓએ સલાહ કરી અને એક રાત્રે આ બાહોશ ઇન્સ્પેકટરને મારી નાંખી તેમની લાશ ઉપાડી ગયા, અને તે લાશને અનેક જખ્મો કરી સમુદ્રમાં નાંખી દીધી જે

લાશ ગઇ કાલે સાંજના કીનારા ઉપરથી હાથ લાગી છે. ખુની જેનું નામ ઇકબાલ હુસેન હતું તેના મારમાં જવા.........

હજી નાઝીમ હુસેન અહીં સુધીજ વાંચવા પામ્યો હતો કે એક નવીન પુરૂષ ત્યાં આવી ચઢયો અને બોલી ઉઠયો—

"ખોટું, ખોટું તદ્દન ખોટું."

અચાનક અવાજ સંભળાતાં નાઝીમ હુસેન ચોંકયો અને પાછળ ફરી જોતાં તેને એક માણસ ઉભેલો દેખાયો. એક અજાણ્યાને પોતાની તરફ જોતાં અને હસતાં જોઇ તેણે પુછયું, "તું કોણ છે, અને અહીં શાને આવ્યો છે?"

નાઝીમ હુસેનના પુછવા છતાં તે આવનાર પુરૂષ તો જરા પણ ન હાલ્યો એટલે તે બહુજ ક્રોધે ભરાયો અને પુછયું. "એ તું છે કોણ? જવાબ કેમ નથી આપતો?"

હવે અજાણ્યો પણ જરા હસ્યો અને બોલ્યો, "શું તમે મને નથી ઓળખતા?"

"હું શું જાણું કે તમે કોણ છો?"

"શું તમે તમારા મિત્રને ભુલી ગયા?"

"તમે?!! અને મારા મિત્ર! કદી નહીં. તમે વળી કયાંથી મારા મિત્ર થયા?"

"શું તમે ઇકબાલ હુસેનને નથી ઓળખતા?"

"હા, ઓળખું છું, પણ શું તમે ઇકબાલ હુસેન છો?"

"જી, હા, હુંજ ઇકબાલ હુસેન છું."

"જાઓ, જાઓ, તમે વળી ક્યારથી ઇકબાલ હુસેન થયા? તે તો ક્યારનો મરી પણ ગયો."

"તો શું તમે પણ એજ માની બેઠા છો? શું હું જેને આંગળી ઉપર નચાવું તેનાજ હાથે માર્યો જાઉં એમ તમે માનો છો?"

"માની તો નથી શકતો, છતાં તમારા અને તેના ચહેરામાં બહુજ તફાવત છે."

"ત્યારે શું ખરેખર હું એવોજ વેશ ધારણ કરી આવ્યો છું કે મારો સ્નેહી મિત્ર પણ મને નથી ઓળખી શકતો?"

"બસ, બસ, હવે વધુ વાતો કરવી રહેવા દો અને કૃપા કરી અહીંથી ચાલતા થાઓ, નહીંતો હમણાજ હું પોલીસને બોલાવું છું."

હજી નાઝીમ હુસેન બોલી પણ ન્હોતો રહ્યો કે અજાણ્યા પુરૂષે ધારણ કરેલાં વસ્ત્રો કાઢી નાખ્યા અને પહેરેલી મુછ અને દાઢી કાઢી નાંખી સામે ઉભો રહ્યો. તેના વસ્ત્રો કાઢી નાખતાં નાઝીમ હુસેન હર્ષવિશમાં તેને ગળે બાઝી પડયો, અને બોલ્યો, "ભલે પધાર્યા ઈકબાલ તમે ભલે પધાર્યા."

"બસ, બસ, હવે રહેવા દો. હમણા તો તમે મને ઘરમાંથી બહાર કાઢતા હતા અને હવે કહો છો કે ભલે પધાર્યા."

"ક્ષમા કરો, મિત્ર, હું તમને ઓળખી ન શક્યો. પણ એ તો કહો કે આ સમાચાર જે મેં હમણાજ વાંચ્યા તે ખોટા કેમ કર્યા ?"

"હા, તે પણ સાંભળો. હું પહેલેથી છેલ્લે સુધી તમને સઘળી વિગતો કહી સંભળાવું છું."

"કહો, હું પણ સાંભળવા તૈયાર છું."

હજી નાઝીમ હુસેન બોલી પણ ન્હોતો રહ્યો કે દરવાજો કોઇએ ઠોકયો અને તરતજ ઇકબાલ હુસેન છલાંગ ભરી દરવાજા ભણી ગયો, અને થોડીજવારમાં એક યુવાન માણસને સાથે લઇ પાછો આવ્યો અને નાઝીમ હુસેન પ્રત્યે જોઇ કહ્યું, "બંધુ, આજે હું તમને જાણીતા જાસુસ કરામત હુસેન સાથે મેળવવા માંગુછું."

શેખ કરામત હુસેનનું નામ સાંભળતા નાઝીમ હુસેન બહુજ ગભરાયો કારણકે તેણે કદી પણ આ ચપળ જાસુસ દીઠો ન્હોતો, પણ માત્ર નામથીજ પરીચીત હતો. વળી તેને અજાયબી તો એ વાતની હતી, કે ઇકબાલ હુસેન જાણી જોઇને શા માટે શેખ કરામત હુસેનના હાથે કેદ થાય છે અને એક વખત છટકી નાઠા પછી આ આપદાને તેણે ઘેર બેઠાં કેમ બોલાવી? હજી તે વિચારમાંજ મગ્ન હતો એટલામાં ઇકબાલ હુસેન બોલી ઉઠયો, "શેખ કરામત હુસેન, હું ખરેખર તમારો આભારી થયો છું, કે તમને મારો પત્ર મળતાંજ તમે અહીં ચાલ્યા આવ્યા."

"અને હું પણ આપનો આભારી થયો છું કે તમે મને એકલાજ મળ્યા." કરામત હુસેન બોલી ઉઠયો.

"હા, હું એકલોજ છું, એ વાત ખરી પણ એટલું યાદ રાખજો કે મારા બચાવના દરેક સાધનો તૈયાર કરીનેજ આવ્યો છું, અને તેને તમે પણ કદાચ જાણતા હશો." ઇકબાલ હુસેને ચેતવણી આપી.

ઇકબાલ હુસેનના બોલી રહેતાં આપણો બાહોશ જાસુસ બોલી ઉઠયો, "તે સાધન શું?"

"તેજ નાનકડો ગોળો, જે થકી હું અનેક વાર તમારા હાથમાંથી છટકી નાઠો છું."

"હા, બરાબર, હવે કાંઇ સમજ પડી ખરી. ખરેખર તમે સલામત છો, અને તમને કેદ પકડવું સહેલ નથી." જાસુસ જાણે હારી ગયો હોય તેમ નિરાશા દર્શાવી બોલી ઉઠયો.

"હવે સઘળી વાતો જવા દો અને આપણી મતલબ ઉપર આવો. તમે જાણો છો કે મેં તમને શા માટે તેડાવ્યા છે?"

"ના, હું નથી જાણતો."

"ઠીક, ત્યારે સાંભળો. હું તમને આજે છેલ્લીજ ચેતવણી આપવા આવ્યો છું, કે તમે તમારી તપાસ મુલતવી રાખો, નહીતો અબ્દુલ હમીદખાનના શા હાલ થયા તે તો તમે જાણો છો, અને જો તમે નહીં માનશો તો યાદ રાખજો કે તમારા પણ તેવાજ હાલ થશે."

ઇકબાલ હુસેનના બોલી રહેવા છતાં, શેખ કરામત હુસેન જરા પણ ન બોલ્યો. તેને શાંત બેઠેલો જોઇ ઇકબાલ હુસેન ફરી બોલી ઉઠયો, "કેમ કાંઇ જવાબ આપતા નથી? જુઓ હું તમારી પાસે માગી લઉં છું કે તમે તમારી તપાસ મુલતવી રાખો, કારણ કે હું તમને સારી રીતે ઓળખી ચુકયો છું. વળી તમારા જેવા ચપળ જાસુસ સાથે કદી પણ મારી મુલાકાત થઇ નથી. તમે બાહોશ છો, હુશીઆર છો અને ચાલાક છો તેથી હું તમને આગ્રહ કરૂં છું કે તમે તમારી તપાસ મુલતવી રાખો. આ મારી છેલ્લીજ ચેતવણી છે, અને જો આ વેળા પણ તમે નહીં માનશો તો હવે પછી હું તમારા પ્રત્યે જરાપણ દયા દર્શાવીશ નહીં એ યાદ રાખજો."

ઇકબાલ હુસેનની સઘળી વાત સાંભળી લીધા પછી શેખ કરામત હુસેન બોલી ઉઠયો "તમારી મતલબ શી છે તે મને કહેશો?"

"જાણી જોઇને શાને અંજાણ બનો છો? તમે જાણો છો છતાં મને પુછો છો તો સાંભળો 'હું ફરી વાર તમને કહું છું કે તમે તમારી તપાસ મુલતવી રાખો.' ઇકબાલ હુસેને હવે જરા ડોળા ફેરવી કહ્યું.

"શું?" ખુનીની વાત સાંભળી લેતાં તે ચપળ જાસુસ ક્રોધે ભરાયો અને બોલ્યો. "શું કહ્યું? તમારા માટે હું નીમકહરામી કરીશ એમ તમે માનો છો?"

"હા, જુઓ, હમણા પોલીસ એમજ માની બેઠી છે કે હું મરી ગયો છું, માટે જો તમે હમણા ચુપ થઇ જશો તો તેમાં તમારૂં શું બગડશે?"

"નહીં, આ કરામત હુસેન કદી પણ પોતાની તપાસ મુલતવી રાખશે નહીં. હું જરૂર તમને ફાંસીને માંચડે લટકાવીશ."

હજી શેખ કરામત હુસેન બોલી પણ ન્હોતો રહ્યો કે ઇકબાલ હુસેન ક્રોધાવેશમાં ઉછળી પડયો અને બોલ્યો "હું જેમ કહું છું તેમ તમને કરવુંજ પડશે."

"તેમ કદી બનશેજ નહીં." બહાદુર જાસુસે છેલ્લો જવાબ આપ્યો.

"નહીં! જો તમે મારૂં કહ્યું નહીંજ માનશો તો યાદ રાખજો કે તમે અત્યારે અહીંથી સલામત જઇ શકશો નહીં." ઇકબાલ હુસેન ક્રોધમાં લાલચોળ થતાં બોલ્યો.

"જુઓ ઇકબાલ હુસેન, મારૂં માથું હવે મહેરબાની કરી ન ફેરવો. હું એક વખત તમને કહી ચુકયો છું કે હું કદી પણ તમને પકડવામાં પાછી પાની કરીશ નહીં." કરામત હુસેને છેલ્લો જવાબ આપ્યો.

શેખ કરામત હુસેનના બોલી રહેતાં ઇકબાલ હુસેને તરતજ ત્રણ તાળીઓ વગાડી, જેના જવાબમાં શેખર નામનો તેનો સાથી

એક માણસ સાથે ઓરડીમાં દાખલ થયો. તેમના આવતાંજ "ખબરદાર ખુની" ઇકબાલ હુસેન બોલી ઉઠયો, "લોશર, આ નાપાકને અહીંથી લઇ જાઓ અને તેના સાથી અબ્દુલ હમીદખાન પાસે તરત પહોંચાડો."

શેખ કરામત હુસેન તેના હુકમને સાંભળતો રહ્યો અને છેલ્લે પૂછયું "ઇકબાલ હુસેન, શું તમે મને એ માટેજ તેડાવ્યો હતો, કે અહીં આવ્યા પછી તમે મને દગાથી કેદ કરો? હું તમારા વચનોપર વિશ્વાસ રાખી અહીં આવ્યો તેનો શું આ બદલો છે? શું જેને હું એક વચની માનતો હતો તે વચનનો ભંગ કરનાર નીવડયો છે?"

શેખ કરામત હુસેનના બોલી રહેતાં ઇકબાલ હુસેન હસ્યો અને બોલ્યો "ના ના, કરામત! હજી સુધી ઇકબાલ એવો બાયલો નથી કે તમને દગાથી કેદ કરી તમારો જાન લે." એટલું કહેતાં તે ચપળ ખુની પોતાના સાથી પ્રત્યે ફર્યો અને બોલ્યો "લોશર. તમારી પીસ્તોલ આ ડીટેકટીવના હાથમાં આપો."

આજ્ઞા મળતાં તરતજ લોશરે પીસ્તોલ કાઢી શેખ કરામત હુસેનને હવાલે કરી. પીસ્તોલ હાથમાં આવતાં કરામત હુસેને પુછયું " આ શું ?"

"આ પીસ્તોલ છે. આજે આપણે સામસામા દ્વંદ્વ યુદ્ધ કરીશું અને તેમાંજ આપણી વાતનો પણ ફેંસલો કરીશું."

"ના, હું કાંઇ અહીં તમારી સાથે દ્વંદ્વ યુદ્ધ કરવા નથી આવ્યો. હું તો માત્ર વાતચીત કરવાજ આવ્યો છું."

"કેમ હવે લડવાને શામાટે ના પાડો છો?"

"કારણ કે અહીં તમારા બે સાથી હાજર છે, અને હું એકલોજ છું."

"ત્યારે હવે તમે શું કરવા માગો છો?"

"બસ એટલુંજ કે મને હવે અહીંથી જવાની રજા આપો."

"તો શું તમે મારી વાત માન્ય રાખવા ના પાડો છો?"

"એક વખત નહીં પરંતુ સત્તરસો વખત નહીંજ."

"જુઓ, હજી પણ સમય વહી ગયો નથી માટે વિચારો."

"બસ, મને વિચારવાની જરૂર નથી."

"ઠીક છે ત્યારે હવે તમે જાઓ પણ સંભાળમાંજ રહેજો, કારણ કે ઇકબાલ હુસેન હવે કદાપી તમને જીવતો મુકનાર નથી."

"એતો જોઇ લેવાશે." એટલું કહેતાં શેખ કરામત હુસેન ત્યાંથી ઉઠયો અને તરતજ ઘરમાંથી બહાર નીકળી ચોકી ઉપર જવાને રસ્તે પડયો.

# પ્રકરણ દસમું.

## કોણ વધે? ખબરદાર ખુની કે બાહોશ જાસુસ?

ઇકબાલ હુસેનથી છુટો પડયા પછી શેખ કરામત હુસેન તરતજ ચોકી ઉપર આવી ચઢયો અને લખવાની સામગ્રી લઇ એક ઓરડીમાં ચાલતો થયો. ત્યાં તે એક ટેબલ આગળ બેઠો અને નીચે પ્રમાણે રીપોર્ટ લખવા લાગ્યો.

"હું મારા અગાઉના રીપોર્ટમાં લખી ચુકયો છું કે જે લાશ કયસર બાગમાંથી મળી હતી તેનો પત્તો હું મેળવી આપીશ, અને ઇશ્વર કૃપાથી આજે હું મારા પ્રયત્નમાં ફાવ્યો છું. સૌથી પહેલાં જે વાત મારા ધ્યાનમાં આવી તે એ હતી કે, જે લાશ કયસર બાગમાંથી મળી તે કોની હતી? એને મારનાર કોણ છે? શામાટે અને કયાં તેનું ખુન કરવામાં આવ્યું છે? અને ખુન કર્યા પછી તે લાશ કયસર બાગમાં મુકી જનાર કોણ હતો?

ઉપરોક્ત પ્રશ્નોનો નીવેડો લાવવા માટે મને અથાગ મહેનત વેઠવી પડી અને છેવટે મારી મહેનતનું ફળ મને મળ્યું, કે હું તે સઘળા પ્રશ્નોને ઉકેલી શકયો.

કયસર બાગમાં લાશ મુકી જનાર ઇકબાલ હુસેન અને તેનો સાથી લોશર હતા. કારણકે લોશરના એક પગમાં ખોડ હતી,

જેના ચિન્હો કયસર બાગની ચીકણી મટોડી ઉપર હાજર હતાં, પણ તેને મારનાર કોણ હતો? અને તે કયારે માર્યો ગયો? તે હું સમજી ન શકયો, તોપણ તે વાતનો પત્તો મેળવતાં મને વધુ વાર ખોટી થવું ન પડયું. એક દિવસે મને વિચાર આવતાં હું મુન્ને સાહેબના ઘેર ગયો, અને ત્યાં પડેલી બે ચાર પેટીઓને ખોલી જોતાં તેમાંથી મને એક ચીઠ્ઠી મળી, જેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:—

"મારા અને તમારા વચ્ચેના સંબંધ વિષે તમે પોલીસને કહી દીધું છે, પણ એટલું યાદ રાખજો કે હું તમને જીવતો મુકનાર નથી."

નવાબ મીરઝાં.

આ ચીઠ્ઠી હાથ લાગતાં પણ હું કાંઇ વધુ સમજી ન શકયો. તરતજ એક બીજી પેટી ખોલી જોઇ અને તેમાંથી મને નોટો બનાવવાનો સામાન મળ્યો. જે પરથી હું એ અનુમાન બાંધી શકયો કે મુન્ને સાહેબ, નવાબ મીરઝાં અને ઇકબાલ હુસેન ખોટી નોટો બનાવવાનો ધંધો કરતા હશે, જેની ખબર મુન્ને સાહેબે પોલીસને આપી હશે, અને તે માટેજ નવાબ મીરઝાંએ મુન્ને સાહેબને મારી નાખવાની આ ચીઠ્ઠીદ્વારા ધમકી આપી હશે.

મુન્ને સાહેબે પોલીસને જે ભેદ વિષે પરિચીત કર્યા તે માટે માત્ર નવાબ મીરઝાં નહીં પરંતુ ઇકબાલ હુસેન પણ ક્રોધે ભરાયો હતો અને તે પણ તેનો શત્રુ બન્યો. હવે મુન્ને સાહેબને પોતાનો

બચાવ કરવો ભારે પડી ગયો. વળી મેસર્સ ટેલર એન્ડ કુાં૦ ના માલેકના કહેવા મુજબ ખુન થયાના બે દિવસ અગાઉ ઇકબાલ હુસેન લખનોવમાં હાજર હતો. મુન્ને સાહેબ આ સમયનો લાભ લઇ તરતજ બનારસ ગયો અને નવાબ મીરઝાં તેને મારી નાખે તે અગાઉ તેણેજ નવાબ મીરઝાનું ખુન કર્યું અને લાશને પેટીમાં બંધ કરી પાછો લખનૌવ આવ્યો, જ્યાં તેને ઇકબાલ હુસેન મળ્યો અને તેઓ બન્ને ટાંગામાં બેસી ઘેર ગયા, જ્યાં નવાબ મીરઝાંના માર્યા જવાની ખબર ઇકબાલ હુસેનને મળી.

ઇકબાલ હુસેન, મુન્ને સાહેબ ઉપર પોલીસને ખબર આપવા માટે ક્રોધે ભરાયો હતો, તેમાં વળી મુન્ને સાહેબ નવાબ મીરઝાંને મારીને આવ્યો છે, એમ સાંભળતાં તેના ક્રોધમાં વધારો થયો, અને છેવટે તેણે સમય નીહાળી મુન્ને સાહેબનું ખુન કર્યું અને તરતજ પોતાના કપડાં જે તેણે મેસર્સ ટેલર એન્ડ કુાં૦માં સીવડાવ્યાં હતાં તે મુન્ને સાહેબને પહેરાવી તેની લાશ લોશરની મદદ થકી કયસર બાગમાં મુકી ગયો, અને તરતજ પીસ્તોલવડે ત્રણ ખોટા અવાજો કર્યા, જે અવાજો તે મોહોલ્લામાં વસનારાઓએ સાંભળ્યા. આ માત્ર ઇકબાલ હુસેનની ચાલાકી હતી, અને તે એમજ ધારતો હતો કે પોલીસ તેને કદી પણ પકડી શકનાર નથી, છતાં તે પોતાની ગણત્રીમાં ભુલ્યો છે. અને આજે ઇકબાલ હુસેન

**"ખુનીનો ખુની" સાબીત થયો છે.**

હવે અહીં સવાલ એક ઉભો થાય છે, કે નવાબ મીરઝાંની લાશ જે મુજે સાહેબ બનરસથી લખનૌમાં સાથે લઇને આવ્યો હતો તે ક્યાં ગઇ? તેનો પત્તો પણ છેવટે મને મળવા પામ્યો. એક દિવસે હું અને અબ્દુલ હમીદખાન મુજે સાહેબના ઘરમાં પહેરો ભરતા હતા, જ્યાં અબ્દુલ હમીદખાનને ઇકબાલ હુસેન મળ્યો, અને ઇન્સ્પેકટર સાહેબે તેને પીસ્તોલ વડે ઘાયલ કર્યો. જખમી થયા છતાં પણ ઇકબાલ હુસેન ત્યાંથી ગુમ થઇ ગયો, જે બાદ બીજેજ દિવસે અબ્દુલ હમીદખાનનું ખુન થયું અને તેમની લાશ પણ તેજ ઓરડીમાંથી ગુમ થઇ એટલે હું તરતજ સમજી ગયો કે અહીંઆ જરૂર એકાદ સુરંગ હોવી જોઇએ અને તે ધારણા મારી છેવટે ખરીજ ઠરી. હું તે સુરંગને શોધવા મથ્યો, અને અથાગ મહેનત લીધા પછી મને એક ફાલકું જડયું. હું મનમાં બહુ રાજી થયો અને તે સુરંગમાં ઉતરી પડયો. સુરંગમાં હું આગળ ને આગળ વધ્યેજ જતો હતો. છેવટે ઘણું ચાલ્યા પછી હું અમીનાબાદ જેવા પ્રખ્યાત રસ્તા ઉપર આવી ચઢયો. આ સુરંગદ્વારા ઇકબાલ હુસેને ઘણા લાભો મેળવ્યા હતા અને તે પોલીસને પણ આ સુરંગથીજ છેતરી શકયો હતો, કારણ કે અબ્દુલ હમીદખાનના માર્યા જતાં મને તરતજ શંકા ઉત્પન્ન થઇ કે ખુની ખુન કરી લાશને શા માટે સાથે લઇ ગયો હતો? તેજ વિચારમાં હું એકવાર ઇન્સ્પેકટર સાહેબની પથારી ગુપ્ત રીતે તપાસવા ગયો, અને ત્યાં પડેલા લોહીને બરાબર તપાસતાં તે મનુષ્યનું લોહી નહીં પરંતુ એકાદ બકરાંનું ખુન જણાયું. એટલે હું તરતજ સમજી

ગયો કે આ ઇકબાલ હુસેનની ચાલાકી હતી જે તેણે ચીઠીમાં લખી જણાવ્યું હતું કે જો તે મરી જશે તો ઇન્સ્પેકટરનું પણ ખુન કરવામાં આવશે અને એમ લખી તેણે પોલીસને આડે માર્ગે દોરવી હતી. છેવટે નવાબ મીરઝાંની લાશને મોઢા ઉપર ઘા કરી તેને અબ્દુલ હમીદખાનના કપડાં પહેરાવી સમુદ્રમાં નાખી દીધી અને પ્રજા પણ એમ માનવા લાગી કે ઇન્સ્પેકટર સાહેબ માર્યા ગયા, છતાં હું તો અગાઉથીજ જાણતો હતો કે ઇન્સ્પેકટર સાહેબ હજી માર્યા ગયા નથી પરંતુ કેદ છે. હવે આપણને જે કાંઇ કરવું છે તે માત્ર એટલુંજ કે ઇન્સ્પેકટર કઇ જગ્યાએ કેદ છે તેની તપાસ કરવાની છે અને તેમને તે હરામખોરોના પંજામાંથી મુક્ત કરી સલામત ઘેર લાવવાનું છે. જયાં ઇન્સ્પેકટર સાહેબ કેદ પડયા છે તે જગ્યા પણ ઇશ્વર કરશે તો હું થોડાજ સમયમાં શોધી કાઢીશ.

—:○:—

## પ્રકરણ અગીઆરમું.

### છેવટ.

શેખ કરામત હુસેને અબ્દુલ હમીદખાનને શોધી કાઢવા આકાશ પાતાળ એક કર્યું, પણ ગુમ થએલા ઇન્સ્પેકટરનો કયાંએ પત્તો નજ લાગ્યો. આસપાસના ગામડાઓમાં પણ તેણે તપાસ ચલાવી, દરેકે દરેક જગ્યાએ જઇ આવ્યો પણ તે સઘળું વ્યર્થજ ગયું. છેવટે આખા દિવસનો થાકેલો કરામત હુસેન નિરાશ થઇ ચોકી

ઉપર પાછો આવ્યો અને એક આરામ ખુરસી ઉપર જઇ સુતો. તેને સુતાં હજી થોડીજ વાર થઇ હશે કે એક સીપાઇ ત્યાં આવ્યો અને સલામ કરી કહ્યું, "સાહેબ, એક માણસ આપને પુછતો અહીં આવ્યો હતો, પણ આપના ન મળવાના કારણે તે પાછો ગયો."

"તે કોણ હતો?" ડીટેક્ટીવે પુછ્યું.

"તે તો હું કાંઇ જાણતો નથી, પણ હા, તે ફરી એક કલાકમાં આવવાને કહી ગયો છે."

"ઠીક છે, બહાર ઉભા રહો. જ્યારે તે પાછો આવે ત્યારે મારી પાસે તેડી લાવજો."

આજ્ઞા મળતાં સીપાઇ બહાર ચાલ્યો ગયો અને શેખ કરામત હુસેન ફરી એકવાર અબ્દુલ હમીદખાનને શોધી કાઢવા અને ઇકબાલ હુસેનને કેદ કરવાના વિચારમાં ગુંથાયો. હજી તે એજ વિચારમાં હતો કે તે સીપાઇ એક માણસ સાથે પાછો દાખલ થયો અને કહ્યું, "સાહેબ, આ ગૃહસ્થ આપને મળવા પાછા આવ્યા છે."

પેલા નવીન પુરૂષના અંદર દાખલ થતાં ચપળ ડીટેક્ટીવ તેને ધારીધારીને જોવા લાગ્યો. થોડીવાર સુધી એકાગ્રદૃષ્ટિએ જોયા પછી તેણે પુછ્યું,

"આપ ક્યાંથી આવો છો?"

"તે હું આપને કહીશ, પણ પહેલાં મને કહો કે શેખ કરામત હુસેન આપજ છો કે કોઈ બીજા?"

"હું પોતે તેજ વ્યક્તિ છું, માટે કહો તમે શું કહેવા માગો છો?"

શેખ કરામત હુસેનની ઓળખાણથી જાણે તેને સંતોષ થયો હોય તેમ તે એક ખુરસી ઉપર બેઠો અને કહ્યું, "સાંભળો, હું પાસેનાજ એક ગામડામાં રહું છું, મારૂં નામ મન્ઝુર હુસેન છે, આજે સવારના હું એક કાર્યાર્થે લખનૌ આવવા નીકળ્યો. રસ્તામાં ચાલતાં ચાલતાં એક જગ્યાએ મને એક પત્ર પડેલો દેખાયો, જે ઉપર આપનું નામ લખ્યું હતું. વળી આપના નામ નીચે ઝીણા અક્ષરે લખ્યું હતું કે "જે કોઇ માણસ આ કાગળ શેખ કરામત હુસેનને પહોંચાડશે તેને ઇનામ આપવામાં આવશે." આ લાઇન વાંચતાં હું તે કાગળ લઇ આગળ વધ્યો, અને આપને પુછતો પુછતો અહીં આવી પહોંચ્યો પણ આપના ન મળવાના કારણે હું ચાલ્યો ગયો, અને થોડી વાર બહાર રહી આપને આ કાગળ સુપ્રત કરવા પાછો આવ્યો છું."

"તે કાગળ કયાં છે?" કરામત હુસેને પુછયું.

"અહીં મારી પાસેજ છે." એટલું કહેતાં મન્ઝુર હુસેને તે પત્ર કરામત હુસેનને આપ્યો. કરામત હુસેન તે કાગળને ધારી ધારી જોવા લાગ્યો, અને ઉપર અબ્દુલ હમીદખાનના હસ્તાક્ષરો જોતાં આનંદાવેશમાં ઉછળી પડયો. તરતજ તેણે તે કાગળ નીચે પ્રમાણે વાંચ્યો.

**પ્રિય બંધુ કરામત હુસેન,**

આપ સાથે મુન્નેસાહેબના ઘરમાં તે રાત્રે રહ્યા પછી કોણ જાણે હું અહીં કેવી રીતે આવી ચઢયો તે હું કાંઇ જાણતો નથી. હું અત્યારે કેદમાં છું, વળી કઈ જગ્યાએ ઇકબાલ હુસેને મને કેદમાં રાખ્યો છે તે પણ હું જાણતો નથી, તે માટે આપને આ પત્ર લખું છું. જો આ પત્ર આપને મળવા પામે તો કૃપા કરી મને જલ્દીજ મુક્ત કરવાનો પ્રયત્ન કરજો.

આપનો,

**અબ્દુલ હમીદખાન.**

પત્ર વાંચી રહેતાં કરામત હુસેન ફરી મન્ઝુર હુસેન પ્રત્યે ફર્યો અને કહ્યું, "મહાશય, હું આપનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનું છું. અબ્દુલ હમીદખાન સાહેબના લખવા મુજબ આપને ઇનામ આપવામાં આવશે, પણ આપને અત્યારે તો અમારી સાથે જ્યાંથી તમને આ કાગળ મળ્યો ત્યાં ચાલવું પડશે."

"હા, હા, ઘણીજ ખુશીથી, કહો કયારે ચાલશો?"

"બરાબર સંધ્યા સમયે."

"ઠીક છે. ત્યારે હું ત્યાંસુધી ખોટી થઇશ."

"બ્હાર ખોટી થવાની કાંઇ જરૂર નથી. આપને અહીંજ હું સગવડ કરી આપું છું." એટલું કહેતાં કરામત હુસેને એક સીપાહીને હાંક મારી અને મન્ઝુર હુસેનને હરેક જાતનો આરામ આપવાની તેણે આજ્ઞા કરી બાજુની ઓરડીમાં લઈ જવા

કહ્યું. સીપાઇ મન્ઝુર હુસેનને લઈ ચાલતો થયો અને કરામત હુસેન પણ કાંઇ બંદોબસ્ત કરવા ત્યાંથી ઉઠી બહાર આવ્યો.

સંધ્યાકાળ થતાં શેખ કરામત હુસેન થોડાક સીપાહીઓ સાથે લઇ અબ્દુલ હમીદખાનને શોધવા મન્ઝુર હુસેન સાથે રસ્તે પડયો. જ્યાંથી તે પત્ર મળ્યો હતો, તે જગ્યાએ આવતાં મન્ઝુર હુસેન ઉભો રહ્યો અને કહ્યું, "આ તેજ જગ્યા છે."

"ઠીક છે, ત્યારે આપણે હવે અહીંજ ખોટી થશું."

"કેમ ખોટી થવાનું કારણ?"

"કારણ એ કે હજી રાત થોડીજ ગઇ છે, માટે મધ્યરાત્રી થતાં આપણે આપણું કાર્ય પાર પાડીશું ત્યાં સુધી તો આપણને અહીંજ થોભવું પડશે."

"જેવી આપની ઇચ્છા." મન્ઝુર હુસેન બોલી ઉઠયો.

થોડીવાર સુધી કરામત હુસેન વિચારમાં પડયો. જે બાદ તેણે સીપાહીઓને સંતાઇ જવાની આજ્ઞા કરી, અને સીપાહીઓ પણ હુકમ મળતાં આસપાસ સંતાઇ ગયા. મધ્યરાત્રી થતાં કરામત હુસેને હવે સઘળા સીપાહીયોને ઘરમાં ઘુસવાનો હુકમ આપ્યો, અને તરતજ તેઓ સઘળા અંદર દાખલ થયા.

અંદર જતાં કરામત હુસેન એક ઓરડીમાં દાખલ થયો જ્યાં તેને એક પુરૂષ ઉંઘતો દેખાયો. તરતજ તે આગળ વધ્યો, અને તે સુતેલા પુરૂષના ખભાં પકડી ઉઠાડવા લાગ્યો. ઉંઘાયલા

માણસની આંખ ઉઘડતાં તેણે કરામત હુસેન પ્રત્યે જોયું અને તરતજ બુમ મારી ઉઠયો, "ઓહો, કોણ? બંધુ કરામત?"

"ચુપ, ચુપ, ધીમે બોલો." કરામત હુસેને ચુપ રહેવાની ઇશારત કરી.

વાંચક બંધુ, તું ઓળખી તો ગયો હશે કે તે ઉંધાયલો પુરૂષ કોણ હતો? તે કોઇજ નહીં પરંતુ આપણો ઇન્સ્પેકટર અબ્દુલ હમીદખાન હતો. કરામત હુસેનને જોતાં તે ગળે બાઝી પડયો, પણ ત્યાં વધુ વાર ખોટી ન થતાં તેઓ બંને બહાર આવ્યા અને ખુનીને શોધી કાઢવા આસપાસના ઓરડામાં ઘુસ્યા. છતાં......નિરાશા. ત્યાં કોઇજ ન્હોતું. આખા ઘરમાં એકે માણસનો પત્તો ન્હોતો. તે ઘર સમશાન જેવું ખાલીજ પડયું હતું અને મન્ઝુર હુસેન પણ કોણ જાણે ક્યાં વંજો મારી ગયો હતો.

અબ્દુલ હમીદખાનના છુટતાં સીપાહીઓ આનંદમાં આવી ગયા, છતાં ખુનીના છટકી જતાં કરામત હુસેન તો શોક સાગરમાં અથડાવા લાગ્યો. અથાગ મહેનત વેઠયા છતાં ખુની નાશી ગયો તે જોઇ તેના હૃદય ઉપર આઘાત થયો. હજી તે એજ વિચારમાં હતો, કે એક સીપાહી ત્યાં આવ્યો, અને સલામ કરી તેના હાથમાં એક કાગળ મુકી ચાલતો થયો.

કરામત હુસેને તે કાગળ ખોલ્યો અને તેમાં તેણે શું જોયું? વાંચક બંધુ આ ખુનીનો છેલ્લોજ પત્ર હતો, અને કરામત હુસેન તે વાંચી જાણે ગાંડો બની ગયો હોય તેમ ચેન ચાળા કરવા લાગ્યો.

પણ તે પત્રમાં શું લખ્યું હતું તે વાંચક તારી જાણ ખાતર નીચે લખી લેવામાં આવે છે.

## બાહોશ ડીટેકટીવ કરામત હુસેન,

વ્હાલા મિત્ર, તમે જાણો છો કે મન્ઝુર હુસેન કોણ હતો? ના, જો તમે તેને જાણતા હોત તો મને જવા જ ન દેત, કારણ કે મન્ઝુર હુસેન હું પોતે હતો, અને હું પોતે એટલે પોલીસને આંગળીપર નાચ નચાવનાર લખનૌનો "ખબરદાર ખુની" હતો, જોકે પોલીસને તો હું મારી આંગળી ઉપર નચાવતો હતો, છતાં તમારાથી હાર્યો અને એક ને એક દિવસે તમે મને જરૂર પકડી લેશો એમ ધારી અહીંથી વંજો માપી જવાની કોશીશમાં હતો એટલામાં એક દિવસે અબ્દુલ હમીદખાને એક પત્ર ઘરમાંથી સડક ઉપર નાંખ્યો, જે મને મળ્યો અને તે હું તમારી પાસે લઇ આવ્યો, કારણ કે જો હું એમ ને એમ અહીંથી ચાલ્યો જાત, તો અબ્દુલ હમીદખાન વિનામોતે મરી જાત, અને આ એક પ્રસંગ હાથ લાગેલો જોઇ હું તમને અહીં ઉપાડી લાવ્યો. હવે હું અહીંથી હંમેશને માટે જાઉં છું, અને વળી એવી જગ્યાએ જાઉં છું કે જ્યાં તમે મને કશી પણ અડચણ કરી શકતા નથી. વળી જ્યારે તમે મને પકડવાનો ખ્યાલ કરશો ત્યારે તો હું હિંદુસ્તાનની બહાર હઇશ. મને અનેક જાસુસો સાથે ભેટો થયો છે, છતાં તમારા જેવો બાહોશ, ચપળ, અને બુદ્ધિશાળી જાસુસ એકે મળ્યો નહોતો. આ તમે પહેલાજ મળ્યા છો, અને તમારી

ચપળ બુદ્ધિ માટે આ પત્ર સાથે રૂપીઆ પાંચ હજારની નોટ મોકલું છું, તે મુજ ગરીબ પ્રત્યેની ભેટ દાખલ સ્વીકારશો. હવે વધુ કાંઇ લખવાનું રહ્યું નથી માટે અત્રેજ થોભી તમને છેલ્લા સલામ કરૂં છું.

તમારો વખાણનાર,

**ઇકબાલ હુસેન,**

ખબરદાર ખુની.

વાંચક ખેલ ખલાસ થયો. છેવટે ખુની છટકી નાઠો, છતાં શેખ કરામત હુસેનને સરકાર ભુલી ન ગઇ. તેને રૂપીઆ પચીસ હજારનું ઇનામ આપવામાં આવ્યું, અને હાલ તે સી. આઇ. ડી. ઇન્સ્પેક્ટર થયો છે.

શેખ કરામત હુસેન એક પદવી ચઢયો તે માટે હું પણ તેને મુબારકબાદી આપું છું અને સાથે સાથે વ્હાલા વાંચકોને બીજીવાર ભેટવાની આશાએ છુટો પડું છું.

**સમાપ્ત.**

# સૂચના.

**ખાસ વાંચવા લાયક અપ્ટુડેટ નવલકથાઓ સારી અને સસ્તા ભાવે વાંચવી હોય તો લખો નીચેના સરનામે.**

| | |
|---|---|
| શાહજહાંના છેલ્લા દિવસો અથવા માધવી કંકણુ | રૂ. ૨—૮—૦ |
| કોનો વાંક નોવેલ ... ... ... | રૂ. ૩—૪—૦ |
| ચિતળપર હલ્લો ઉર્ફે મહારાજા વખતસિંહ... | રૂ. ૦—૮—૦ |
| જામપુઅરો અને રાણી રાજબા ... ... | રૂ. ૦—૮—૦ |
| કપુરી અને કારાયલ ... ... ... | રૂ. ૦—૮—૦ |
| ડીટેકટીવ બે ભેદી ... ... ... | રૂ. ૦—૮—૦ |
| બંગાલી ભુત યાને રહસ્યમય ખુન ... | રૂ. ૧—૪—૦ |
| સાચી પણ કાચી ... ... ... | રૂ. ૦-૧૨—૦ |
| વિવિધ બોધપ્રકાશ ... ... ... | રૂ. ૪—૦—૦ |
| શ્રી ભજન સીંધુ ... ... ... | રૂ. ૧—૦—૦ |
| દુર્ભાગી દારાં ... ... ... ... | રૂ. ૧—૦—૦ |
| ચાલીસ ચ્હેરાનો માણસ ... ... | રૂ. ૩—૮—૦ |
| કુટુમ્બીનુ કારસ્થાન ભાગ ૧ અને ૨ ... | રૂ. ૩—૮—૦ |
| સ્નેહલક્ષ્મી સુંદરી ... ... ... | રૂ. ૫—૦—૦ |
| ૮। ... ... | રૂ. ૩—૮—૦ |

| | |
|---|---|
| પ્રેમવેલી–પના ... ... ... | રૂ. ૩—૮—૦ |
| બીરબલ વિનોદ ... ... ... | રૂ. ૩—૮—૦ |
| આલેફ લયલા ... ... ... | રૂ. ૩—૮—૦ |
| હમીર હમજા ... ... ... | રૂ. ૩—૦—૦ |
| હાતમ તાઇ... ... ... ... | રૂ. ૧—૪—૦ |
| રા' કવાટ અને અનંતસિંહ ચાવડો ... | રૂ. ૨—૪—૦ |
| રા'નોઘણ ઇતિહાસિક ... ... | રૂ. ૨—૦—૦ |
| રા' માંડલીક ઇતિહાસિક ... ... | રૂ. ૨—૮—૦ |
| સતિ તોરલ અને જેસલ ... ... | રૂ. ૨—૮—૦ |
| પ્રાણેશ્વરીનું પ્રેમ મંદિર સચિત્ર ... ... | રૂ. ૩—૦—૦ |
| ભયંકર કુતરો, સચિત્ર ... ... | રૂ. ૧—૮—૦ |
| ગર્વમોચન સચિત્ર ... ... ... | રૂ. ૧—૪—૦ |
| સુડા બહોતેરી, રસિક વાર્તા ... ... | રૂ. ૨—૮—૦ |
| વિરાંગના, ઇતિહાસીક ... ... | રૂ. ૦—૬—૦ |
| કસ્તુર–ભદ્રાની (રસીક નોવેલ) ... ... | રૂ. ૦–૧૨—૦ |
| વનરાજ ચાવડો, ઇતિહાસીક ... ... | રૂ. ૨—૦—૦ |
| લુટારૂ મુબારક (લખનાર–મી૦ મશરેક) ... | રૂ. ૧—૮—૦ |
| સતિ નાગમતી અથવા પ્રેમની પરિસીમા ... | રૂ. ૧—૦—૦ |
| જૈન મહાભારત (સચિત્ર) ... ... | રૂ. ૪—૮—૦ |

| | | | |
|---|---|---|---|
| વધુ વર્ષ એક સ્ત્રીનું ખુન | ... | ... | રૂ. ૩—૪—૦ |
| વસંત વિણા, (સચિત્ર) | ... | ... | રૂ. ૨—૦—૦ |
| મિર કાસિમ, ઇતિહાસીક | ... | ... | રૂ. ૨—૦—૦ |
| ગુલેબકાવલી (મોટી) ... | ... | ... | રૂ. ૧—૦—૦ |
| દાસ્તાન હમીર હમજા ... | ... | ... | રૂ. ૩—૦—૦ |
| મોહિની (વાંચવા લાયક) | ... | ... | રૂ. ૧-૧૨—૦ |
| પાતાળની પ્રેમદા ... | ... | ... | રૂ. ૧—૪—૦ |
| ભયંકર ભેદ... ... | ... | ... | રૂ. ૨—૮—૦ |
| આશકની આત્મકથા ... | ... | ... | રૂ. ૨—૪—૦ |
| નેક મસલત નરગીસ... | ... | ... | રૂ. ૪—૮—૦ |
| યૌવન ચક્ર ભાગ ૧-૨ | ... | ... | રૂ. ૬—૮—૦ |
| માયાવી મસ્તક ભાગ ૧-૨ | ... | ... | રૂ. ૬—૮—૦ |
| સચિત્ર સુંદર અને વીદ્યાનંદ | ... | ... | રૂ. ૨—૪—૦ |

—:o:—

## નીચેના પુસ્તકો થોડા સીલકમાં હોવાથી ઘટાડેલા ભાવે તાકીદે ખરીદો. વહેલો તે પહેલો.

| | | | |
|---|---|---|---|
| સચિત્ર બંસરીબાલા ... | ... | ... | રૂ. ૧-૧૨—૦ |
| ,, પંજાબ રહસ્ય ... | ... | ... | રૂ. ૦-૧૪—૦ |
| ,, વિશ્વલીલા ... | ... | ... | રૂ. ૧—૮—૦ |
| ,, સુંદર અને વિદ્યાનંદ ... | ... | ... | રૂ. ૧—૮—૦ |

| | | | |
|---|---|---|---|
| ડીટેકટીવ બે ભેદી | ... | ... | રૂ. ૧—૪—૦ |
| બંગાળી ભુત, ડીટેકટીવ | ... | ... | રૂ. ૦—૧૦—૦ |
| સચિત્ર અંધકારપર પ્રકાશ | ... | ... | રૂ. ૧—૧૨—૦ |
| સતિ તોરલ અને જેસલ | ... | ... | રૂ. ૨—૦—૦ |
| રા' કવાટ, ઇતિહાસીક | ... | ... | રૂ. ૧—૮—૦ |
| રા'નોઘણ, ઇતિહાસક ... | ... | ... | રૂ. ૧—૮—૦ |
| ભૂવન મોહીની સચિત્ર... | ... | ... | રૂ. ૧—૧૨—૦ |
| સચિત્ર ભયંકર કુતરો ડીટેકટીવ વાર્તા | | ... | રૂ. ૧—૦—૦ |
| રા' માંડલીક, ઇતિહાસીક | ... | ... | રૂ. ૧—૧૨—૦ |
| સચિત્ર ગર્વ મોચન ... | ... | ... | રૂ. ૦—૧૨—૦ |
| સ્ત્રીઓની મહત્તા | ... | ... | રૂ. ૦—૧૪—૦ |

---

ગજલનો ભંડાર સરો હે પાક દામની

(શું ઉડાઉં વાત હું ત્હારીજ આગળ ઓ)

ખુદા તું ભરમ સહુ જાણે કીં. રૂા. ૧।

ઘટાટેલો ભાવ ... ... ... રૂ. ૦—૧૨—૦

જોહરે-મહેફીલ ગઝલે ગૌહર કવ્વાલી કીંમત

રૂા. ૧—૮—૦ ઘટાડેલ ... ... રૂ. ૦—૧૨—૦

ઠા૦ વીઠલદાસ હરજીવનદાસ,

જકરીઆ મસીદની નીચે મુંબાઈ, ૩.

| | |
|---|---|
| ભજન સાગર મુલ્ય ... ... ... | આઠ આના |
| સદ્ગુણી શશીકળા ... ... ... | રૂ. ૦—૬—૦ |
| સચિત્ર સતિપર સીતમ ... ... | રૂ. ૦—૮—૦ |
| ખ્યાલ સાગર ભાગ ૧–૨ ... ... | રૂ. ૧-૧૨—૦ |
| કુન્દનમણી ... ... ... ... | રૂ. ૦—૪—૦ |
| શ્રી ગાંધીગીતા સચિત્ર ... ... | રૂ. ૦-૧૨—૦ |
| સચિત્ર બાળદીવો ... ... ... | રૂ. ૦—૬—૦ |
| ન્યુ ફોનોગ્રાફ ગાયનમાળા ... ... | રૂ. ૦—૬—૦ |
| વેધિનું વમળ ચક્ર સચિત્ર ... ... | રૂ. ૦—૬—૦ |
| શ્રી કૃષ્ણ ભજન સાગર ... ... ... | રૂ. ૦—૬—૦ |

આ સિવાયના બીજા પુસ્તકો કીફાયત ભાવે મળશે.

એક વખત પધારી ખાત્રી કરો.

તમામ જાતના પુસ્તકો ભાડેથી મળશે.

**વધુ માટે પ્રાઈસ લીસ્ટ મંગાવો.**

**બુકસેલરઃ—ઠા. વીઠ્ઠલદાસ હરજીવનદાસ,**

દરેક જાતના પુસ્તકો વેચનાર અને જુના પુસ્તકો

લેનાર તથા ભાડેથી આપનાર,

જકરીયા મસીદની નીચે, મુંબાઈ, ૩.


——:o:——

# જાહેર ખબર.

## ઠા. વીઠ્ઠલદાસ હરજીવનદાસ બુકસેલર,

ઠેકાણું—જકરીઆ મસીદ, મુંબઇ, ૩.

### ઘરનો શણગારઃ—

**અમારે ત્યાંથી મળતાં પુસ્તકો.**

વેર વસુલ ભાગ ૧ થી ૪ સાથે રૂ. ૧૦

| | | | |
|---|---|---|---|
| દગાબાજ દુનિયા ... | ૨। | રંગભુમીપર રખડ ... | ૪ |
| ભયંકર ભદ્ર ભા. ૧–૨ | ૬।। | કર્મબંધન ... ... | ૧।।। |
| શયતાનસદન ડીટેકટીવ વાર્તા | ૨ | નોકરીનો ઉમેદવાર ... | ૧।।। |
| રાજા દેવીદાસ ... | ૩ | મંદારીકા ... ... | ૩।। |
| નાદીરનો દોરદમામ ... | ૨।। | પૃથુકુમાર ... ... | ૨।। |
| રતિશાસ્ત્ર કિંવા કોકશાસ્ત્ર | ૩ | સંસારી કે સંન્યાસી... | ૧।।। |
| મહાકાળીનું ખડગ ... | ૨।। | આજ કાલનું હિંદુસ્તાન | |
| કલ્યાણી ... ... | ૨।। | ભાગ ૧ થી ૪ ... | ૧૨। |
| રજપુતોની રંગભુમી ... | ૨।। | લતા લલીતા ભા. ૧થી ૫ | ૮।। |
| કલંકી કુમારીકા ... | ૨।। | કુંજકીશોરી ... | ૨।। |

મીરાતે આલમગીરી ... ૩
દશ લાખનો દલ્લો ... ૨॥
કમનસીબ લીલા ભા. ૧–૨ ૫॥
કલંકીત કાઉન્ટેસ ...
બે ભેદી ડીટેકટીવ ... ૧।
પ્રેમદા દેવી ... ... ૨
પિશાચમંદિર ભા. ૧–૨ ૬॥
સૌંદર્યવિજય ભા. ૧ થી ૫ ૧૨॥
સરસ્વતીચંદ્ર ભા. ૧થી ૪ ૧૨।
સારંધર સંગીતા સહિતા ૪
મહાભારત ગાવાનું ... ૮
વાલ્મીકી રામાયણ ગુજરાતી ૭
અરેબીયન નાઇટસ ... ૧૦
ડીક્ષનેરી નાની ... ૨॥
નાભાસ્વામીકૃત ભક્તમાળ ૨
ઘડી ચપકો ... ... ૪॥
ભુલભુલામણી ... ૪
જીલુ ગોરાણી ... ૪
ટુચકા સંગ્રહ ... ૩॥
રમુજી ફકરા સંગ્રહ ... ૩॥
અક્કલના સમુદર ... ૩॥
ગુલીસ્તાનનું ગુલ ... ૫

તરૂણ તપસ્વીની ભા. ૧–૨ ૬॥
કલાપીનો કેકારવ ... ૫।
શ્રીધર્મ ગીતા ... ૨॥
મહેન્દ્રમુક્તા ઉર્ફે ...
પ્રેમજ્વાળા ... ૨॥
મહારાજ લાઇબલ કેસ... ૨॥
કીશોરસિંહ ભાગ ૧ થી ૩ ૮॥
મહાકાળીની મૂર્તિ ... ૪।
શીવાજીનો વાઘનખ ...
મીસરની મહારાણી ... ૨
વિચીત્ર જગત ભા. ૧-૨ ૬
ધી ન્યુ ફોનોગ્રાફ ગાયન માળા ભાગ ૧–૮ ૨॥
વિચાર સાગર ... ૫
પાકશાસ્ત્ર મોટું ... ૩
ચાર યોગી... ... ૧
નાગમતિ ઇતિહાસીક... ૧
રાજર્ષિ ભર્તૃહરી ... ૦॥
સતિ પર સિતમ ... ૦॥
ભજન સાગર ... ૦॥
ગુજરાતી ગાયન માળા ભાગ ૧ થી ૫ ... ૧॥

| | | | |
|---|---|---|---|
| એક પથ્થરના પ્રતાપ ... | ૪ | ખ્યાલ સાગર ભા. ૧–૨ | ૦॥ |
| કુમીકલાંટ ... ... | ૨॥ | ગુજરાતી ગઝલ સાગર... | ૦॥ |
| ધણી કે ઢોર... ... | ૨॥ | સદગુણી શશીકળા ... | ૦।= |
| લફંગો લલજી ... | ૨॥ | કમનસીબ કાન્તા ... | ૦।= |
| ખાનદાની ખૂની ... | ૩ | ગાંધી ગીતા ... | ૦॥ |
| જમશેદની જેહમતો ... | ૨॥ | કૃષ્ણસિંહ ... ... | ૦॥= |
| મુંબઈથી કાશ્મીર ... | ૩॥ | મ્હારૂં સ્વપ્નું ... | ૦॥= |
| દુનિયા કે દોજખ ... | ૪ | કમનસીબ કમળા ... | ૦। |
| તારાબાઈ ... ... | ૭ | કુલીનની કન્યા ... | ૦। |
| કુબીરવાણી ... ... | ૩। | આધુનિક અંધશ્રદ્ધા ... | ૦। |
| સિપાહી બચ્ચાની સજની | | બાઈડીઓની વાતમાં | |
| એક વારતા ... | ૨॥ | તમે શું જાણો ... | ૦)= |
| બેદીલ કે બેવફા ... | ૩॥ | કલિ કૌતક હાસ્ય રસનો | |
| વિચારી વનીતા ... | ૧૦ | હોઝ ભાગ ૧–૨ ... | ૧ |
| દુઃખી દીના ... ... | ૩ | મડા પચીશીની વાર્તા | ૦॥। |
| હકદારનો હક ... | ૩ | કુંદન મણી ... | ૦। |
| બુલબુલ ... ... | ૩ | અનંગ મોહીની ... | ૦॥। |
| સોનારણ ... ... | ૩ | બહારે વસંત ... | ૦।= |
| મોટે ઘરની માણેક ... | ૩ | ચાંદબીબી (સચિત્ર) ... | ૧॥ |
| દાદીશેઠનો દીકરો ... | ૩ | અબળાની આત્મકથાઓ | ૨॥ |
| બીલોરનો બુચ ... | ૩ | રાક્ષસોની રતીક્રીડા ... | ૨॥ |
| અથંગ ઉદાઉગીર ભા. ૧–૨ | ૪॥ | કાશ્મીર કે કેશરી ... | ૧॥ |

ગંધાતો ગુલાબ ... ૩।।
મુશ્કીલ આફત ... ૪
મુફતવાલો અને સેતાનનો
હવાલો ... ... ૩
આફતાપર કોપતું ... ૭
ખેમાન સંગ્રહ ... ૫
ગુલઝાર ... ... ૩
બાંડો સાપ ... ... ૫
બોસ્તાનનું બુલબુલ ... ૫
ગોરૂં વિલાયત ... ૫
નખરાબાજ નસીબ ... ૪
માફી ચવીત્રી ... ૪
ગુલવાડીનું ગુલાબ ... ૪
મહોબત કે મુસીબત ... ૪।।
પરસ્તાન ને પાગલ ... ૨
ફતુહુલ ઇસ્લામ
ભાગ ૧ થી ૮ ... ૧૫
શાહજહાનનાં છેલ્લા દિવસો ૩
મનસુર મોહના ... ૨।।
પેશાવરની પદ્મિની ... ૨
રસિક લલીતા ... ૨

ન્યાયના ખુનમાં નીતિ ૨।।
સંસાર કે નરકાગાર ... ૧।।
મહુમાલતી ભાગ ૧–૨ ૪
ગેબી ખુન ... ... ૨।।
વસંત વિજય ભા.૧થી૪ ૧૨।
કામરૂદેશની કુટીલકામિની ૨
પીશાચની કે પ્રેમદા ... ૧।।
ભેદક ખુન ... ... ૧।।।
પદ્મલતા ... ... ૩
ભયંકર પ્રાયશ્ચિત ... ૨
કુતરો કે કાળ ... ૨।।
અંગના કે દેવાંગના ... ૧।।।
ભવાનીનો ભોગ
ભાગ ૧–૨ ... ૩।।
મહારાજા પ્રતાપાદિત્ય... ૨
મૃગલોચની ભાગ ૧થી૧૦ ૨૨।।
કુંદન કુસુમ ભા. ૧ થી ૮ ૧૦
કબીર કાવ્ય ... ૩।
ભેદી ખજાનો ... ૨।।
ચુડલનો ચમત્કાર ... ૩
બહાદુર બાળા ... ૩

નવલગંગા ભા. ૧-૨ ... ૩॥

નીરંજની અથવા વરઘેલી વનિતા ... ... ૩

કાવ્યસરિતા ... ... ૩

રણજીત અને કુસુમ ... ૨

લલિતપ્રભા ... ... ૨

૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન ... ૧॥

અનારકલી અથવા અપરાધી અકબર ... ૪

ગંગા એક ગુર્જર વાર્તા ૨

હલદીઘાટનું યુદ્ધ ... ૧।

વીલક્ષણ વેર ... ૨॥

સતમ સેતાન ભા. ૧-૩ ૭॥

અંધકારપર પ્રકાશ ... ૨॥

સૌંદર્ય જ્વાળા ભા. ૧-૨ ૩॥

ભાગ્યદેવીની ભયંકરતા ૧॥

ભક્તાણી કે ભામટી ... ૧॥

મધુર મધુરી ... ૨

અકબર રાજ્ય રહસ્ય ભાગ ૧-૨ ... ૩॥।

ગુલસાના ... ૧॥

ભાગ્યચક્રનો મહામંત્ર... ૨॥

કાળી રાત્રીનું ખૂની ખંજર ભાગ ૧-૨ ... ૬

પંદર લાખ પર પાણી... ૧॥

કુસુમ કાંત ભા. ૧-૨.. ૬॥

બેગમ મહાલ ભા. ૧-૨ ૪

રણઘેલારજપુતો ભા. ૧-૨ ૫॥

નીતિ દર્પણ ... ૨॥

રાણી વૃજસુંદરી ... ૨॥

સંસાર સેત્રંજ ભા. ૧થી૪ ૫

બેરીસ્ટરની બૈરી ... ૨।

સન્મીત્ર કે સેતાન ... ૧।

કુમુદકુમારી ... ૩

ગુજરાતની જુની વાર્તાઓ ઘેલી કુસુમ ... ૨॥

મુરાદેવી ભા. ૧ થી ૩... ૬

સચિત્ર ગુલબદન ... ૩

,, શીરાજ દોલા... ૩॥

,, નજીર નોવેલ ... ૦॥।

,, ડો. ફુલ સાહેબ ૩॥।

,, સુરતીલાલ ... ૧॥

વિશ્વ મોહીની ભા. ૧-૪ ૭

| | | | |
|---|---|---|---|
| સત્તરમી સદીનું ફ્રાન્સ... | ૨॥ા= | ડુબતું વહાણુ ... | ૪ |
| રત્નમંજરી ... | ૨ા | ગૃહસ્થાશ્રમ ... | ૨॥ |
| માયાવી મોહીની ... | ૩ | મુળરાજ સોલંકી ... | ૩ |
| વિવેકવિલાસ ... | ૩ | ભુવન મોહિની ... | ૨ા |
| અદ્‌ભુત લુટારા ભા.૧-૨ | ૩॥ | મુગ્ધા મીનાક્ષી ... | ૩ા |
| ચમત્કારી ગુફા ભા. ૧-૨ | ૫॥ા | ઇંગ્લીશ ટીચર ... | ૧॥ |
| સંસાર દર્શન ... | ૩ | રાજ ભાષા ... | ૧॥ |
| મણીકાન્ત કાવ્યમાળા... | ૩ | કોરેસપૉન્ડન્સ ... | ૧॥ |
| પંચાશરનો જયશીખરી | | એકાદશ સ્કંધ ... | ૧ |
| ભાગ ૧-૨ ... | ૫ | લેટર રાઈટર ... | ૧॥ |
| નૌકા ડુબી ... | ૩॥ | અનસુયા નાટક ... | ૨ |
| રાજા ભોજ ને કવી કાલીદાસ | ૪ | સુકન્યા સાવિત્રી ... | ૨॥ |
| અવનર કાવ્ય ... | ૩॥ | મુંબઇની શેઠાણી ... | ૩ |
| કેશવ કૃતિ ... | ૨॥ા | રત્નાગઢની રંભા ... | ૨॥ |
| યોગવશિષ્ટ ભા. ૧-૨... | ૧૦ | હુન્નર સંગ્રહ ... | ૨॥ |
| મુર્ખો ... | ૦॥= | એમ. એ. બના કે ... | ૨॥ |
| ચતુરસીંગ ... | ૦॥ | વિલાયતિ વિલાસમાં | |
| ઘાશીરામ કોટવાલ ... | ૦॥ા | ફેશનબાઇ ખલાસ... | ૨॥ |
| શાહજાદો ને ભીખારી... | ૨ | સાધુ કે શયતાન ... | ૨॥ |
| જનાનખાનાની બીબીઓ | ૨ | ચુડેલનો વાંસો ... | ૪ |
| પાટણની પ્રભુતા ... | ૨॥ | જુલમી જાલમ ... | ૩ |

| | |
|---|---|
| રજીઆ બેગમ ... | ૧॥ |
| બાદશાહ બાબર ... | ૪॥ |
| ચક્રવર્તિ હમીર ... | ૩॥ |
| કરૂણા કુમારી ... | ૩॥ |
| ગોહીલ વીર હમીરજી ... | ૨॥ |
| દક્ષિણનો વાઘ ... | ૩ |
| વીર અને વીરપુજા ... | ૩ |
| સોનેરી શીર ... | ૨॥ |
| રસ મંદીર ... | ૩॥ |
| રીચમંડ વિલાનો વારસ... | ૨॥ |
| બુલબુલ ... | ૩॥ |
| પ્રેમ પીંજર કે ખુની ખંજર | ૨॥ |
| કલંદરની કટાર ભા. ૧-૨ | ૯ |
| ઝેરી જમાનો ભા. ૧-૫ | ૧૧ |
| પ્રેમની ખુમારી ભા. ૧-૨ | ૬ |
| બંસરી બાલા ... | ૩ |
| કુસુમ કુમારી ... | ૧॥ |
| મડમ કે મધુરી ... | ૨॥ |
| કબીર કાવ્ય ... | ૩। |
| ઝાંસીની રાણી ... | ૩ |
| રતિસુંદરી ... | ૨॥ |
| શ્રીમતી વિજયા ... | ૩ |
| શ્રીધરી ગીતા ... | ૧॥ |
| પંચરત્ન ગીતા ... | ૨॥ |
| ગટુલાલજીની ગીતા ... | ૧। |
| મુંબઇના તોલમાપ ... | ૪ |
| ભાગવત મોટું ... | ૧૦॥ |
| સ્વરાજ્યનો પંથ ... | ૧॥ |
| મધુરાણી ... | ૩॥ |
| ભજનસાગર મોટું ... | ૩ |
| સરસ્વતી ... | ૧॥ |
| શેરલોક હોમ્સનાં સાહસકર્મો (ડીટેકટીવ) | ૨ |
| મૃગલોચની ભાગ ૧ લો | ૦॥≈ |
| દુરગાદાસ રાઠોડ (ઐતિહાસીક) ... | ૧॥। |
| પ્રમાદ્ધનની પ્રભુતા સચિત્ર | ૩॥। |
| રાજારામ કૃષ્ણ સચિત્ર... | ૩। |
| ચમત્કારી ખૂન (ડીટેકટીવ) | ૨। |
| આગ્રાનો ખજાનો ... | ૨। |
| પ્રેમની ખુમારી (સચિત્ર) ભાગ ૧–૨ ... | ૬ |

| | | | |
|---|---|---|---|
| મોરા ભાગ ૧–૨ ... | ૬ | ગુજરાતનો નાથ ... | ૫ |
| પૃથુરાજ ચહુઆણ ... | ૩ | સતિધર્મ પતિસેવા ... | ૨।। |
| પતિવ્રતા સતિઓ ... | ૩।। | દેવી ખડગ (ઇતિહાસીક) | ૪ |

## કાચા પુઠાના પુસ્તકો.

| | | | |
|---|---|---|---|
| પરાક્રમી લાખો ફુલાણી | ૦।= | હરીશ્ચંદ્ર ... | ૦।।। |
| સદેવંત સાવલીંગા વાર્તા | ૦।– | માન મુસાફરી ... | ૦।। |
| ગજરામારૂની વાર્તા ... | ૦।– | જાદુકળા ... | ૦।।। |
| સુંદર કામદારની વાર્તા. | ૦।– | જાદુકપટ ... | ૦।। |
| હોથલ પદમણી વાર્તા... | ૦।= | કેન બાજી ... | ૦। |
| ઢોલામારૂની વાર્તા ... | ૦।= | ચતુરસીંગ ઠગારો ભા. ૧-૪ | ૧। |
| અક્કલનો ઓથમીર ... | ૦। | ભવાઇનો ભોમીયો ... | ૧।।। |
| રાજેશ્રી ભર્તુહરી ... | ૦।। | યુસુફ દીલઆરા ... | ૦।।। |
| રાણકદેવી રાખેંગાર ... | ૦।≡ | કામકળા અને કામરૂપ વા. | ૦।।≡ |
| હાલામણ જેઠવો ... | ૦।– | કીશોર કુમાર ... | ૦।≡ |
| સમાજ એક નવલકથા | ૦।।। | ભાગ ૧ થી ૪ ... | ૦।।।= |
| પાતાલની પ્રેમદા ... | ૧। | હાતમતાઇ કીસ્સો ... | ૧। |
| હદીયુરલ મુસલેમેન ... | ૦।≡ | ચાર દરવેશ ... | ૦।।= |
| નીર્ભાગી નીર્મળા ... | ... | મલેકમહમદ ગેતીઅરો | ૦।। |
| ગુજરાતી ગઝલસાગર... | ૦।= | વીલાસ સુંદરી ભા. ૧-૮ | ૩।। |
| ગુજરાતી ગાયનમાળા... | ૦।– | બીરબલ અને બાદશાહ | ૦।।= |
| ગોપાળ તરંગ ... | ૦।≡ | ચંદ્રસેન વેણી પદમણી | ૦। |

| | | | |
|---|---|---|---|
| જમાનાનો જલસો ... | ૦॥≈ | મુરખો ... | ૦॥≈ |
| ફોનુગ્રામ ગાયન ભાગ ૧ થી ૮ સાથે ... | ૨॥ | સબ્જપરિ અને બહુરૂપી તેજસિંહ ભાગ ૧–૨ | ૦॥≈ |
| જોહેરા મહેઝીલ ... | ૦॥≈ | લાખો ફુલાણી ... | ૦।≈ |
| જેનુમહમદ હનીફનો કીસ્સો | ૦।– | સુંદર વીલાસ ... | ૦।– |

## ઉરદુ જબાન ગુજરાતી હુરૂફ.

| | | | |
|---|---|---|---|
| મજણુએ રાહદત્ત ... | ૦।≈ | કીસ્સા લૈલામજનુ ... | ૦। |
| તોફે કવ્વાલી ... | ૦॥ | બનામે ખુદા કમસીનબીબી ઉર્ફે માલતી કુંવર... | ૦।≈ |
| તસ્વીરેવફા બાહુદીકી લડકી | ૦॥ | | |
| ગુલજારે જન્નત ... | ૦॥≈ | જવાનબીબી ઉર્ફે રાજકુંવર | ૦≈ |
| બાપકા કાતીલ ... | ૦।≈ | જરૂરલ મુસ્લેમીન ... | ૦॥ |
| સચિત્ર વિશ્વમોહિની ભા.૫-૬ | ૪ | કામિની ચરિત્ર ... | ૦।≈ |
| ,, ,, ભાગ. ૬-૮ | ૪ | સ્ત્રીચરિત્ર ... | ૦।≈ |
| ,, વસંત વિહાર ... | ૩ | સંગીત લીલાવતી ... | ૦।≈ |
| ,, ભામિની કે ભૈરવી... | ૩ | સતી લીલાવતી ... | ૦।≈ |
| ,, મડમ કે મધુરી ... | ૨॥ | બીરબલ બાદશાહ ભાગ ૧–૪ ... | ૦॥। |
| ,, સ્ત્રીઓની રંગભુમી... | ૩ | | |
| ,, લાલન વણજારી ... | ૨ | મડાપચ્ચીશીની વાતો ... | ૦॥। |
| ,, પંજાબ રહસ્ય ... | ૧॥ | સુડાબ્હોતરીની વાતો... | ૦॥। |
| ,, વ્યાસની ગીતા ... | ૧॥ | સોન કંસારી અને રાખા પત બાબરીઓ | ૦॥ |
| ,, સુંદરી સૌભાગ્યસર્વસ્વ | ૩ | | |

| | | | |
|---|---|---|---|
| સતિધર્મ. પતિસેવા ... | ૨॥ | સતિ ઉજળી અને | |
| શ્રીમદ્ ભગવદ્ ગીતા ... | ૦।≈ | મેહ જેઠવો ... | ૦।≈ |
| સંતોની ભજનમાલા ... | ૦॥। | માંગળા વાડાની ... | ૦॥ |
| ભજન ભંડાર ... | ૦॥≈ | રાજબાલા ... | ૦॥ |
| પારસમણી ... | ૦।≈ | શહાજહાંન શાહ પરી... | ૦। |
| શ્રીકૃષ્ણ ભજનસાગર ... | ૦॥ | હાજી મંગરોલીનો કીસ્સો | ૦। |

આ સિવાય બીજા પુસ્તકો માટે તથા વધુ ખુલાસા સારૂ નીચેને સરનામે રૂબરૂ મળવું અથવા પત્રવ્યવહાર કરવો.

ઠા૦ **વીઠુલદાસ હરજીવનદાસ બુકસેલર,**
જકરીયા મસીદ, મુંબાઈ, ૩.

—:o:—

# મહેરૂન્નીસા

અથવા

# દુઃખી બાળા.

---

મહેરૂન્નીસા નામની એક દુઃખી બાળા પોતાના શિયળને બચાવવા કેવા સંકટો વેઠે છે, અને છેવટે તેના સુખનો અરૂણોદય કેવી રીતે થાય છે, તે તમે આ પુસ્તક થકી જાણી શકશો.

કીંમત માત્ર ચાર આના.

આજેજ લખો.

ઠા૦ વીઠ્ઠલદાસ હરજીવનદાસ

બુકસેલર, જકરીયા મસીદ,

મુંબઇ, ૩.

---

☞ ચાલુ વાર્તાના પાના ૧થી ૫૦ "આલમ અફ્રોઝ" છાપખાનામાં તથા બાકીના ૫૧થી ૧૩૦ અને પ્રથમ ૪ પેજ શ્રી "સરસ્વતી" છાપખાનામાં છાપ્યા છે.